સુવિચાર

ઘા અને વાહ વચ્ચે થી
જે નીકળી જાય તે જ
આ પૃથ્વી પરના રંગમંચનો
શ્રેષ્ઠ કલાકાર.

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૫-૨-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૯૭

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

# અબતક ®

સાંધ્ય દૈનિક

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




# કલ્પસરનું "સપનું" સાકાર થશે તો સૌરાષ્ટ્ર માટે "કલ્પવૃક્ષ"

## સૌરાષ્ટ્રના પાણી પ્રશ્નને કાયમી ભૂતકાળ બનાવવા 'કલ્પસર' યોજના ખુબ જ મહત્વપૂર્ણ અઢી દાયકાથી ફાઈલોમાં અટવાયેલો આ પ્રોજેકટ સાકાર કરવા રાજકીય ઈચ્છા શકિતની જરૂરિયાત

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારે 'સૌની' યોજનદા અંતર્ગત નર્મદાના નીર સૌરાષ્ટ્ર સહિત રાજ્યના દરેક પૂણે પહોચાડી એક ભગીરથ કાર્ય કર્યુ છે તેમા શંકાને રતિભાર પણ સ્થાન નથી. પરંતુ જો 'કલ્પસર' યોજનાનું સપનું અને કલ્પના સાકાર થાય તો સૌરાષ્ટ્ર માટે આ યોજના કલ્પવૃક્ષ સમાન બની શકે છે. ઉંધી રકાબી જેવો ભૌગોલિક વિસ્તાર ધરાવતા સૌરાષ્ટ્રના રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી અને જામનગર જિલ્લા માટે તો આ યોજના સોનાની ખાણ સાબિત થઈ શકે છે. દક્ષિણ ગુજરાતથી મુંબઈ વચ્ચેનું જોડાણ વધુ મજબુત બની શકે

**હાલ નર્મદાના નીર સૌરાષ્ટ્રના ગામડે ગામડે પહોચ્યા છે પરંતુ તેની કોસ્ટ ખૂબ જ ઉંચી આવે છેઃ ઉંધી રકાબી જેવા સૌરાષ્ટ્રના અનેક વિસ્તારો માટે 'કલ્પસર' યોજના આશિર્વાદરૂપ બનશે**




તેમ છે. સાથો સાથ આ યોજનાથી પોર્ટનો વિકાસ વેગવાન બની શકે છે. આશરે અઢી દાયકાથી પણ વધુ સમયથી આ મહત્વકાંક્ષી યોજના ફાઈલોમાં અટકાવેલી છે. હવે કલ્પવૃક્ષ સમી યોજના સાકાર થાય તેવી 'આશા' એ જાણે આંખ ખોલી હોય તેવું લાગી રહ્યું છે.

કલ્પસર યોજના એટલે ભાવનગર પાસે ઘોઘા અને ખંભાતના અખાતની વચ્ચેના દરિયાઈ વિસ્તાર પર ૩૦ કી.મી. વિસ્તારમાં બંધ બાંધવાની આ યોજના છે જેમાં ૧૦ બિલિયન કયુબીક મીટર પાણીનો સંગ્રહ કરવાનો આ મહત્વપૂર્ણ યોજના છે. આ ડેમમાંથી વીજ ઉત્પાદન, જળ વિધુત, સિંચાઈ માટે ઔદ્યોગિક વિસ્તારને અને અનેક જિલ્લાને પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવનાર છે. આ યોજના સૌરાષ્ટ્ર માટે ખરેખર કલ્પવૃક્ષ સમી છે. પરંતુ રાજ્યનાં છ છ મુખ્યમંત્રીઓ (અનુ. આઠમા પાને)

### રાજય-કેન્દ્રની મંજુરી મળ્યા બાદ આઠ વર્ષમાં પ્રોજેકટ પુરો કરવાનો નિર્ધાર

'કલ્પસર' યોજના અંગે વિધાનસભાના બજેટ સત્રમાં પૂછાયેલા સવાલના જવાબમાં રાજય સરકારના મંત્રીએ એવું કહું હતુ કે રાજય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની મંજુરી મળ્યાબાદ આ યોજના આઠ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે જોકે સૌરાષ્ટ્ર માટે કલ્પવૃક્ષ સમી આ યોજના છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ફાઈલોમાં અટવાયેલી છે. હાલ રાજય અને કેન્દ્રમાં ભાજપની સરકાર છે. સંકલ્પ થકી કલ્પસર યોજનાને મંજુરી આપવામાં આવે તો રાજયના કાયાપલ્ટ સમી આ યોજના ૧૦ વર્ષમાં સાકાર બની શકે છે.

# વિકાસમાં 'હરણફાળ' ભરતું ભારત કન્ટેનરમાં 'વામણું'!

## કન્ટેનર ક્ષેત્રે ૯૭ ટકા હિસ્સા સાથે ચીનનું એકહથ્થુ શાસનઃ ભારત કન્ટેનર ક્ષેત્રે આત્મનિર્ભર બનવા પ્રયત્નશીલ, પણ ચીનની સામે ટકવું હાલ અશક્ય જેવું

### કિંમતમાં તફાવત જ છે સૌથી મોટી અડચણ

ભારત અને ચીન વચ્ચે કન્ટેનરના ઉત્પાદન ખર્ચમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળી રહ્યો છે. અહેવાલો મુજબ, હાલમાં ચીન એક સ્ટાન્ડર્ડ કન્ટેનર સરેરાશ ૧૬૦૦ ડોલર (લગભગ ૧.૩૪ લાખ રૂપિયા) ના ખર્ચે બનાવે છે. તેની સરખામણીમાં ભારતમાં સમાન કન્ટેનર બનાવવાનો ખર્ચ આશરે ૨૩૦૦ ડોલર (લગભગ ૧.૯૩ લાખ રૂપિયા) ની આસપાસ આવે છે. આ ૭૦૦ ડોલર (આશરે ૫૮,૦૦૦ રૂપિયા) નો ખર્ચ-તફાવત જ ભારત માટે સ્પર્ધામાં સૌથી મોટો અવરોધ છે.

### કિંમતમાં ચીન કેમ આગળ છે અને ભારતે શું કરવું પડશે?

ચીન આ ઉદ્યોગમાં પહેલેથી જ પ્રસ્થાપિત છે. તેમની પાસે કાચા માલની સરળ અને સસ્તી ઉપલબ્ધતા, માસ પ્રોડક્શન કરવાની ક્ષમતા, સસ્તી મજૂરી અને સરકારની મજબૂત સબસિડી નીતિઓ છે. બીજી તરફ, ભારતે જો વૈશ્વિક સ્તરે ચીનને માત આપવી હોય તો લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવો, કાચા માલ પરની નિર્ભરતા દૂર કરવી અને સરકારી સહાય થકી ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા પડશે.

### મુખ્ય પડકારઃ 'કોર્ટેન સ્ટીલ'ની અછત

શિપિંગ કન્ટેનર્સ સામાન્ય સ્ટીલમાંથી નથી બનતા, તેના માટે ખાસ પ્રકારના 'કોર્ટેન સ્ટીલ' (વેધરિંગ સ્ટીલ) ની જરૂર પડે છે, જે દરિયાની ખારાશ અને કાટ સામે રક્ષણ આપે છે. ચીનમાં આ સ્ટીલ વિપુલ પ્રમાણમાં અને સસ્તા દરે ઉપલબ્ધ છે. જ્યારે ભારતમાં તેનું ઉત્પાદન મર્યાદિત હોવાથી કાચા માલનો ખર્ચ વધી જાય છે, જે સીધી રીતે કન્ટેનરની કિંમત વધારે છે. સ્ટીલ કંપનીઓએ પણ આ ઉદ્યોગને ટેકો આપવા આગળ આવવું પડશે.

### ઉદ્યોગકારોની માંગઃ સરકાર પીએલઆઈ સ્કીમ લાગુ કરે

સ્થાનિક ઉત્પાદકોનું માનવું છે કે જ્યાં સુધી પ્રોડક્શન મોટા પાયે ન થાય ત્યાં સુધી ચીન સાથે કિંમતમાં સ્પર્ધા અશક્ય છે. આ પ્રારંભિક તબક્કામાં ટકી રહેવા માટે ઉદ્યોગ જગત સરકાર પાસે કન્ટેનર મેન્યુફેક્ચરિંગ માટે ખાસ 'પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ' સ્કીમની માંગ કરી રહ્યું છે. જો સરકાર સબસિડી કે ટેક્સમાં રાહત આપે, તો ભાવનો આ તફાવત ચોક્કસથી ઘટાડી શકાય તેમ છે.

**અબતક, નવી દિલ્હી**

આંતરરાષ્ટ્રીય સ્તરે સમુદ્રી માર્ગે થતા મોટાભાગના વ્યાપારમાં માલસામાનની હેરફેર સ્ટીલના શિપિંગ કન્ટેનર્સમાં થાય છે. છેલ્લા ઘણા દાયકાઓથી આ શાંત પરંતુ અત્યંત મહત્વપૂર્ણ ઉદ્યોગ પર ચીનનો દબદબો રહ્યો છે. કન્ટેનર ક્ષેત્રમાં ૯૭ ટકા હિસ્સો એકલા ચીનનો છે. જોકે, હવે ભારત પણ આ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટે મજબૂત પ્રયાસો કરી રહ્યું છે, પરંતુ તેમાં ચીનની સ્પર્ધાત્મક કિંમતો રૂપી 'ધ ગ્રેટ વોલ' સૌથી મોટો પડકાર બનીને ઊભી છે. (અનુ. આઠમા પાને)

**નિકાસ વધારવા અને નિકાસકારોને સરળતા રહે તે માટે કન્ટેનર ક્ષેત્રે ભારતે વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જ પડશે**


'પીળું' એટલું સોનું નહિ!

# ૩૦ ટકા ભાવ ઘટાડાને કારણે યુવાનોમાં હીરાનું "આકર્ષણ" વધ્યું!

## અગાઉ જે હીરા માત્ર ધનિકો પૂરતા સીમિત મનાતા હતા, તે યુવા પેઢી માટે સોનાની જગ્યાએ "આકર્ષણ" ઉભું કર્યું

**અબતક, નવી દિલ્હી**

ભારતના જ્વેલરી માર્કેટમાં એક નવો અને આકર્ષક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. સોલિટેર ડાયમંડ (સિંગલ મોટા હીરાવાળી જ્વેલરી) ની કિંમતોમાં અંદાજે ૩૦% જેટલો જંગી ઘટાડો નોંધાતા યુવા વર્ગમાં તેનું આકર્ષણ અને માંગ આસમાને પહોંચ્યા છે. અગાઉ જે સોલિટેર માત્ર ધનિકો પૂરતા સીમિત મનાતા હતા અથવા તો ખૂબ મોંઘા હોવાને કારણે સામાન્ય ખરીદદારોની પહોંચથી બહાર હતા, તે હવે યુવા પેઢી માટે આસાનીથી ઉપલબ્ધ અને આકર્ષક વિકલ્પ બની ગયા છે.



હીરા બજારના નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે માંગમાં થયેલો ફેરફાર અને સપ્લાય ચેઈનમાં આવેલા બદલાવને કારણે નેચરલ સોલિટેરના ભાવમાં આ મોટો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને છેલ્લા કેટલાક સમયથી લેબગ્રોન ડાયમંડ ના વધતા ચલણ અને અમેરિકા-ચીન જેવા મોટા બજારોની વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓએ પણ નેચરલ હીરાના ભાવને નીચે લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

આ ઐતિહાસિક ભાવ ઘટાડાનો સીધો ફાયદો મિલેનિયલ્સ અને જનરેશન-ઝેડ ઉઠાવી રહ્યા છે. યુવાનો હવે પરંપરાગત અને ભારે સોનાના દાગીનાઓ ખરીદવાને બદલે સિંગલ ડાયમંડ એટલે કે સોલિટેર રિંગ્સ, પેન્ડન્ટ અને ઈયરરિંગ્સ પર વધુ પસંદગી ઉતારી રહ્યા છે. લગ્ન અને સગાઈ જેવા પ્રસંગો માટે પણ હવે મોટાભાગના યુગલો સોલિટેર રિંગને જ પોતાની પહેલી પસંદ બનાવી રહ્યા છે.

ભારતના અગ્રણી ઝવેરીઓ અને રિટેલર્સ પણ આ ટ્રેન્ડને સમર્થન આપી રહ્યા છે. શોરૂમ્સમાં સોલિટેર ખરીદવા આવતા ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. અગાઉના વર્ષોની સરખામણીમાં આ વર્ષે ૦.૫૦ કેરેટથી લઈને ૧ કેરેટ અને તેથી વધુ વજનના હીરાની માંગમાં અભૂતપૂર્વ વધારો થયો છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે યુવા ગ્રાહકોની જ્વેલરી ખરીદવાની માનસિકતા ઝડપથી બદલાઈ રહી છે.

આગામી સમયમાં પણ આ ટ્રેન્ડ યથાવત રહેવાની પૂરી સંભાવના છે. ખાસ કરીને (અનુ. આઠમા પાને)

### સોલિટેરના ભાવ કેમ તૂટ્યા?

**વૈશ્વિક પરિબળોઃ** અમેરિકા અને ચીન જેવા ડાયમંડના સૌથી મોટા બજારોમાં આર્થિક ધીમાશના કારણે માંગમાં ઘટાડો નોંધાયો છે.

**લેબ-ગ્રોન ડાયમંડની સ્પર્ધાઃ** લેબમાં બનતા હીરાની કિંમત ઘણી ઓછી હોવાથી અને તે અસલ હીરા જેવા જ દેખાતા હોવાથી, તેની વધતી લોકપ્રિયતાએ નેચરલ હીરાની કિંમતો પર દબાણ વધાર્યું છે.

**સપ્લાય અને ડિમાન્ડઃ** માર્કેટમાં સપ્લાય વધુ અને આંતરરાષ્ટ્રીય ડિમાન્ડ ઓછી હોવાથી કિંમતો ૩૦% જેટલી નીચે આવી ગઈ છે.

### મિનિમલિસ્ટિક ડિઝાઈન યુવાનોની પહેલી પસંદ

**રોજિંદા ઉપયોગ માટે અનુકૂળઃ** આજના યુવાનોને ભારેખમ દાગીનાને બદલે રોજિંદા જીવનમાં અને ઓફિસમાં પહેરી શકાય તેવી 'મિનિમલ અને કલાસી' ડિઝાઈન વધુ પસંદ પડે છે.

**સ્ટેટસ અને લાઈફસ્ટાઈલઃ** સોલિટેર ડાયમંડ એક સ્ટેટમેન્ટ પીસ હોવાથી યુવાનો તેને માત્ર રોકાણ તરીકે જોવાને બદલે એક લાઈફસ્ટાઈલ સિમ્બોલ અને ફેશન સ્ટેટમેન્ટ તરીકે વધુ સ્વીકારી રહ્યા છે.

**બજેટ ફ્રેન્ડલીઃ** ભાવ ઘટવાને કારણે હવે સારી સાઈઝનો હીરો બજેટમાં આવી જતો હોવાથી યુવાનો સોના કરતા સોલિટેરને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે.

# દિલ્હીમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના વકીલની કાર પર ચાર રાઉન્ડ ફાયરિંગઃ એક ઘાયલ

## રાત્રિના દસ વાગ્યાં આસપાસ કાશ્મીરી ગેટ નજીક ભડાકા ઘટના સીસીટીવીમાં કેદ, પોલિસ તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

દિલ્હીના કાશ્મીરી ગેટ વિસ્તારમાં એક સનસનીખેજ ઘટના સામે આવી છે. અહીં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના વકીલની કાર પર ફાયરિંગ થયું છે. પ્રાથમિક વિગતો અનુસાર કુલ ૪ રાઉન્ડ ફાયરિંગ થયું છે. દિલ્હી પોલીસને રાત્રે ૧૦ વાગ્યાના સુમારે ફાયરિંગની સૂચના મળી હતી. ઘટનાની જે તસવીર સામે આવી છે, તેમાં કાર પાછળનો કાચ તૂટી ગયેલો દેખાઈ રહ્યો છે.

ઘટના સ્થળે પહોંચેલી દિલ્હી પોલીસે જણાવ્યું છે કે, કાશ્મીરી ગેટ ક્ષેત્રમાં પાંચ લોકોને લઈને જઈ રહેલી કાર પર ફાયરિંગ થયું છે, જેમાંથી એક વ્યક્તિ ઘાયલ થયો છે. ગાડીમાં સવાર લોકોમાંથી એક વકીલ છે, જે લોરેન્સ બિશ્નોઈની કાયદાકીય ટીમનો હિસ્સો હોવાનો દાવો કરે છે.



ઘટના બાદ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી હુમલાખોરોને પકડવાની તજવીજ હાથધરી છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું નામ જોડાતા મામલાની ગંભીરતાને ધ્યાને રાખી દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સહિત ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તપાસ એજન્સીઓ એ એંગલ પણ ખંગાળી રહી છે કે ફાયરિંગ પાછળ લોરેન્સ બિશ્નોઈની વિરોધી ગેંગની ભૂમિકા છે કે પછી વકીલ કે સવાર લોકોના વ્યકિતગત દુશ્મનાવટનું પરિણામ છે.

કારમાં સવાર એક સાક્ષીએ જણાવ્યું કે, "જ્યારે પાછળની બારીનો કાચ તૂટ્યો ત્યારે અમને ખ્યાલ આવ્યો કે ગોળીબાર થઈ રહ્યો છે. મારા મિત્ર સંદીપને પીઠના ભાગે ગોળી વાગી છે. સંદીપને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. પીસીઆર વેન સમયસર પહોંચી જતા મોટી જાનહાનિ ટળી હતી.






### સોનાથી સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ સુધીની સફર

# સોનાની ચમકઃ ફેશન, ફાઈનાન્સ અને ફ્યુચર, ઓલ ટાઈમ ફેવરિટ

## ભારતમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ અને ઝારખંડના વિસ્તારોમાં સોનાની ખાણો આવેલી છેઃ ખાણની માટી ઉપર સાત પ્રક્રિયા કરીને તેમાંથી સોનું મેળવાય છેઃ ભારતીય ઘરોમાં અંદાજે ૨૫ હજાર ટનથી વધુ સોનું પડ્યું છે

સોનું..... ગોલ્ડ અંતિ મૂલ્યવાન ધાતું છે. છેલ્લા એક વર્ષમાં તેના ભાવમાં જબ્બર ઉછાળો જોવા મળ્યો છે, તેની સાથે ચાંદીએ પણ સ્પીડ પકડી છે. આદીકાળથી માનવી સોનાથી મોહિત થતો રહ્યો છે, કારણ કે સોનું કયારેય કાટ ખાતુ નથી કે બરડ થતું નથી. આજે તો સોનું એક આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર સ્થિર રાખે છે. સોનાના ભાવ ચડ ઉતર થતાં રહે છે. તે ધાતુ તરીકે, રોકાણ કે ધનનો સંચય કરવા વપરાય છે. સોનાનો ઉપયોગ મુખ્યત્વે ઘરેણા બનાવવામાં વધુ થાય છે. સોનું વજન દાર ચળકતી, નરમ પીળા કલર ધાતું છે. તે ખુબ જ નરમ હોવાથી કોઈપણ ઘાટમાં ઘડાય જાય છે.

પ્રાચિન કાળથી જ તેમનું મહત્વ રહ્યું છે. હાથમાં વીંટી, રાજાને માથે મુંગટ સાથે દેવી-દેવતાઓને આભૂષણ તરીકે ઉપયોગ થાય છે. ભારતના મંદિરોમાં ઢગલા મોઢે સોનુ પડેલ છે.સોનાની ખાણના પથ્થરોમાંથી સોનું માટીની વિવિધ પ્રક્રિયા કરીને તેમાંથી સરળતાથી સોનુ મેળવાય છે. કેનેડાની બેરિક ગોલ્ડ કંપની દુનિયામાં સૌથી વધુ સોનું કાઢે છે. વિવિધ કંપની ૧૦ મહત્વની પ્રોસેસ દેશોમાં સોનાનું ખનનનું કામ આ બારીક કંપની કરે છે. ૨૦૧૭ના એક જ વર્ષમાં ૧૦ ટન સોનું કાઢયું હતું,જેની બઝાર કિંમત અબજો રૂપિયા થાય છે.

દેવતાની મૂર્તિ કે આખું મંદિર સોને મઢેલાના અવશેષો પણ મળ્યા છે. એક જમાના હતો કે ભારતને સોનાની ચિડીયા કહેતા હતા. બાદમાં અંગ્રેજોએ આપણા ઉપર રાજ કરતાં ભારત દેશની હાલત કફોડી થઈ ગઈ હતી.

સોનાનો ઉપયોગ



છ હજાર વર્ષ પૂર્વેથી થાય છે.પ્રાચીન ઈજિપ્તમાં સોનાને ‘‘દેવોની ત્વચા‘‘ કહેવાતું હતું. ભારત વિશ્વનો સૌથી મોટો સોનાનો ઉપભોક્તા દેશ છે.

ભારતમાં કર્ણાટક રાજયમાં સોનાની ખાણો છે, જયાંથી સૌનું કાઢવામાં આવે છે. આ ઉપરાંત આંધ્ર પ્રદેશ, ઝારખંડના કેટલાક વિસ્તારોમાં સોનાની ખાણ આવેલી છે. સામાન્યતઃ જોઈએ તો આ ખાણમાંથી સોનુ પારા અને ચાંદી સાથે મળી આવે છે. ઝારખંડના ખુલ્લા મેદાનો તેમજ સોનાની ખાણમાં સોનું કઢાય છે. એક ટન જેટલી માટીમાંથી ૪ ગ્રામ સોનું નીકળે છે. આ સૌનું કાઢવાની પ્રક્રિયામાં અલગ અલગ છ પ્રક્રિયામાંથી પસાર કરાય છે બાદમાં સોનું તેમાં નીકળે છે કે મળે છે. ખાણની ધુળમાંથી સોનાની પ્રક્રિયામાં ચાર પ્રક્રિયા માણસો દ્વારા કરીને પછી પ્રોસેસ કે અન્ય મશીનની પ્રક્રિયાથી સોનું મેળવાય છે. ૫૦૦ મીટર ઊંડાઈએ જેટલી માટી ખોદી તેમાં તે કરાય છે. માટીનો પાવડર કરીને ભીના કપડા ઉપર [illegible] છે, તેને કારણે સોનાના કણ તેમાં ચોંટી જાય છે. ખુબ જ લાંબી પ્રક્રિયા બાદ થોડુ સોનું મળે છે. જો કે સોનાની ભાવની સતત વધઘટ થતી જ રહે છે. આર્જેન્ટિના અને ચિલી વચ્ચેનો પડેલ છે. ગોલ્ડ કંપની માટે આ વિસ્તાર ખનન કરવા પ્રથમ ક્રમે છે પણ ત્યાં ખનન કરવું ખૂબ કઠિન છે. લેટીન અમેરિકાના ગોલ્ડ બેલ્ટમાં ભરપુર માત્રામાં સોનું મળે છે. આજ પ્રમાણે વેલાડેરી ગોલ્ડ ખાણનું પણ છે. આર્જેન્ટિનાની બધી જ સોનાની ખાણોની અડધી અડધી ખનન કામગીરી આ બે કંપની જ કરે છે.



પર્યાવરણની ફરીયાદને લઈન ચિલીની એક ખાણ પ્રોજેકટ પર પ્રતિબંધ આવી ગયો હતો. સોનાને ઘણા દેશો તેને અનામત તરીકે પણ રાખે છે. ચીન ગોલ્ડ અનામત યાદીમાં ટોપ ફાઈવમાં છે, તો ભારત ૧૦ માં સ્થાન પર છે. વિશ્વમાં પ્રથમ ક્રમે અમેરિકા છે. સોનાની સૌથી વધુ અનામત ધરાવતા દેશો જોઈએ તો અમેરિકા, જર્મની, ઈટલી, ફ્રાંસ, ચીન, રશીયા, સ્વિટઝરલેન્ડ, જાપાન, નેપરલેન્ડ અને ભારત દુનિયામાં સૌથી વધુ સોનુ કાઢતી ખાણોમાં ‘મુરન્તો’ ઉઝબેકિસ્તાનની ખાણ છે. ખુલ્લા ખાડા જેવી આ ખાણ છે. અત્યાર સુધીમાં ૧૭૦૦ લાખ ઔંશ સોનુ આ ખાણમાંથી કઢાયું છે. ત્યારબાદ ઈન્ડોનેશિયાની ગ્રાસ બર્ગ, પ્યુબ્લોવિએજા છે. સાઉથ અમેરિકાની પાનકોચા, કાર્લિન ટ્રેડ ખાણ પણ બહુ જ મોટી છે. સમુદ્રીની સપાટી કરતાં ૪૦૦૦ મીટર ઉંચાઈએ છે. આફ્રિકામાં પણ પાંચ મોટી સોનાની ખાણ આવેલી છે. પાના, સુદાન, માલી જેવા દેશો આ ખાણના વ્યવસાયમાં જોડાયા છે. સોનું સમુધ્ધ પ્રાકૃતિક સંશાધન હોવાથી લોકોની આજીવિકા બદલી જાય છે. ઉતર પ્રદેશના સોનભદ્ર વિસ્તાર પથ્થર મોરંગ કે કોલસા માટે જાણીતો હતો હવે જિયોલોજીકલ સર્વે બાદ જાણવા મળ્યું કે અહિં અપાર સોનાનો ભંડાર છે. ૩ હજાર ટન જેટલું સોનું હોવાથી પુષ્ટિ કરી છે. આ સોનભદ્ર જીલો યુ.પી. નો ખનીજ સંપદાથી ભરપુર વિસ્તાર છે. સોનુ મુશ્કેલીના સમયે કામે આવે છે. દુનિયાથી સૌથી વધુ સોનું કાઢતી ઉઝબેકિસ્તાનની ’મુરન્તો’ સોનાની ખાણ છે. ૧૮૮૮ થી આફ્રિકા દેશ સોનાની ખાણ ખનન કામગીરીમાં જોડાયો હતો. આજે તે વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. સોનાની ખાણમાં કેટલાક દેશો તો સદીઓથી આ ખનનનું કામ કરે છે. જોહનીશબર્ગના બોક્સવર્ગ શહેરમાં મોટી ખાણો આવેલી છે.કેનેડા, પેરૂ, પાના, દક્ષિણ આફ્રિકા, મેકસિકો, બ્રાઝીલ જેવા દેશોમાં તેની ખાણોનો સમાવેશ થાય છે. વર્ષો પહેલા મેકેનાઝ ગોલ્ડ નામની અંગ્રેજી ફિલ્મ આવી હતી. સોના વિશે જાણવા જેવી રસપ્રદ વાતોમાં તેની રાસાયણિક સંકેત ઓ (ઓીળ - લેટિન) છે,અણુ ક્રમાંક ૭૯, ઘનતા ૧૯.૩ લ/ભળક (ખૂબ ભારે ધાતુ) અને તેનું ગલનબિંદુ ૧,૦૬૪ઓઈ છે. ભૌતિક ગુણધર્મોમાં સોનું એટલું નરમ છે કે તેને હાથથી વાળી શકાય, એક ગ્રામ સોનામાંથી બે કિમી લાંબો તાર બનાવી શકાય છે.એક ઔંસ (૨૮ ગ્રામ) સોનાને ૩૦૦ ચોરસ ફૂટ જેટલી પાતળી શીટ બનાવી શકાય અને તે ક્યારેય કરાતું નથી. સોનું બ્રહ્માંડમાં ન્યૂટ્રોન સ્ટારના ટકરાવથી બને છે પૃથ્વી પર જેટલું સોનું છે, તેટલાથી પૃથ્વીના કેન્દ્ર સુધી ૧.૫ ફૂટ જાડું આવરણ બની શકે એમ છે. દરિયાના પાણીમાં આશરે ૨૦ મિલિયન ટન સોનું ઓગળેલું છે. તેનો મુખ્યત્વે ઉપયોગ આભૂષણમાં ૫૦%, રોકાણમાં ૪૦%, ઉદ્યોગોમા ૧૦% અને ઈલેક્ટ્રોનિક્સ, દવા (કેન્સર સારવાર) અને અવકાશ ઉદ્યોગમાં ઉષ્ણતા પ્રતિરોધકમાં થાય છે. ભારતીય ઘરોમાં અંદાજે ૨૫ હજાર ટનથી વધુ સોનું છે. વિવાહ પ્રસંગે સોનું ખૂબ મહત્વ ધરાવે છે ભારત દર વર્ષે ૮૦૦-૯૦૦ ટન સોનું આયાત કરે છે અક્ષય તૃતીયા પર સૌથી વધુ સોનું ખરીદાય છે. તેની રોચક વાત જોઈએતો દુનિયાનું બધું સોનું ભેગું કરવામાં આવે, તો ૨૦ મીટર ઊંચો ઘન (ભીબય) બને, જે ઓલિમ્પિકના સ્વિમિંગ પૂલ જેટલો હોય.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**સોનાનો ‘ચળકાટ’ ઓલ ટાઈમ ફેવરીટ છે, તે એક અતિ મૂલ્યવાન ધાતું છે, આદી કાળથી માનવી સોનાથી મોહિત થતો આવ્યો છેઃ સોનું ક્યારેય કટાતું નથી કે બરડ થતું નથીઃ તે આજે આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે વિશ્વનાં અર્થતંત્રને સ્થિર રાખે છે**

# પરીક્ષા મૂલ્યાંકન કરી શકે, પરંતુ મૂલ્ય ન આંકી શકે !

## એક પરીક્ષાના પરિણામથી તમારો સમગ્ર જીવનપથ નક્કી થતો નથી

**ચિંતનની પાંખે**



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

ધોરણ દસ અને બાર - આ બે ધોરણો વિદ્યાર્થીઓના જીવનમાં મહત્વપૂર્ણ વળાંક તરીકે જોવામાં આવે છે. ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષાના સમયગાળામાં ભારે માનસિક દબાણ અનુભવે છે. પરંતુ એક વાત સ્પષ્ટ છે - પરીક્ષા જીવન નથી, પરંતુ જીવનનો એક તબક્કો છે. પરીક્ષા દબાણથી નહીં, પરંતુ શાંતિ, સંતુલન અને આત્મવિશ્વાસથી આપી શકાય છે. પરીક્ષા એ મેળવેલ જ્ઞાન અને કેળવેલ કૌશલ્યને ઉપયોગમાં લેવાનું માધ્યમ છે.



પરમાત્માએ આપણને ત્રણ સબળ સાધનો આપ્યા છેઃ હૈયું, મસ્તક ને હાથ. ત્યારે આપણે બીજું જોઈએ પણ શું ? પરીક્ષા કોઈ સાવજ દીપડો નથી કે તેનાથી ડરવાનું હોય ! આખું વર્ષ મહેનત કરીને તમે પરીક્ષા આપવા જઈ રહ્યા છો. તમારા માતા-પિતા,વાલી અને શિક્ષકો આ વાતના સાક્ષી છે.

સૌ પ્રથમ સમજવું જરૂરી છે કે પરીક્ષા તમારું મૂલ્યાંકન કરે છે, પરંતુ તમારું મૂલ્ય નક્કી કરતી નથી. તમે માત્ર ગુણાંક નથી; તમે વિચારો, સંવેદનાઓ, ક્ષમતાઓ અને સપનાઓ ધરાવતા વ્યક્તિ છો. એક પરીક્ષાના પરિણામથી તમારો સમગ્ર જીવનપથ નક્કી થતો નથી. ઈતિહાસ સાક્ષી છે કે ઘણા મહાન વૈજ્ઞાનિકો, લેખકો, ઉદ્યોગપતિઓ અને કલાકારો પરીક્ષામાં સર્વોચ્ચ ગુણ લાવનાર નહોતા, છતાં તેઓ જીવનમાં અસાધારણ રીતે સફળ થયા છે. વિદ્યાર્થીઓ પર દબાણ વધવાનું એક મુખ્ય કારણ છે અપેક્ષાઓ. ’સારા ગુણ લાવવાના જ છે’, ’આ છેલ્લી તક છે, નહીં તો ભવિષ્ય અંધકારમય બની જશે’ - આવી વાતો અજાણતાં જ વિદ્યાર્થીના મનમાં ભય પેદા કરે છે. પરંતુ હકીકત એ છે કે જીવનમાં માર્ગો અનેક છે. એક દરવાજો બંધ થાય તો અનેક નવા દરવાજા ખુલે છે.તમારું જીવન એક અધ્યાય નથી, પણ આખો ગ્રંથ છે. એક અધ્યાય થોડો નબળો હોય, તો આખું પુસ્તક ફેંકી દેવામાં આવતું નથી ને? તો પછી, એક પરીક્ષા ખરાબ જાય તો પોતાને જાતને નબળી કેમ માનવી ? તેથી પરિણામ જે પણ આવે, તે અંત નથી; તે તો એક શરૂઆત છે. પરીક્ષા સમયે શાંતિ રાખવી એ સૌથી મહત્વપૂર્ણ બાબત છે. તમે વર્ષભર જે મહેનત કરી છે, જે પાઠ ભણ્યા છો, જે પ્રશ્નો ઉકેલ્યા છે - તે બધું તમારી અંદર સંગ્રહિત છે જ ! પરીક્ષા હોલમાં બેસતાં જ બધું ભૂલી જવાનું નથી. ઊંડો શ્વાસ લો, પોતાને કહો - ’હું તૈયાર છું.’ આત્મવિશ્વાસ એ સૌથી મોટું હથિયાર છે.

યાદ રાખો, ભૂલ થવી સ્વાભાવિક છે. દરેક પ્રશ્નનો જવાબ ન આવડવો એ નિષ્ફળતા નથી. જે પ્રશ્ન આવડે તે શ્રેષ્ઠ રીતે લખો. એક પ્રશ્ન ખરાબ ગયો, એટલે સમગ્ર પરીક્ષા બગડી ગઈ - આવું માનવું ખોટું છે. ઘણી વાર વિદ્યાર્થીઓ એક પ્રશ્નને કારણે સમગ્ર પરીક્ષામાં આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. આવું ન થવા દો. આગળના પ્રશ્ન પર ધ્યાન આપો; દરેક પ્રશ્ન નવી તક છે. સમય વ્યવસ્થાપન પણ દબાણ ઘટાડે છે. પ્રશ્નપત્ર વાંચીને યોગ્ય યોજના બનાવો. સહેલા પ્રશ્નોથી શરૂઆત કરો. જે આવડે છે તે પહેલાં લખો. આ રીતે આત્મવિશ્વાસ વધતો જશે અને મન શાંત થતું જશે. પરીક્ષા દરમિયાન ઘડિયાળને શત્રુ નહીં, મિત્ર બનાવો. આ સમયે પરિવાર અને શિક્ષકો પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતા-પિતાએ સમજવું જોઈએ કે બાળકનું માનસિક સ્વાસ્થ્ય ગુણ કરતાં વધુ મૂલ્યવાન છે. તું અમારું ગૌરવ છો, પરિણામ જેવું પણ આવે ચિંતા કરીશ નહીં, મોજથી પરીક્ષા આપ.’ આવું આશ્વાસન વિદ્યાર્થી માટે ઔષધ સમાન છે. શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓમાં ભય નહીં, પરંતુ વિશ્વાસ જગાડવો જોઈએ. વિદ્યાર્થી મિત્રો, તમારી તુલના બીજાઓ સાથે ન કરો. દરેક વિદ્યાર્થી અલગ છે, તેની ક્ષમતા અલગ છે, તેની ગતિ અલગ છે. કોઈ ગણિતમાં તેજ છે, કોઈ ભાષામાં, કોઈ વિજ્ઞાનમાં, તો કોઈ કલામાં. પોતાને ઓળખો, પોતાને સ્વીકારો. તમે જેમ છો તેમ પૂરતા છો. આજના સમયમાં સોશિયલ મીડિયા પણ દબાણ વધારનાર એક કારણ બની રહ્યું છે. કોઈના માર્ક્સ, કોઈની તૈયારી, કોઈની સફળતા જોઈને પોતાને ઓછું ન આંકો. બહાર દેખાતી સફળતા પાછળ કેટલો સંઘર્ષ છે તે આપણે નથી જાણતા. પોતાની મુસાફરી પર ધ્યાન આપો. પરીક્ષા એ તમારી બુદ્ધિ, સ્મૃતિ અને સમજણની ચકાસણી છે - તમારા હૃદયની, સંવેદનાની કે માનવતાની નહીં. તેથી પરીક્ષાને ભાર નહીં, એક અનુભવ તરીકે લો. તમે જેટલા શાંત રહેશો, એટલું તમારું પ્રદર્શન સારું રહેશે.

તમારું જીવન બહુ કિંમતી છે. ગુણ ઓછા આવે તો સુધારો શક્ય છે, ફરી પ્રયત્ન શક્ય છે, પરંતુ જીવનનો આનંદ, સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ ગુમાવવાનો કોઈ વિકલ્પ નથી. આથી, ધોરણ દસ અને બારના તમામ વિદ્યાર્થીઓને યાદ રાખવાનું છે કે, પરીક્ષા ડરવાની વસ્તુ નથી. તમે એકલા નથી.

તમે જે મહેનત કરી છે તે વ્યર્થ નહીં જાય. પરિણામ જેવું પણ આવે, તમે સક્ષમ છો, શકિતશાળી છો અને ઉજ્જ્વળ ભવિષ્ય તમારા માટે રાહ જોઈ રહ્યું છે. આત્મવિશ્વાસ સાથે આગળ વધો, શાંતિથી પરીક્ષા આપો - સફળતા આપમેળે તમારી તરફ આવશે. મિત્રો ! તમને ડર હશે કે ઓછા ટકા આવશે તો સારી કોલેજમાં પ્રવેશ નહીં મળે.યાદ રાખજો મિત્રો! કોલેજનું કામ માત્ર પ્રમાણપત્ર આપવાનું છે. બધી જ કોલેજમાંથી મળતા પ્રમાણપત્રની કિંમત સરખી જ હોય છે. ને વળી,માત્ર પ્રમાણપત્રના આધારે થોડી નોકરી મળી જવાની છે ? નોકરી માટે તો અક્કલ, આવડત અને અનુભવ જોવામાં આવે છે. નોકરી માટે તો સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની થશે. તો પછી ભલા આ પરીક્ષાનો ડર શા માટે ? મિત્રો ! ટકાની ઝંઝટમાં પડતા નહીં. ટકાના ત્રાજવે તો તમોને બહુ તોળ્યા. તમારામાં રહેલા સંસ્કાર, સમજણ, સૌજન્યશીલતા, સાદગી ચારિત્ર્ય, પ્રમાણિકતા, પરિશ્રમ, બહાદુરી, આજ્ઞાંકિતપણું જીવદયા અને અનુકંપા જેવી બાબતોની તો કોઈ કિંમત જ નહીં ? આ સિદ્ધિઓના ટકા નહીં ગણવાના ? જે તમને વારસામાં મળ્યા છે ! અને હા, તમારી માર્કશીટમાં આ ગુણ મૂકવાનું તો કોઈ ખાનું જ નથી આપ્યું...?....! ગુજરાતી થાળીના વિવિધ સ્વાદની જેમ જિંદગીમાં દરેક આવડત કામ લાગે છે.માત્ર રિપોર્ટ કાર્ડના ટકા નહીં, વાસ્તવિક જગતમાં પરફોર્મન્સ જોવાય છે, ગુણ જોવાય છે, ગુણાંક નહીં. એન્જોય કરો. આનંદ કરો. હંમેશા પ્રફુલ્લિત રહો. Wish you all the best.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૬.૨.૨૦૨૬, ગુરૂવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ દશમ, મૃગશીર્ષ નક્ષત્ર, પ્રીતિ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.

**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદથી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય,ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોકચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

## ટ્રમ્પ સરકાર એલિયનને લગતા દસ્તાવેજ જાહેર કરવા માંગે છે

અગાઉ અત્રે લખ્યા મુજબ એક પછી એક પ્લેન અકસ્માત સામે આવતા જાય છે અને રાંચીથી દિલ્હી જતું પ્લેન ક્રેશ થયું છે અને અગાઉ લખ્યા મુજબ ૨૦૨૬ તમામ પ્રકારના એક્સામતોમાં સીમાચિહન રહેશે માટે વિશેષ કાળજીની જરૂર રહેશે. વર્ષ ૨૦૨૬માં એલિયન સબંધી અનેક બાબતો પણ બહાર આવશે જે વિષે પણ આપણે અગાઉ ચર્ચા કરી ગયા હતા તે મુજબ ૨૦૨૬માં અમેરિકામાંથી એલિયન હોવાના સુર ઉઠી રહ્યા છે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું છે કે એલિયન્સ વાસ્તવિક છે, જેણે ભારે ચર્ચા જગાડી છે તો ટ્રમ્પ સરકાર એલિયનને લગતા દસ્તાવેજ જાહેર કરવા માંગે છે જેની પાછળનો હેતુ એ છે કે જે એડવાન્સ ટેકનોલોજી અમેરિકા ગુપચુપ વાપરી રહ્યું છે તે એલિયન ડિઝાઈન તરીકે લોકો સમક્ષ આવી શકે.અમેરિકા એવી ઘણી ટેક્નોલોજી ધરાવે છે જે પ્રાથમિક દ્રષ્ટિ એ આપણને અશક્ય લાગે પરંતુ તેની પાસે આ ટેક્નોલોજી છે અને એલિયન રિસર્ચ અંગે છુપાવવાનું પણ ઘણું બધું છે પરંતુ તેના ઈરાદા લોકોના દિમાગ સુધી એવી વાત પહોંચાડવાના છે કે જેથી લોકો અસમંજસમાં રહે અને તેના હિત, તેની સેનાના હિત અને તેનું વર્ચસવ વિશ્વ પર બનેલું રહે. ચંદ્રગ્રહણ નજીક આવતું જાય છે તેમ ઘણા લોકોને ઘરમાં નાની મોટી બાબતોથી પરેશાન રહેતા જોવા મળશો વળી વાહનમાં પણ કૈને કઈ ખર્ચ થતો જોવા મળશે અને દૂધ ઉભરાવું, બગડવું કે ઢોળાવું કે એને સબંધી કોઈ બાબત અનુભવાતી જોવા મળે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૫-૦૨-૨૦૨૬ બુધવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો તન્વી ચોટાઈ)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુલ્લુભાઈ બન્યા દબંગ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ગુરૂવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ (તવા પુલાવ)
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૨૬-૨ -૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ દશમ
**નક્ષત્ર** મૃગશીર્ષ
**યોગ** પ્રિતિ **કરણઃ** તૈતિલ
**સુર્યોદય** ૭.૧૨ **સુર્યાસ્તઃ** ૬.૪૮
**ચંદ્ર રાશી** મીથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૭ | | ૪ | | | |
| | | | | | | | | |
| | ૭ | ૩ | | ૧ | | ૯ | | ૬ |
| | | | | | | | | ૮ |
| | ૨ | | | ૮ | ૧ | ૩ | | ૯ |
| | ૩ | | | | ૯ | | ૧ | ૨ |
| | | ૪ | | | | | | ૩ |
| | | | | | ૮ | ૭ | | ૧ |
| | | ૮ | ૩ | ૬ | ૫ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૯ | ૩ | ૫ | ૧ | ૭ | ૪ | ૮ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૪ | ૯ | ૬ | ૫ | ૨ |
| ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૬ | ૩ | ૧ | ૯ |
| ૩ | ૬ | ૧ | ૫ | ૯ | ૭ | ૨ | ૮ | ૪ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | ૫ | ૬ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૬ | ૧ | ૮ | ૯ | ૩ | ૭ |
| ૮ | ૧ | ૬ | ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૫ |
| ૯ | ૩ | ૫ | ૮ | ૨ | ૪ | ૧ | ૭ | ૬ |
| ૨ | ૭ | ૪ | ૧ | ૬ | ૫ | ૮ | ૯ | ૩ |

# ૫૦-૫૦ વર્ષનું 'જંગલરાજ' ખત્મ... દર્દ અને યાદો રહી ગઈ




૫૦ વર્ષ જૂની વસાહતમાં જે ઘટના ઘટી એ ઘટનામાં દબાણ થયું તે હરામીપણું હતું કે હકનું હતું ..તે બાળકને ક્યાંથી ખબર હોય પરંતુ હરામનું કે હકનું જે હોય તે આજે આ બાળકોને હવે અકની પીરસાઈ હતી.





ઉપર આભ ને નીચે ધરતી ની જેમ લોકો ના આશરા છીનવાયા તેવા નોંધારા લોકોને ભૂખ્યું સૂવું ન પડે તે માટે કોઈપણ જાતની પ્રસિદ્ધિ વિના અનેક લોકો સેવામાં લાગી ગયા ...માનવતા મરી પરવારી નથી તેમ સેવાભાવી લોકો નિરાધારોને માનભેર પાઉંભાજી પીરસવા આવી ગયા હતા

રિપોર્ટરઃ કરણ જોગલ
તસવીરઃ શૈલેષ વાડોલીયા
કેમેરામેનઃ હર્ષ ઝીંઝુવાડીયા



ઘર કાટમાળ માં ફેરવાયું છે ત્યાં પાણીના નળ કનેક્શન કપાઈ ગયા પણ નળીમાં પાણી આવે છે જંગલેશ્વરમાં પાણીના ટીપા માટે વલખતી માનવ જિંદગી આ રીતે કાટમાળના ઢગલા પર પુરુષાર્થ કરતી કેમેરામાં કેદ થઈ હતી

**છત નથી પણ પેટીયું તો રળવું પડશે ને!**



જંગલેશ્વરમાં વહીવટી તંત્ર અને પોલીસના સંયુક્ત ઓપરેશન હેઠળ ડિમોલિશનની કામગીરી નિર્વિઘ્ને પૂર્ણ કરવામાં આવી હતી. કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર અત્યંત શાંતિપૂર્ણ માહોલમાં આ મહારથ પૂર્ણ થાય થયું છે



ઘણા લોકો ના મકાનો ૫૦ વાર કે તેથી વધુ ન હતા તેમાંથી આજે ત્રણ ફટ જગ્યા વધી છે આ જગ્યામાં બુદ્ધિ છે પગ ભાગેલ માજી, ઘાયલ પોત્ર, અને બીમાર મા ને ક્યાં આશરો અપાવર્વો તે મૂંઝવણ કોણ ઉકેલશે ?



દાદાએ જે જગ્યાએ ૫૦ ૫૦ વર્ષથી પરિવારનું પોષણ કર્યું છે એ જગ્યા પર પોત્રીને હજુ ૫૦ મહિના જ થયા છે તેનો હાથ પકડી જે પર દિવસો વિતાવ્યા છે તે જગ્યા હવે સ્મૃતિ માં અને ફક્ત યાદો જ રહી જશે..

# જંગલેશ્વર ડિમોલીશનઃ અન્ય જિલ્લાની પોલીસ છૂટી, એસઆરપીની ટુકડીઓ સાંજે રવાના

## શાંતિપૂર્ણ રીતે સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થતાં પોલીસ સહીત તંત્રને હાશકારોઃ કાટમાળ હટે ત્યાં સુધી સ્થાનિક પોલીસનો બંદોબસ્ત યથાવત

## ૧૪૮૯ મકાનો તોડી પાડવા દરમિયાન કોઈ કાંકરીચાળો પણ નહિ સીપી બ્રજેશકુમાર ઝા, અધિક સીપી મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી જગદીશ બાંગરવા અને હેતલ પટેલનું પ્લાનિંગ હિટ રહ્યું







**અબતક, રાજકોટ**

રાજકોટના ઈતિહાસમાં સૌથી મોટું જંગલેશ્વર ડિમોલીશન ત્રણ દિવસની જહેમત બાદ પૂર્ણ થયું છે. ચાર ડીસીપીના નેતૃત્વ હેઠળ ૨૫૦૦ જવાનોના બંદોબસ્ત વચ્ચે ૧૪૮૯ મકાનો તોડી પડાયા હતા. ડીમોલેશનની કામગીરી તમામ પૂર્ણ થતાં બંદોબસ્તમાં શહેર પોલીસ સિવાય બહારથી આવેલ પોલીસને કાલ સાંજે જ છૂટી કરી દેવાઈ હતી. જ્યારે એસઆરપી ટીમોને પણ સાંજ સુધીમાં છૂટી કરી દેવામાં આવશે. જો કે, જ્યાં સુધી કાટમાળ હટશે નહિ ત્યાં સુધી સ્થાનીક પોલીસ બંદોબસ્તમાં અવિરત રહેશે.

શહેરના સંવેદનશીલ વિસ્તાર જંગલેશ્વરમાં ગુનેગારો સહિત અનેક લોકોએ સરકારી જગ્યા પર સૌથી મોટું દબાણ કરી ઓરડીઓ અને પાકા મકાનો બનાવી નાંખ્યા હતાં. જે બાદ રાજકોટ કોર્પોરેશને મોટો ટીપી રોડ બનાવવા આ જગ્યા ખુલ્લી કરવા માટે ત્યાં થયેલ લગભગ ૧૫૦૦ થી વધુ ઓરડીઓ, મકાનો, દુકાનોનું ડીમોલેશન કરવા માટેની તૈયારીઓ આરંભી દીધી હતી, જે તૈયારીમાં સૌથી મહત્વનો ભાગ શહેર પોલીસની ટીમે ભજવ્યો હતો.

જેમાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ની રાહબરીમાં છેલ્લા એક મહિનાથી તૈયારીઓનો ધમધમાટ પણ ચાલી રહ્યો હતો. ગઈ તા. ૨૩ થી શરૂ થયેલ સૌથી મોટા જંગલેશ્વર ડિમોલેશનમાં બંદોબસ્ત માટે શહેર બહારથી પણ પોલીસ બોલાવવામાં આવી હતી, જેમાં રાજકોટ ગ્રામ્ય, દેવભૂમિ દ્વારકા સહિતની પોલીસનો સમાવેશ થાય છે, સાથે સાથે એસઆરપીની ટીમોને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. ત્યારે કોર્પોરેશને આજે ડિમોલેશનની કાર્યવાહી પૂર્ણ થયા કર્યાની જાહેરાત કરી હતી. તે પહેલા જ ગઈકાલે રાતે જ જે રાજકોટ શહેર બહારથી આવેલી પોલીસને છૂટી કરી દેવામાં આવી હતી તેમજ એસઆરપીની ટીમોને પણ આજે સાંજ સુધીમાં છૂટી કરી દેવામાં આવશે.

જ્યારે હાલ ડિમોલેશન બાદ ત્યાં રહેલ કાટમાળ જ્યાં સુધી હટે નહીં ત્યાં સુધી સ્થાનિક પોલીસનો બંદોબસ્ત અવિરત રહેશે.

સમગ્ર ડિમોલીશન પ્રક્રિયા દરમિયાન કોઈ કાકરીચારો ન થાય તેના માટે એક મહિના પૂર્વેથી જ પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડિશનલ પોલિસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ દ્વારા કરાયેલું પ્લાનિંગ તદ્દન હિટ રહ્યું હતું અને ઐતિહાસિક ડિમોલીશન શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થયું હતું.

### કાટમાળ ઉઠાવી જવા પણ પડાપડીઃ બેરીકેડ મુકાયા

જંગલેશ્વરમાં ડીમોલેશન બાદ મકાનો, ઓરડીઓ અને દુકાનો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. જે કાટમાળમાં લોખંડ, પ્લાસ્ટિક તેમજ અન્ય કીમતી વસ્તુઓ જે કાટમાળમાં પડી હતી તે ઉઠાવી જવા નજીકમાં રહેતા લોકોએ પડાપડી કરતા સુરક્ષાની સ્થિતિ જોતા જ પોલીસ અને આરએમસી તંત્રએ તુરંત જ બેરીકેડ લગાવી પ્રવેશબંધી જાહેર કરી હતી તેવું સૂત્રો જણાવી રહ્યા છે. જો કે, કાટમાળને લીધે કોઈ અકસ્માત ન સર્જાય તેના માટે બેરીકેડ મુકવામાં આવ્યાનું સત્તાવાર રીતે જણાવવામાં આવી રહ્યું છે.

# ‘વોકલ ફોર લોકલ’નો ગુંજારવઃ ૧૫ માર્ચ સુધી ૧૫૨ પાલિકાઓમાં યોજાશે ‘સ્વદેશી મેળા’

## સ્થાનિક કારીગરો અને મહિલા સ્વસહાય જૂથો માટે આર્થિક સશક્તિકરણનો મહાકુંભઃ પ્રારંભિક તબક્કે જ એક લાખ મુલાકાતીઓએ રૂ.૮૩ લાખની કરી ખરીદી





**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા અને 'વોકલ ફોર લોકલ'ના મંત્રને જન-જન સુધી પહોંચાડવા ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા રાજ્યભરની ૧૫૨ નગરપાલિકાઓમાં 'સ્વદેશી મેળા' (શોપિંગ ફેસ્ટિવલ)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દ્વારા સ્થાનિક હસ્તકલાકારો, મહિલા સ્વસહાય જૂથો અને નાના વેપારીઓને તેમના ઉત્પાદનોના પ્રદર્શન અને વેચાણ માટે એક મજબૂત રાજ્યવ્યાપી પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકારના આયોજન મુજબ ૧૫ માર્ચ ૨૦૨૬ સુધીમાં તમામ ૧૫૨ નગરપાલિકાઓ આ મેળાઓથી ધમધમતી થશે. અત્યાર સુધીમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના ઝોનની ૩૮ નગરપાલિકાઓમાં મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે, જેને જનતાનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. માત્ર ટૂંકા ગાળામાં જ ૧ લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લઈને અંદાજે રૂ ૮૩ લાખથી વધુની ખરીદી કરી છે. આ મેળાઓમાં સ્વસહાય જૂથો, શેરી ફેરિયાઓ અને ખાણીપીણીના સ્ટોલ્સ સહિત કુલ ૫,૭૦૦થી વધુ સ્ટોલ્સ ફાળવવામાં આવ્યા છે, જે સ્થાનિક અર્થતંત્રને નવી ઊર્જા પૂરી પાડી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ તહેવારોના સમયે યોજાયેલા સ્વદેશી ફેસ્ટિવલમાં રૂ ૧૦ કરોડથી વધુનું રેકોર્ડબ્રેક વેચાણ નોંધાયું હતું, જે સફળતાને જોતા આ વખતે પણ કારીગરોમાં ભારે ઉત્સાહ છે. રાજ્ય સરકારની 'જી-મૈત્રી' અને 'મહિલા ઉદ્યોગ સહાય' જેવી યોજનાઓ સાથે આ મેળાઓનું સંકલન કરીને છેવાડાના માનવીને આર્થિક રીતે પગભર બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ સ્વદેશી મેળાઓ માત્ર વેપારનું કેન્દ્ર નથી, પરંતુ તે વિકસિત ભારતના નિર્માણ માટે દરેક નાગરિકને સ્વદેશીના વાહક બનાવવાનો એક સક્રિય પ્રયાસ છે.

# કણસાગરા મહિલા કોલેજનો “અભિનર્તન” વાર્ષિકોત્સવ ઉજવાયો




## અદભુત કૃતિ પ્રદશીત કરતી વિદ્યાર્થીઓ બિરદાવ્યા

**અબતક, રાજકોડ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત કે. એસ. એન કણસાગરા મહિલા કોલેજ આયોજિત વાસંતી વાયરનો આહલાદ યૌવનનો ઉન્માદ - કાલ સંસ્કૃતિનો આ સ્વાદ અને અભિનય-નર્તનો છલકતો ઉલ્લાસ અભીનર્તન વાર્ષિકો ત્સવ ૨૦૨૬ તાજેતરમાં ઉજવાઈ ગયો.

વિદ્યાર્થીઓમાં છુપાયેલી આંતરીક પ્રતિભાને ઉજાગર કરતા, રંગ-ઉમંગ અને આનંદના ત્રિવેણી ઉત્સવમાં તરબોળ થવાનો વાર્ષિકોત્સવ અભિનર્તન સવાણી પર્ફોમિંગ સેન્ટર ખાતે કેમ્પસ ડાયરેક્ટર ડો. રાજેશ કાલરિયા પ્રિન્સિપાલ ડો.સ્નેહલબેન કોટક અને કો-ઓડીનેટર ડો. જ્યોતિબેન રાજ્યગુરુના માર્ગદર્શનમાં સવારે ૯ કલાક થી ૧૨ કલાક અને બપોરે ૧ થી ૪ એમ બે શો માં યોજાઈ ગયો.

કણસાગરા કોલેજમાં નવા પ્રિન્સિપાલને આવકાર, નિવૃત્ત થતાં ત્રણ અધ્યાપકોનું બહુમાન તથા વિદ્યમાન અને વિદ્યાર્થીઓની પ્રતિભાને પુરસ્કારવાનો ત્રિવેણી સંગમ સમો આ વાર્ષિકોત્સવ ૨૦૨૬ અભિનર્તનની વિદ્યાર્થીઓના હર્ષ-ઉલ્લાસ સાથે ઉજવણી થઈ.

પ્રિન્સિપાલ ડો. સ્નેહલબેન કોટકે કોલેજની વર્ષભરની શૈક્ષણિક તથા શિક્ષણેત્તર પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગોલ્ડ મેળવેલી ત્રણ તેજસ્વી વિદ્યાર્થીનીઓ, ઉચ્ચ નોકરી-રોજગાર મેળવનાર વિદ્યાર્થીનીઓ શૈક્ષણિક સ્કોલરશીપ સાથે ઉચ્ચ અભ્યાસ કે સ્ટાર્ટ અપ અને ઉદ્યોગ સહસિકતા સાથે ઝળહળતી કારકીર્દીનું નિર્માણ કરનાર ઉત્તમ વિદ્યાર્થીઓનો વિશેષ ઉલ્લેખ કરી બિરદાવ્યો હતો.

અભીનર્તન વાર્ષિકોત્સવ ૨૦૨૬ માં રાસ-ગરબા રાજસ્થાની ધુમ્મર નૃત્ય, વેસ્ટન

(અનુ. આઠમા પાને)

# બોલબાલા ફાઉન્ડેશન તથા જયનાથ હોસ્પિટલ આયોજીત ફ્રી ચેકઅપ કેમ્પમાં ૨૦૦ લોકોએ લીધો

## બોલબાલાના જયેશ ઉપાધ્યાય, હિતેષભાઈ પોપટ, કમિટી મેમ્બર જયનાથ હોસ્પિટલના ભરત સોલંકી ઉપસ્થિતિ રહ્યા




**અબતક, રાજકોટ**

“દર્દી દેવો ભવ“ ના સુત્ર ને ધ્યાને લઈ બોલબાલા ફાઉન્ડેશન તથા જયનાથ હોસ્પિટલના સહયોગ થી ફ્રી ચેકસપ કેમ્પનું જયનાથ હોપિટલ- ભક્તિનગર સર્કલ, ગીતામંદિર ની બાજુમાં કરવામાં આવેલ હતુ.

આ કેમ્પમાં ફ્રી જનરલ ચેક અપ-વજન,હાઈટ, બ્લડ તેમજ સુગર,બી.પી. ઓર્થોપેડીક, ગોયનેક વિભાગ, યુરોલોજી ડેન્ટલ વગેરે રોગો નિઃશુલ્ક તપાસ તેમજ જરૂરી દવા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ જેમાં ૨૦૦ થી વધુ બોલબાલાના મેમ્બર્સ આ કેમ્પનો લાભલીધો હતો. આ કેમ્પ નીચે મુજબ ના તબીબોએ નિઃશુલ્ક સેવા આપી હતી. ડો. ડી.એમ રૈયાણી(ઓર્થોપેડીક સર્જન),

(અનુ. આઠમા પાને)

# ઈસ્કોનના સ્થાપક આચાર્ય શ્રીલ પ્રભુપાદના જીવનચરિત્ર આધારિત પુસ્તકનું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન



**અબતક, રાજકોટ**

‘વિશ્વગુરુ શ્રીલ પ્રભુપાદ’ના જીવનચરિત્રના ગુજરાતી પુસ્તકનું ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનનીય શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમ્ન વાજા, મુખ્ય સચિવ મુકેશકુમાર દાસ, આઈએએસ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ચંચલાપતિ દાસ, કો-મેન્ટર અને વાઈસ ચેરમેન, ગ્લોબલ હરે કૃષ્ણ મૂવમેન્ટ તથા સહ-સ્થાપક અને વાઈસ ચેરમેન, ધ અક્ષય પાત્ર ફાઉન્ડેશન રહ્યા હતા. શ્રી જગન્મોહન કૃષ્ણ દાસ, પ્રમુખ, ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર, અમદાવાદ તથા પુસ્તકના લેખિકા ડો. ઉષા ઉપાધ્યાય અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

ઈસ્કોનના સ્થાપક-આચાર્ય અને ધ અક્ષય પાત્ર ફાઉન્ડેશનના પ્રેરણાસ્રોત, એ.સી.ભકિતવેદાંત સ્વામીપ્રભુપાદના અમૂલ્ય યોગદાનને વંદન કરવા માટે પુસ્તક વિમોચન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રજ્વલનથી કરવામાં આવી અને ત્યારબાદ લેખિકા દ્વારા પુસ્તકનો સંક્ષિપ્ત પરિચય

(અનુ. આઠમા પાને)

# એસ.ટી. ડેપોમાં હવે ગંદકી કરનારની ખેર નથીઃ પાન-મસાલાની પિચકારી મારી તો રૂ.૨૦૦ અને ધૂમ્રપાન કરનારને રૂ.૧૦૦નો દંડ

## “સ્વચ્છતા હી સેવા” અભિયાન અંતર્ગત એસ.ટી. નિગમની લાલ આંખઃ બસ પોર્ટ અને બસોમાં ગંદકી કરનારાઓ સામે દંડનાત્મક કાર્યવાહી શરૂ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ () દ્વારા રાજકોટ વિભાગના તમામ ૧૦ ડેપો ખાતે સ્વચ્છતા જાળવવા માટે એક વિશેષ અને કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. રાજકોટ એસ.ટી. ડેપો અને બસોમાં ગંદકી ફેલાવતા તત્વો પર હવે બાજ નજર રાખવામાં આવશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પાસેથી સ્થળ પર જ દંડ વસૂલવાની સૂચના આપી દેવામાં આવી છે.




વિભાગીય નિયામક એમ.પી. રાજના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ અભિયાનમાં મુસાફરોને સ્વચ્છતા અંગે સમજણ આપવાની સાથે કડક શિસ્તનું પાલન કરાવવામાં આવશે. વોલ્વો મેનેજર એન.વી. ઠુમ્મર અને સિનિયર ડેપો મેનેજર જી.એચ. ચગના જણાવ્યા મુજબ, જે વ્યક્તિ બસ સ્ટેશન કે બસની અંદર ધૂમ્રપાન કરતા ઝડપાશે તેની પાસેથી રૂપિયા ૧૦૦/- નો દંડ વસૂલવામાં આવશે. તેવી જ રીતે, પાન-મસાલા ખાઈને જ્યાં-ત્યાં પિચકારી મારનાર અથવા થૂંકનાર વ્યક્તિ પાસેથી રૂપિયા ૨૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવશે. અન્ય કોઈ પણ પ્રકારે કચરો કે ગંદકી ફેલાવનાર સામે પણ ત્વરિત કાર્યવાહી કરાશે.




રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા બસ પોર્ટમાં ‘‘ધુમ્રપાન મનાઈ છે’’, ‘‘થૂંકવું નહીં’’ અને ‘‘ખિસ્સાકાતરુથી સાવધાન’’ જેવા સાઈન બોર્ડ્સ લગાવીને મુસાફરોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. ટ્રાફિક કંટ્રોલર દ્વારા પણ સમયાંતરે એનાઉન્સમેન્ટ કરીને મુસાફરોને કચરો માત્ર કચરાપેટીમાં જ નાખવા અપીલ કરવામાં આવી રહી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાસભર વાતાવરણ પૂરું પાડવાનો છે. ડેપો પરિસરમાં અધિકારીઓ દ્વારા અવારનવાર ઓચિંતી મુલાકાત લઈને સ્વચ્છતાનું નિરીક્ષણ પણ કરવામાં આવશે.

# ઓલ ધ બેસ્ટઃ કાલથી ધો.૧૦-૧૨ની પરીક્ષાનો શુભારંભ

## પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા શહેરની ઐતિહાસિક કરણસિંહજી હાઈસ્કૂલ ખાતે સ્પેશિયલ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો

### રાજકોટમાં ધો.૧૦-૧૨ના ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

કાલથી પરીક્ષાનો મહાકુંભ શરૂ થવા જઈ રહ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લામાં ધો.૧૦માં ૧૫૬૫ બ્લૉક પર કુલ ૪૬,૬૫૭ વિદ્યાર્થીઓ ધો.૧૨સાયન્સમાં ૮૫૦ બ્લોકમાં કુલ ૭૯૩૪ વિદ્યાર્થીઓ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૪૦૧ કેન્દ્રો પર ૨૫૬૫૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.




**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં કાલથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો વિધિવત પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે રાજકોટના કુલ ૮૦,૨૪૮ વિદ્યાર્થી પોતાની કારકિર્દીની આ મહત્ત્વની પરીક્ષા આપશે. આજે બુધવારે જ તમામ વિદ્યાર્થીઓ પોતાના પરીક્ષા કેન્દ્ર પર રૂબરૂ જોવા ઉમટ્યા હતા જ્યાં તેમને બેઠક વ્યવસ્થા અને પોતાનો નંબર ક્યાં આવ્યો છે તે જોવાનું સુવિધા આપવામાં આવી હતી. રાજકોટ શહેરમાં ૬૫ કેન્દ્ર, ૩૨૨ બિલ્ડિંગ અને ૨૮૧૬ બ્લોકમાં પરીક્ષા લેવા તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે.

આવતીકાલથી શરૂ થઈ રહેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા શહેરની ઐતિહાસિક કરણસિંહજી હાઈસ્કૂલ ખાતે સ્પેશિયલ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ કે

(અનુ. આઠમા પાને)

### સ્ટોપ આપવા એસટીના કંડક્ટર્સને સૂચના

બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને ગુજરાત એસટી દ્વારા પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓને સમયસર કેન્દ્ર પર પહોંચવામાં કોઈ અવરોધ ન આવે તે માટે તમામ બસ કંડક્ટરને ખાસ સૂચના આપી છે. બસમાં ભીડ હોય તો પણ બોર્ડના પરીક્ષાર્થીઓને પ્રથમ પ્રાધાન્ય આપીને બેસાડવા. જો કોઈ વિદ્યાર્થી વિનંતી કરે, તો નિર્ધારિત સ્ટોપ સિવાય પણ પરીક્ષા કેન્દ્રની નજીક બસ ઊભી રાખી તેમને ઉતારવા. કંડક્ટર્સે વિદ્યાર્થીઓ સાથે સૌહાર્દપૂર્ણ વર્તન કરી, તેમને સમયસર પહોંચાડવામાં સહયોગ આપવાનો રહેશે. એસ.ટી. નિગમના આ સંવેદનશીલ નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓને રાહત થશે અને પરીક્ષાના તણાવ વચ્ચે મુસાફરીની ચિંતા હળવી થશે.

**કાલે ધો.૧૦માં ગુજરાતી, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર અને વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનનું પેપર લેવાશે**

### ૨૦૦ ની નોટના બંડલની સામે ૫૦૦ ની નોટનું રૂ. ૨૦ હજારનું બંડલ આપો...

# નોટ બદલાવવાના બહાને કેશીયરની નજર ચૂકવી ચોરી કરતી એમપીની બેલડી દબોચાઇ

**શહેરભરની પાંચથી વધુ બેંક બ્રાન્ચમાં ત્રાટકી નજર ચૂકવી રોકડ ઉઠાવી ગયા'તા : જૂની નહિ ફ્રેશ નોટ આપો કહી બેંક કર્મચારીનું ધ્યાન ભટકાવી નોટનું બંડલ ખિસ્સામાં નાખી નાસી જતાં**

**અબતક, રાજકોટ**

બેંકમાં નોટ બદલવાના બહાને આવી કેશીયરને રૂ. ૨૦ હજારનું ૨૦૦ ની નોટનું બંડલ આપી ૫૦૦ ની નોટનું બંડલ મેળવી લઇ તેમાંથી નાણાં સેરવી હવે મારે જૂની નહિ ફ્રેશ નોટ જોઇએ છે કહી બંડલ પરત આપી નાસી જવાની મોડસ ઓપરેન્ડીથી કામ કરતી મધ્યપ્રદેશની બેલડીને એ ડિવિઝન પોલિસે દબોચી લીધાનું જાણવા મળ્યું છે. રાજકોટ શહેરમાં પાંચથી વધુ બેંકનેટાર્ગેટ કરનાર ગેંગને દબોચી પોલિસે રોકડ રિકવર કરવા તજવીજ હાથ ધરી છે.

બનાવ અંગે ભુપેન્દ્ર રોડ પર ફેડરલ બેંકના બ્રાન્ચ મેનેજર અમોલ ગજાનન સાતરોટેએ એ ડિવિઝન પોલિસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતુ કે, ગઇ તા-૨૧/૦૨/૨૦૨૬ ના રોજ હું ફેડરલ બેંક ખાતે મારી નોકરી ઉપર હાજર હતો. ત્યારે બપોરના પોણા ત્રણ વાગ્યે એક અજાણ્યો શખ્સ અમારી ફેડરલ બેંકમા આવી સીધો જ કેશીયર કાઉંટર ખાતે ગયેલ હતો. જયા કેશીયર જ્યોતીબેન મકવાણાને કહેલ કે, મારે રૂ.૨૦,૦૦૦ ની ૫૦૦ વાળી નોટ જોઇએ છે અને હું તમને ૨૦,૦૦૦ રૂપીયાની ૨૦૦ વાળી નોટ આપુ છું. જેથી કેશીયર જ્યોતીબેને હા પાડી રૂ. ૨૦ હજારની ૫૦૦ ની નોટો ગણીને અજાણ્યા શખ્સને આપેલ હતી. જેની સામે અજાણ્યા શખ્સે રૂ. ૨૦ હજારની ૨૦૦ ની નોટનું બંડલ કેશીયરને આપેલ હતું. દરમિયાન અજાણ્યા શખ્સે કહેલ કે, આ ૫૦૦ વાળી નોટો જુની છે, મારે ફ્રેશ નોટો જોઇએ છે. બાદમાં તેણે ૫૦૦ વાળી નોટનુ બંડલ જ્યોતિબેનને પરત આપી દિધુ હતું. જેથી જ્યોતીબેન ૨૦૦ વાળી નોટનુ બંડલ ટેબલ પર મુકી ૫૦૦ વાળી નવી ફ્રેશ નોટો ટેબલના ખાનામાં શોધતા હતા. દરમિયાન અજાણ્યા શખ્સે કેશીયરની નજર ચુકવી ટેબલ પર પડેલ રૂ.૨૦,૦૦૦ ની ૨૦૦ વાળી નોટનુ બંડલ તેના ખીસ્સામા નાખી દિધેલ હતું. બાદ કેશીયર પાસેથી રૂ. ૨૦ હજારની ૫૦૦ નોટનું બંડલ મેળવી અજાણ્યો શખ્સ ચાલ્યો ગયો હતો. થોડીવાર બાદ કેશીયરને રૂ. ૨૦ હજારનું ૨૦૦ ની નોટનું બંડલ નહિ મળતા બેંક બ્રાન્ચના સીસીટીવી ચકાસતા ભેજાબાજે કરેલી કારીગરી સામે આવતા ફરિયાદ નોંધાવી હતી.

જયારે આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી ચોરી કરનાર શખ્સ વિરુદ્ધ એ ડિવિઝન પોલિસ મથકમાં બીજી ફરિયાદ નોંધાવતા લીમડા ચોકમાં આવેલી ઉજ્જીવન બેંકમાં કેશીયર તરીકે ફરજ બજાવતા રીયાબેન વીમલભાઇ ચૌહાણએ જણાવ્યું હતુ કે, ગઇ તા-૨૦/૦૨/૨૦૨૬ ના રોજ સવારના સાડા અગિયાર વાગ્યે એક અજાણ્યા શખ્સે મારા કાઉન્ટર પર આવી કહેલ કે, મારે રૂ.૨૦,૦૦૦ ની ૫૦૦ વાળી નોટ જોઈએ છે જેની સામે હું તમને ૨૦,૦૦૦ રૂપીયાની ૨૦૦ વાળી નોટ આપુ છું. જેથી મે રૂ ૨૦ હજારની ૫૦૦ વાળી નોટનું બંડલ ગણીને અજાણ્યા શખ્સને આપતાં તેણે મને સામે આપેલ રૂ ૨૦ હજારની ૨૦૦ ની નોટનું બંડલ આપતાં મેં કાઉન્ટિંગ મશીનમાં પૈસા ગણી ટેબલ પર રાખેલ હતું. બાદ અજાણ્યા શખ્સે કહેલ કે, આ ૫૦૦ વાળી નોટો જુની છે, મારે ફ્રેશ નોટો જોઈએ છે તેનો મારે હાર બનાવવા માટે સીરીયલ નંબર વાળી નોટો જોઈએ છે તેમ કહી ૫૦૦ વાળી જુની નોટનુ બંડલ અજાણ્યા શખ્સે મને પરત આપી દિધેલ હતું. જેથી ૫૦૦ ની નોટનું બંડલ ગણ્યા વિના જ ખાનામાં મૂકી દીધું હતું અને ખાનામાંથી ફ્રેશ નોટ કાઢી અજાણ્યા શખ્સને આપી હતી. બાદ અજાણ્યા શખ્સે હવે મારે કોઈ પૈસા નથી જોઈતા, તમે મને મારૂ ૨૦૦ ની નોટનું બંડલ પરત આપી દો તેવુ કહીને મને ૫૦૦ વાળી નોટો પરત આપેલ જે ૫૦૦ વાળી નોટ મે ગણ્યા વગર ટેબલના ખાનામાં મુકી દીધેલ હતું. જે બાદ મેં ૨૦૦ ની નોટનું બંડલ પરત આપી દેતાં અજાણ્યો શખ્સ ચાલ્યો ગયો હતો. બાદ પૈસા ગણતા રૂ. ૨૦ ની ૫૦૦ વાળી નોટની ઘટ આવતા મેં બેંક મેનેજરન્સ જાણ કરતા તેમણે સીસીટીવી ચકાસતા ભેજાબાજ શખ્સે ૫૦૦ ની નોટના બે બંડલમાંથી બે કટકે રૂ ૨૦ હજાર કાઢી લેતો ધ્યાને આવ્યું હતું. જેથી મહિલા કેશીયરે ફરિયાદ નોંધાવી હતી. ભેજાબાજોએ વિરુદ્ધ ત્રીજી ફરિયાદ યુનિવર્સીટી પોલિસ મથકમાં નોંધાઈ હતી. જેમાં સાધુ વાસવાણી રોડ પર આવેલી આઈસીઆઈસીઆઈ બેંકના બ્રાન્ચ મેનેજર અમીતભાઈ મનસુખભાઈ ઘેટીયાએ જણાવ્યું હતું કે, ગઈ તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના બે વાગ્યે અમારી બ્રાન્ચના કેશીયર શિવમસીંગએ મને વાત કરેલી કે, મારે કેશ ખાતાનો હીસાબ મળતો નથી, અને આપણા બેંકના ગ્રુપમા એક વીડીયો આવેલો છે કે, એક વ્યક્તિ બેન્કોમા નજર ચુકવીને પૈસા લઈને જતો રહે છે, જેથી મને બીક છે કે આવો કોઈ વ્યક્તિ બેંકમા આવેલો હોય શકે? જેથી મે અમારા બેંકના સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા જાણવા મળેલ કે, જે માણસનો વોટસએપ ગ્રુપમા વીડીયો આવેલો હતો તે જ વ્યકિત અમારી બેંકમા શીવમસીંગ પાસે નોટ બદલાવવા આવેલો હતો અને કેશીયર શિવમસિંગ સાથે વાતચીત કરતો જોવામા આવેલો હતો. જેથી શિવમસિંગને આ બાબતે પૂછતાં તેણે જણાવેલ કે, અજાણ્યા શખ્સે મને રૂ. ૨૦ હજારની ૨૦૦ ની નોટનું બંડલ આપી ૫૦૦ નું બંડલ માંગેલ હતું. જેથી મેં રૂ. ૨૦ હજારનું ૫૦૦ ની નોટનું બંડલ આપેલ હતું. બાદ તેણે મારે જૂની નહિ ફ્રેશ નોટ જોઈએ છે. જેથી મેં નવી નોટનું બંડલ નહિ હોવાનું જણાવતા તેણે મને ૫૦૦ ની નોટનું બંડલ પરત આપી દેતાં મેં પણ ૨૦૦ ની નોટનું બંડલ પરત આપી દીધેલ હતું અને બાદમાં અજાણ્યો શખ્સ ચાલ્યો ગયેલ હતો. ત્યારે કેશીયરે ૫૦૦ ની નોટનું બંડલ ગણ્યું ન હતું પણ બાદમાં રૂ ૧૦ હજારની ઘટ આવતા ભેજાબાજ કળા કરી ગયાનું ધ્યાને આવ્યું હતું.

નોટ બદલવાવના નામે કેશીયરની નજર ચૂકવી ચોરીને અંજામ આપતી ગેંગને ઝડપી લેવાં એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણાની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન પોલિસને આ પ્રકારે ચોરીને અંજામ આપતી મધ્યપ્રદેશની બેલડી અમદાવાદ પંથકમાં હોવાની બાતમી મળતા એ ડિવિઝન પોલિસે તાત્કાલિક દોડી જઈ બંને શખ્સોને હાથવેંતમાં લીધા હતા. ઝડપાયેલ બેલડીએ આ પ્રકારે રાજકોટમાં પાંચથી વધુ બેંકને ટાર્ગેટ કર્યાનું પોલિસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. જે પૈકી એ ડિવિઝન વિસ્તારની બે, યુનિવર્સીટી વિસ્તારમાં એક, ગાંધીગ્રામમાં એક અને તાલુકા પોલિસ વિસ્તારમાં આવેલી બેંકનો સમાવેશ થાય છે. હાલ પોલીસે બંનેને હાથવેંતમાં લઇ રોકડ રિકવર કરવા તજવીજ આદરી છે. ઉલ્લેખનીય છે કે, હજુ બે ગુના નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

**મોટાભાગે મહિલા કેશીયરને જ ટાર્ગેટ કરતા**

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર પાંચથી વધુ બેંકને ટાર્ગેટ કરી રોકડ સેરવી જતી બેલડી મોટાભાગે એવી બેંક સિલેકટ કરતા જેમાં કેશીયર તરીકે મહિલા કર્મચારી કાર્યરત હોય. તેઓ કેશ કાઉન્ટર પર જઈ મહિલા કેશીયરને વાતોમાં વળગાવી, ધ્યાન ભટકાવી રોકડ સેરવી નાસી જતાં હતા.

**'કળા' કરવામાં માહિર ભોપાલના બે શખ્સોને એ ડિવિઝન પોલિસે હાથવેંતમાં લીધા, રોકડ રિકવર કરવા પ્રયત્ન : વધુ ગુના ગુના ખુલવાની શક્યતા**

**વતનમાં નાસી જાય તે પૂર્વે જ દબોચી લેવાયા**

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટની અલગ અલગ પાંચ બેંકને ટાર્ગેટ કરી ચોરીને અંજામ આપી એમપીની ભેજાબાજ બેલડી વતનમાં નાસી જવા રવાના થઇ ગઈ હતી. તેઓ અમદાવાદ સુધી પહોંચી પણ ગયા હતા. જો કે, એ ડિવિઝન પોલિસે ત્વરિત કાર્યવાહી કરી બંનેને પકડી લીધા હતા.

**એ ડિવિઝન અને યુનિવર્સિટી પોલિસ મથકમાં ત્રણ ગુના નોંધાયા : તાલુકા અને ગાંધીગ્રામ પોલીસ મથકમાં વધુ બે ગુના નોંધવા તજવીજ**

# માતા - પુત્ર પર હુમલાના ગુનામાં સંજય ઉર્ફે ટકો રોજાસરાને એક વર્ષની સજા

**શાકભાજીની લારી હટાવવા અને અહીં ન રાખવા બાબતે થયેલી બોલાચાલી નો ખાર રાખી મારમાર્યો તો**

**અબતક,રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર આવેલા નવાગામ આણંદ પર ગામે શાકભાજીની લારી હટાવવા અને અહીં ન રાખવા બાબતે થયેલી બોલાચાલી નો ખાર રાખી માતા પુત્ર પર હુમલો કરી શાકભાજીની લારીને ઊંધી વાળવાના પાંચ વર્ષ પહેલાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે સંજય ઉર્ફે ટકો વાગતી રોજાસરા ને એક વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના કુવાડવા રોડ પર આવેલા નવાગામ આણંદ પર ગામે રંગીલા સોસાયટીમાં રહેતા ઘણું બેન મનસુખભાઈ ડાભી નામની મહિલા શાકભાજીની રેકડી ચલાવતા હોય ત્યારે પાડોશી સંજય ટકો વાગથી રોજાસરા નામનો શાકભાજીની રેકડી હટાવવાનું કહી અહીં રેકડી નહીં રાખવા બાબતે બંને વચ્ચે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા સંજય ઉર્ફે ટકો રોજાસરા વાઘજીએ ગનુબેન ડાભીને લાકડી વડે મારતા વચ્ચે પડેલો પુત્ર લાલજીને પણ ઈજા પહોંચ્યા અંગેની કુવાડવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે સંજય ઉર્ફે ટકો વાઘજી રોજાસરા સામે મારામારી અને ધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી બાદ તપાસની દ્વારા અદાલતમાં ચાર્જ સીટ કરવામાં આવ્યું હતું બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એ એમ પરમાર દ્વારા ફરિયાદી સાહેદ તપાસનીશ અને નજરે જોનાર સાહેદને તપાસવામાં આવેલા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાને ધ્યાને લઈ ત્રીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમએમ શુકલએ આરોપી સંજય ટકો વાઘજી રોજાસરાને તકસીરવાન ઠેરવી એક વર્ષની સજા અને દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા નો હુકમ કર્યો છે.

# નવા થોરાળા બીમારીથી કંટાળી મહિલાએ ફિનાઈલ પીધું

**સતત તાવ આવતા પરિણીતાએ ટેન્શનમાં આવી આપઘાતનો કર્યો પ્રયાસ**

**અબતક, રાજકોટ**

શહેરના નવા થોરાળા વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષીય મહિલાએ બીમારીથી કંટાળી જઈ ફિનાઈલ ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ નવા થોરાડાની સર્વોદય સોસાયટીમાં રહેતા નીરાબેન અનિલભાઈ વાઘેલા (ઉ.વ. ૪૫) આજે સવારે ૮:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા ત્યારે તેમણે આ પગલું ભર્યું હતું. પરિવારજનોના જણાવ્યા અનુસાર, નીરાબેનને છેલ્લા કેટલાક સમયથી સતત તાવ આવતો હતો. આ શારીરિક પીડા અને બીમારીના ટેન્શનમાં આવી જઈ તેમણે ઘરે રાખેલું ફિનાઈલ પી લીધું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે નીરાબેનના પતિ અનિલભાઈ પાર્સલ સર્વિસમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. નીરાબેનને સંતાનમાં એક પુત્ર છે. નીરાબેન ચાર બહેનો અને બે ભાઈઓમાં સૌથી મોટા છે.

ઘટના બાદ નીરાબેનની તબિયત લથડતા તેમને તાત્કાલિક રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજકોટ સેન્ટ્રલ જેલમાં કેદીનું હાર્ટ એટેકથી મોત

**ભરણપોષણ ન ચૂકવી શકનાર ત્રણ મહિનાથી જેલમાં સજા કાપી રહેલા યુવાનનું હૃદય થંભી ગયું**

**અબતક, રાજકોટ**

શહેરની સેન્ટ્રલ જેલમાં કેદીનું અચાનક તબિયત લથડતા મોત નિપજવાની ઘટના સામે આવી છે. ભરણપોષણના કેસમાં જેલવાસ ભોગવી રહેલા ૩૦ વર્ષીય દલિત યુવાનનું હાર્ટ એટેકને કારણે મૃત્યુ થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ કુકાવાવ તાલુકાના માયાપર ગામના વતની અને હાલ શાપર-વેરાવળના વિશ્વાસ સિટીમાં રહેતા હિંમત સામતભાઈ સોલંકી (ઉ.વ. ૩૦)રાજકોટ સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહ્યા હતા. આજે વહેલી સવારે ૭ વાગ્યાની આસપાસ હિંમતભાઈ જેલમાં અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. જેલ પ્રશાસન દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં મોતનું કારણ હાર્ટ એટેક હોવાનું જાણવા મળ્યું છે. મૃતક હિંમતભાઈના લગ્ન પાંચ વર્ષ પહેલા પૂજાબેન સાથે પ્રેમ લગ્ન થયા હતા અને તેમને સંતાનમાં એક ૪ વર્ષની દીકરી છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી પત્ની રિસામણે હતી અને તેમણે હિંમતભાઈ વિરુદ્ધ ભરણપોષણનો કેસ દાખલ કર્યો હતો. ભરણપોષણના હપ્તા ચડી જતાં હિંમતભાઈ છેલ્લા ૩ મહિનાથી જેલમાં હતા. યુવાન પુત્રના મોતના સમાચાર મળતા જ પરિવારજનો સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. પોલીસે આ મામલે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને આગળની તપાસ હાથ ધરી છે.

# ચડત ભરણપોષણ નહિ ચુકવતા વીજ કર્મચારીને ૩૫૦-દિવસની સાદી જેલની સજા

**પત્નિ તથા સગીર પુત્રીનું ૩૫ માસનું રૂા.૨,૮૫ લાખ ખાધા ખોરાકી મેળવવા વીજ કર્મચારી સામે દાદ માંગી હતી**

**અબતક,રાજકોટ**

પત્નિ અને સગીર પુત્રીને ચડત ભરણપોષણની રકમ રૂા.૨,૮૫ લાખ નહી ચુકવનાર વીજ કર્મચારી પતિને ૩૫૦-દિવસની સાદી જેલની સજાનો હુકમ અદાલતે ફરમાવ્યો છે.વધુ વિગત મુજબ શહેરમાં રહેતા નમીરાબેન પઠાણએ પતિ આદિલખાન અનવરખાન પઠાણ વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવાની અરજી કરેલ તેમાં કોર્ટએ અરજદારની અરજી મંજુર કરી અરજદારને માસીક રૂા. ૫૦૦૦/- તથા સગીર પુત્રીને માસીક રકમ રૂા. ૩,૦૦૦ એમ મળીને કુલ માસીક રૂા.૮,૦૦૦ ચુકવવા પતિ વિરૂધ્ધ તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ હતો, ત્યાર બાદ સદર હુકમનું સામાવાળા ચુસ્તપણે પાલન કરતા ન હોય તેથી પરિણીતાએ એડવોકેટ અજયસિંહ ચૌહાણ મારફત તા. ૩૦/૦૧/૨૦૨૩ થી તા. ૩૦/૧૨/૨૫ સુધીનું ચડત ભરણપોષણની રકમ અને અરજી ખર્ચ સહિત રૂા. ૨,૮૫,૦૦૦ મેળવવા ફેમેલી કોર્ટમાં અરજી કરી હતી. આ કામે કોર્ટ સામાવાળા વિરૂધ્ધ નોટીસ ઈસ્યુ કરતા, જે નોટીસની બજવણી યોગ્ય રીતે થઈ ગયેલ હોય અને સામાવાળા કોર્ટમાં હાજર રહીને અરજી મુજબની કોઈ રકમ ભરવા માટે તૈયારી ન બતાવતા કોર્ટ અરજદારના એડવોકેટએ દલીલો ધ્યાને લઈ અદાલતે સામાવાળાને સદર ચડત ભરણપોષણની રકમ ન ભરવાની કસુર બદલ ૩૫૦-દિવસની સાદી જેલ સજા કરવાનો હુકમ કરેલ છે.અરજદારો તરફે રાજકોટના એડવોકેટસ અજયસિંહ એમ. ચૌહાણ, ડેનિશ જે. મહેતા, મિતુલ સોંલકી તથા મદદનીશ તરીકે તુષાર ડી. ભલસોડ તથા જયરાજ પરમાર રોકાયા હતા.


**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકાની સીવીલ શાખા દ્વારા **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની લોકભાગીદારીની સ્કીમ અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકના તથા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ, આરોગ્ય વિભાગની ગ્રાંટ તથા મ.ન.પા.ને પ્રાપ્ત થયેલ જુદી – જુદી ગ્રાંટ અંતર્ગત તથા સ્વભંડાળ અન્વયે** નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **https://jmc.nprocure.com** જોવા મળી શકશે. આ ટેન્ડર્સ તા.૨૬/૦૨/૨૦૨૬ થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | SJMMSVY અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૧૦૦.૦૦ |
| ૨ | SJMMSVY અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૬) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૩ | SJMMSVY અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૭) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૪ | SJMMSVY અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૫ | SJMMSVY અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૧) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૬ | SJMMSVY અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૭ | SJMMSVY અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૮ | SJMMSVY અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૧૫) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૯ | SJMMSVY અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૧૬) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૧૦ | SJMMSVY અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૧ | SJMMSVY અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૩) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૨ | SJMMSVY અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૪) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૩ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૪ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૯) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૧૫૦.૦૦ |
| ૧૫ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૧૩) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૧૫૦.૦૦ |
| ૧૬ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૧૪) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૭ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૪, ભીમવાસના પુલીયાથી રંગમતી નદી સુધી આર.સી.સી. બોકસ કેનાલ બનાવવાનું કામ | ૮૯૫.૪૦ |
| ૧૮ | આરોગ્ય વિભાગની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૧૨, ઘાંચીવાડ વિસ્તારમાં શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે બિલ્ડીગ બનાવવાનું કામ | ૧૨૫.૦૦ |
| ૧૯ | આરોગ્ય વિભાગની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૧૧, હાપા ટી.પી. સ્કીમ ન. ૨, પ્લોટ નં. ૭૧ ઉપર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે બિલ્ડીગ બનાવવાનું કામ | ૧૩૦.૦૦ |
| ૨૦ | આરોગ્ય વિભાગની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૧૩, નિલકંઠનગર સીંધી સ્કુલના બિલ્ડીગની જગ્યા ઉપર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે બિલ્ડીગ બનાવવાનું કામ | ૧૩૦.૦૦ |
| ૨૧ | જામનગર મહાનગરપાલિકાને અલગ – અલગ યોજનાઓ હેઠળ ઉપલબ્ધ થતી ગ્રાંટ અંતર્ગત શહેરના વોર્ડ નં. ૧ થી ૧૬ માં જુદી – જુદી જગ્યાઓ ઉપર વોટર હાર્વેસ્ટીગ સીસ્ટમ ડેવલોપ કરવા માટે બોર ડ્રીલીંગ કરવાનું તથા તેને આનુસાંગીક અન્ય સીવીલ વર્કસનું કામ | ૩૦૦.૦૦ |
| ૨૨ | વોર્ડ નં. ૧૨, ઘાંચીવાડ વિસ્તારમા આવેલ શાળાના બિલ્ડીગનેં સંપુર્ણપણે ડીમોલીશન કરી તમામ મટીરીયલ્સ લઈ જવા સહિતની કામગીરી | - |
| ૨૩ | સ્વભંડોળ અન્વયે સીવીલ વેસ્ટ, ઈસ્ટ, સાઉથ, નોર્થ અને સેન્ટ્રલ ઝોનમાં જુદી –જુદી કંપનીઓ ધ્વારા ઓ.એફ.સી. કેબલ / ઈલેકટ્રીક કેબલ / ગેસ પાઈપ લાઈન / પાણીની પાઈપ લાઈન વિ. પ્રકારના લેઈગના કામ માટે ખોદવામાં આવેલ ટ્રેન્ચમાં આસ્ફાલ્ટ સ્ટ્રેન્થનીગનું કામ (ચરેડા) (રી–ટેન્ડર) | ૧૦૦.૦૦ |

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/સીવીલ/ ૧૪૧ /૨૫–૨૬, તા. ૨૩/૦૨/૨૦૨૬

તંત્રી લેખ

# ગુજરાતની હસ્તકલા એટલે વૈશ્વિક બ્રાન્ડ

ગુજરાતમાં આજે 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાન અંતર્ગતના વાવટા લહેરાય રહ્યા છે.ગુજરાતની મહિલાઓએ પોતાના પુરુષાર્થ અને કૌશલ્ય થકી હસ્તકલા, ખાસ કરીને ભરતકામ જેવા ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે. આજે ગુજરાતની આ પરંપરાગત કળા સમગ્ર વિશ્વ માટે એક પ્રતિષ્ઠિત 'બ્રાન્ડ' બની ગઈ છે. રાજ્યની બહેનોની કળા એક નવી આશાનું કિરણ બન્યું છે.આ કળાનો રાજ્યના ખૂણે-ખૂણે પ્રચાર થાય તો હજી વિકાસને વેગ મળી શકે તેમ છે.આ કળા કૃતિ મહિલા શક્તિના પરિશ્રમ અને સ્વાભિમાનનું પ્રતીક છે. દરેક વસ્તુના નિર્માણમાં બહેનોની મહેનત અને આત્મનિર્ભર ભારતના સપનાની ઝાંખી જોવા મળે છે. સમાજનો નાનો સહયોગ પણ મહિલાઓને નવી ઊર્જા પૂરી પાડશે.

આજે મહિલા સશક્તિકરણ ગુજરાતનો મૂળ મંત્ર બની ગયો છે.ગ્રામીણ વિસ્તારોમાં પણ મહિલાઓ વિકાસમાં સામેલ થાય તેઓનું જીવન ધોરણ સુધારે તે માટે સત્તત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.નર સમોવડી નારી પણ આજે પોતાને મળતી એક સામાન્ય તકને પણ મોટી બનાવી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી આત્મ નિર્ભર બની રહી છે.તે કળા દાયકાઓ પહેલાં ઘરની ચાર દીવાલો પૂરતી સીમિત હતી તે કલાએ આજે દેશના સીમાડા ઓળંગી વિદેશમાં પહોંચી ગઈ છે.

# સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ૐ દાદાના જન્મોત્સવની અધ્યાત્મિક ઉજવણી

## પાલિતાણા કાલભૈરવ પીઠના આચાર્ય સહિતના સંતોના આશીર્વચનોથી ભક્તો ઓતપ્રોત બન્યાં





**૧૫૦૦ થી વધુ ભક્તોને લક્ષ્મી સિદ્ધિ સિક્કો પ્રસાદી સ્વરૂપે અપાયો**

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ ઉપર આવેલા નવદુર્ગા હોલ ખાતે સંતો-મહંતોની ઉપસ્થિતિમાં તા.૨૧ ફેબ્રુઆરીના રોજ ૩૮માં પાવન જન્મોત્સવની ઉજવણી કરવમાં આવી હતી. ૐદાદાના જન્મોત્સવની અદયાત્મિક ઉજવણી કરવામાં આવી હતી. આ ભવ્ય આધ્યાત્મિક મહોત્સવ પ્રસંગે ભક્તિ, સેવા, સમર્પણ અને આધ્યાત્મિક ઊર્જાનો અદ્વિતીય મહાસંગમ જોવા મળ્યો હતો. ૧૫૦૦ થી વધુ ભક્તોને લક્ષ્મી સિદ્ધિ સિક્કો પ્રસાદી સ્વરૂપે અપાયો હતો. સંતોના આશીર્વચનોથી ભક્તો ઓતપ્રોત બન્યા હતા.

ૐદાદા સર્વધર્મ સમભાવના પ્રણેતા, જીવદયા અને જીવકલ્યાણના અખંડ સાધક તરીકે ઓળખાય છે. તેમની કરૂણામય દ્દષ્ટિ, સહજતા અને નિઃસ્વાર્થ સેવા દ્વારા અસંખ્ય જીવનોમાં આધ્યાત્મિક જાગૃતિ અને સકારાત્મક પરિવર્તન આવ્યું છે. તેમના જન્મોત્સવને માત્ર ઉજવણી નહીં પરંતુ સંસ્કાર, શ્રદ્ધા અને આધ્યાત્મિક ચેતનાનો મહોત્સવ બનાવવામાં આવ્યો હતો. ૐદાદાના જન્મોત્સવ પ્રસંગે પાવન પૂજનવિધિ સાથે મહાપ્રસાદ લેવા શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી ૧૫૦૦ થી વધુ સંખ્યામાં ભકતજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કાલ પાલિતાણા કાલભૈરવ પીઠના પીઠાધીશ્વર આચાર્ય રમેશભાઈ શુકલ , મેંદરડાના ખાખી મઢીના મહંત સુખરામદાસ બાપુ , ગાંધીનગર સ્વામિનારાયણ ગૌશાલાના માધવપ્રકાશ સ્વામી, શ્રી સિદ્ધેશ્વરદાસ સ્વામી અને લીલાપુરથી રામચરણદાસ બાપુ ખાસ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. ૐદાદાના ૩૮મા પાવન જન્મોત્સવ નિમિતે વિશેષ આધ્યાત્મિક આયોજનના ભાગ રૂપે ભક્તોને લક્ષ્મી સિદ્ધિ સિક્કો પ્રસાદી સ્વરૂપે આપવામાં આવ્યો હતો તેમજ ભકતો પોતાની ભાવભીની પ્રાર્થના અને મનોકામનાઓ ત્યાં રાખવમાં આવેલ મનોકામના સિદ્ધિ પેટી અર્પણ કરી હતી. આ સર્વ પૂજ્ય સંતાત્માઓની પાવન ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલ મહોત્સવમાં આધ્યાત્મિક તેજ અને આશીર્વચનોથી ભક્તો ઓતપ્રોત બન્યા હતા. આ ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે ૐદાદા ફાઉન્ડેશન, ૐકારા ફાઉન્ડેશન તથા ૐકારા આર્મી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# પરીક્ષા જીવનનો એક પડાવ છે અંતિમ લક્ષ્ય નથીઃ ડી. વી. મહેતા

## સૌરાષ્ટ્રમાં બોર્ડની પરીક્ષાનો માહોલ રાજકીય સામાજિક આગેવાનો કેળવણીકારોએ વિદ્યાર્થીઓને આપી સુપર સક્સેસની શુભકામના














**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં અંદાજે ૧૫.૨૮ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આપી રહ્યા છે ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, રાજકોટના અધ્યક્ષ ડી. વી. મહેતા, પ્રમુખ અવધેશભાઈ કાનગડ, મહામંત્રી ભાવેશભાઈ વેકરીયા અને મહામંત્રી ઉર્વેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા શુભકામના આપી છે.

અધ્યક્ષ ડી. વી. મહેતાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, પરીક્ષા જીવનનો એક પડાવ છે, અંતિમ લક્ષ્ય નહીં. નિયમિત મહેનત, એકાગ્રતા અને સકારાત્મક વિચારસરણીથી વિદ્યાર્થી શ્રેષ્ઠ પરિણામ મેળવી શકે છે. આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપશો તો ચોક્કસ સફળતા મળશે. અવધેશ કાનગડે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, મનોબળ મજબૂત રાખવું ખૂબ જ જરૂરી છે. સમયનું યોગ્ય આયોજન અને ધીરજ જ સફળતાની ચાવી છે. મહામંત્રી ભાવેશ વેકરીયા અને મહામંત્રી ઉર્વેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી તેમને તણાવમુક્ત રહી પરીક્ષા આપવા જણાવાયું.

**મહાનગરના પદાધિકારીઓ**

આવતીકાલથી શરૂ થઈ રહેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાના પર્વ નિમિતે રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્થાયી સમિતિના ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ અને દંડક મનીષભાઈ રાડીયાએ શહેરના તમામ વિદ્યાર્થીઓને સફળતા માટે મંગલ કામનાઓ પાઠવી છે.

**સાંસદ રામભાઈ મોકરીયા**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધો. ૧૦ અને ધો. ૧૨ ની સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોની ભાવિક કારકીર્દીની શરુઆતના પાયારુપ પરીક્ષામાં તેઓ જવલંત સફળતા મેળવે અને તેમની મહેનતનું યોગ્ય ફળ મળે તેવી શુભેચ્છા સાંસદ રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું.

**નિધિ સ્કૂલના સંચાલકોની શુભેચ્છા**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષાઓનો શુભારંભ થઈ રહ્યો છે, ત્યારે પરીક્ષામાં બેસનાર તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને પોતાની તૈયારીમાં વિશ્વાસ રાખે, શાંત રહે અને તેમના શ્રેષ્ઠ પ્રયાસો દ્વારા શ્રેષ્ઠતમ પરિણામ મેળવે એવી સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા તેમજ સ્કૂલના શિક્ષક ગણ દ્વારા શુભ પરિણામની શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

# મોઢ વણિક સમાજ દ્વારા રવિવારે જ્ઞાતિજનો માટે મેડિકલ નિદાન કેમ્પ


## નિષ્ણાંત તબીબો દ્વારા સેવા અપાશે

**અબતક, રાજકોટ**

મોઢ વણિક સમાજ-રાજકોટ દ્વારા તા. ૦૧ માર્ચ ના રોજ નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ સવારે ૯:૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી શ્રી મોઢ વણિક મહિલા છાત્રાલય, નૂતન નગર, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ સામે યોજાશે, આ કેમ્પમાં શહેરના અનુભવી અને પ્રતિષ્ઠિત તબીબોની ટીમ દ્વારા વિવિધ રોગોના નિદાન, પ્રાથમિક તપાસ, માર્ગદર્શન તથા જરૂરી સલાહ સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવશે. કેમ્પમાં ઉપલબ્ધ તબીબી સેવાઓ : સ્ત્રીરોગ નિદાન અને માર્ગદર્શન, કેન્સર સંબંધિત પ્રાથમિક તપાસ, હૃદયરોગ નિદાન અને સલાહ, દંતરોગ તપાસ , કાન-નાક-ગળા નિદાન, ચામડીના રોગોની તપાસ, હાડકાં અને ઓર્થોપેડિક નિદાન, માનસિક રોગ તથા વ્યસનમુક્તિ સલાહ, કિડની અને જનરલ ફિઝિશિયન તપાસ બાળકોના રોગોની તપાસ, જરૂર મુજબ ફેફસાંની ક્ષમતા તપાસ, સેવા , આપનાર તબીબોમા સમાવેશ : ડો. દીપા મણીયાર, ડો. નિરજ મહેતા, ડો. નિમિષ પરીખ ડો. હિરલ પરીખ, ડો. હેતલભાઈ બખાઈ, ડો. ધર્મેશ મણીયાર, ડો. નિરવ મહેતા, ડો. જુહી મણીયાર, ડો. હીરવિતા મણીયાર તલસાણીયા, ડો. તપન પારેખ, ડો. ધુમિત ઘોડસારા, ડો. મિહિર તેજુરા, ડો. પ્રીત સિદ્ધપુરા ૐ પારેખ. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સમયસર રોગનું નિદાન કરી યોગ્ય માર્ગદર્શન આપવાનો છે જેથી. ગંભીર બીમારીઓને પ્રારંભિક તબક્કે જ નિયંત્રિત કરી શકાય.

સમાજજનો તથા શહેરવાસીઓને આરોગ્ય જાગૃતિ તરફ પ્રેરિત કરવાનો આ એક પ્રયાસ છે. , ધર્મેશભાઈ શેઠ, મહામંત્રી ડો. અતુલભાઈ '' વોરા તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ નિતિનભાઈ ડી. , શ્રેયાંસભાઈ એમ. મહેતા, યોગેશભાઈ સી. પારેખ, કેતનભાઈ વી. વોરા, ધીરેન્દ્રભાઈ એમ. મહેતા, આશીષભાઈ જી. મહેતા, અમિતભાઈ આર. પટેલ, ચંદ્રકાંત - (કાકુભાઈ) એ. મહેતા, જયેશભાઈ એલ. ગાંધી, દિપકભાઈ ટી. મહેતા, રસિકભાઈ પી. વોરા, દિપેશભાઈ આર. પારેખ, જયેન્દ્રભાઈ જે. પારેખ, રોહીતભાઈ જે. શાહ, દોલતભાઈ એસ. દોશી, હિતભાઈ ડી. શેઠ દ્વારા તમામ જ્ઞાતીજનોને લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

# વોકહાર્ટ હોસ્પિટલમાં ૨૦% હાર્ટ પમ્પિંગ ક્ષમતા હોવા છતાં ૨.૫ સેમી કિડની સ્ટોન સફળતાપૂર્વક દૂર કરાઈ



**અબતક, રાજકોટ**

રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં તાજેતરમાં એવો જ એક અતિજટિલ અને જોખમી કેસ સફળતાપૂર્વક હાથ ધરાયો છે.

૧૬૫ વર્ષીય પુરુષ દર્દી કિડની અને યુરેટરના જોડાણ આગળ ૨.૫ સેમી કદના અટવાયેલા પથ્થર સાથે હોસ્પિટલમાં દાખલ થયા હતા. કિડનીની આસપાસ નોંધપાત્ર પ્રમાણમાં પ્રવાહી સંગ્રહ થવાથી તેમને ભારે દુખાવો થતો હતો અને કિડનીની કાર્યક્ષમતા પર પણ અસર પડી રહી હતી.

દર્દીનો મેડિકલ ઈતિહાસ અત્યંત જટિલ હતો. તેમને અગાઉ હાર્ટ એટેક આવ્યો હતો અને હાલમાં તેમના હૃદયની પમ્પિંગ ક્ષમતા માત્ર ૨૦% જેટલી રહી હતી. ગંભીર હૃદય પરિસ્થિતિને કારણે અનેક હોસ્પિટલો સર્જરી કરવા માટે તૈયાર નહોતા.

પરંતુ વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટમાં નિષ્ણાત મલ્ટીડિસિપ્લિનરી ટીમે દર્દીનું તાત્કાલિક મૂલ્યાંકન કરી પહેલા તેમને સ્થિર બનાવ્યા અને ત્યારબાદ સર્જરીનું સચોટ આયોજન કર્યું. હૃદયના ઊંચા જોખમ અને કિડનીના અવરોધને તાત્કાલિક દૂર કરવાની જરૂરિયાત વચ્ચે સંતુલન સાધીને સર્જિકલ અને એનેસ્થેટિક ટીમે સંકલિત પ્રયાસ કર્યો.

આધુનિક ટેકનિક અને દૂરબીન વડે (મિનિમલી ઈનવેસિવ પદ્ધતિથી) કાપ વિના સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. પથ્થર દૂર કરવામાં આવ્યો તેમજ કિડનીમાં થયેલો પ્રવાહી સંગ્રહ પણ સાફ કરવામાં આવ્યો. સમગ્ર પ્રક્રિયા દરમિયાન હૃદયની કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવ્યું.

દર્દીએ સર્જરી સારી રીતે સહન કરી. કોઈ પણ પ્રકારની હૃદયસંબંધિત આડઅસર નોંધાઈ નહોતી અને ઓપરેશન બાદ સતત સુધારો જોવા મળ્યો. માત્ર ત્રણ દિવસમાં તેઓ સામાન્ય કિડની કાર્યક્ષમતા સાથે ડિસ્ચાર્જ થયા.

આ કેસ સાબિત કરે છે કે એક જ છત નીચે નિષ્ણાત ડોક્ટરોની સંકલિત સારવાર, સચોટ આયોજન અને ઓપરેશન પહેલાં અને બાદ સાવચેતીપૂર્વકનું નિરીક્ષણ રાખવામાં આવે તો ઊંચા જોખમવાળા અને જટિલ કેસોમાં પણ સુરક્ષિત અને સફળ પરિણામ મેળવી શકાય છે.

# ગુજરાતના વિકાસલક્ષી બજેટને જીલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના મહામંત્રી જયેશ સાગઠીયાએ વધાવ્યું

## ગુજરાતનું બજેટ રાજયને પ્રગતિના નવા શિખરો સુધી પહોંચાડશે



**અબતક, રાજકોટ**

ગુજરાતસરકાર દ્વારા રજૂ કરાયેલ આ વર્ષનું રાજ્ય બજેટ વિકાસ, રોજગાર અને સુશાસનની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. મુખ્યમંત્રી ના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ રજૂ થયેલું આ બજેટ રાજ્યના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપશે.તેમ જણાવ્યું રાજકોટ જીલ્લા ભાજપ અનુ. જાતિ મહામંત્રી જયેશ સાગઠીયાએ આવકા આપ્યો છે. આ બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર જોગવાઈઓ કરવામાં આવી છે. ખાસ કરીને ખજખઊ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રને પ્રોત્સાહન આપતી નીતિઓ યુવાનોને આત્મનિર્ભર બનવામાં મદદરૂપ થશે.કૃષિ ક્ષેત્ર માટે આધુનિક ટેકનોલોજી, સિંચાઈ યોજના અને ખેડૂતોને આર્થિક મજબૂતી આપતી યોજનાઓ રાજયના ગ્રામ્ય વિકાસને વધુ મજબૂત બનાવશે. મહિલાઓના સશક્તિકરણ, સ્વ-રોજગાર અને શિક્ષણ ક્ષેત્રે કરાયેલ જોગવાઈઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવશે.રાજકોટઅને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં રોડ, પાણી, ઉદ્યોગ અને રોજગાર સંબંધિત યોજનાઓ વિકાસને નવી દિશા આપશે. આ બજેટ રાજ્યને વિકસિત ગુજરાત તરફ આગળ વધારનાર સાબિત થશે.હું ગુજરાત સરકારને આ લોકકલ્યાણકારી અને દ્રષ્ટિવંત બજેટ માટે અભિનંદન પાઠવી જયેશ સાગઠીયાએ અને વિશ્વાસ વ્યકત કરેલ છું કે આ નિર્ણયો રાજયને પ્રગતિના નવા શિખરો સુધી પહોંચાડશે.

# કવિ નર્મદની પૂણ્યતિથિ નિમિતે શબ્દાંજલિ પાઠવશે સાહિત્ય સેતુ સંસ્થા



**અબતક, રાજકોટ**

નાટ્યકાર, નિબંધકાર, વક્તા, સમાજ સુધારક, ક્રાંતિકારી વિચારક, કલમના ખોળે માથું મૂકનાર, આધુનિક ગુજરાતી સાહિત્યના સ્થાપક ગણાતા, ગુજરાતી ભાષાને મારી હકીકત પ્રથમ આત્મકથા અને જય જય ગરવી ગુજરાત જેવી અમૂલ્ય કૃતિઓ આપનાર, જેમનો જન્મદિવસ વિશ્વ ગુજરાતી દિવસ તરીકે ઉજવાય છે. સહુ ચાલો જંગ જીતવા યાહોમ કરીને પડો ફતેહ છે આ પંકિતના સર્જક, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું નામ વીર નર્મદ યુનિવર્સિટી છે, ડાંડિયો પાક્ષિક શરૂ કરનાર, સાહિત્ય સર્જનની સાથે સમાજની કુરુઢીઓ કુરિવાજો સામે બંડ પોકારનાર, દુનિયાના એક માત્ર સાહિત્યકાર જેમના નામ આગળ લખાય છે વીર નર્મદ આવા મહાન ગુજરાતી સાહિત્યકારની પુણ્યતિથિ નિમિતે તેઓની યાદમાં શબ્દાંજલિ કાવ્યાંજલિ કાર્યક્રમ તારીખ ૨૬ ફેબ્રુઆરી ગુરુવારના રોજ સાંજના સાડા પાંચ વાગે શહેરના કાલાવડ રોડ પર આવેલ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં યોજવામાં આવેલ છે. વસંતભાઈ ગાદેશા, મુકેશ દોશી, અનુપમ દૌશી કાર્યક્રમમાં નર્મદની તસવીરને પુષ્પાંજલિ અર્પવામાં આવશે, સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, સુનિલ વોરા, નલિન તન્ના, સુધીર દત્તા, પંકજ રૂપારેલિયા, નૈસધભાઈ વોરા, હસુભાઈ શાહ, ઉપમન્યુભાઈ રાવલ, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, પરિમલભાઈ જોશી, દક્ષિણભાઈ જોશી, દિનેશભાઈ ગોવાની, રમેશ શિશાંગીયા, મહેશ જીવરાજાની કાર્યરત છે.

# ગાંધીનગર નિવૃત્ત માહિતી પરિવારના સ્નેહમિલનમાં પ્રમુખ-ઉપપ્રમુખોની વરણી

## સ્નેહમિલનમાં ૭૦ની વયના સભ્યોનું કરાયું ભાવભેર અભિવાદન








**અબતક, રાજકોટ**

ગાંધીનગર સેક્ટર - ૨૩ સ્થિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે ૨૪મી ફેબ્રુ, ૨૦૨૬ ના રોજ વરિષ્ઠ નિવૃત્ત અધિક માહિતી નિયામક જ્યોતીન્દ્રભાઈ દવેના અદયક્ષ સ્થાને નિવૃત્ત માહિતી પરિવારનું સ્નેહમિલન યોજાયું હતું. આ કાર્યક્રમમાં માહિતી ખાતાના ૭૦ વર્ષની વયના વરિષ્ઠ કર્મયોગી મિત્રોનું મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી સ્મૃતિચિન્હ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં માહિતી ખાતાના દિવંગત અધિકારી-કર્મચારઓના માનમાં બે મિનિટનું મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

જયોતીન્દ્રભાઈ દવેએ આનંદ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, આ મંડળ નથી પરંતુ પરિવાર છે જેનું કોઈ બંધારણ નથી પણ મૈત્રીપૂર્ણ બંધન છે. આ પ્રસંગે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના અનિલ પટેલે નિસર્ગ કોમ્યુનિટી સેન્ટરની પ્રવૃત્તિઓની વિગતવાર જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં નિવૃત્ત માહિતી પરિવારના પ્રમુખ આર. પી. નાયકે મંડળની પ્રવૃત્તિઓ અને અગાઉના વર્ષના હિસાબોની વિગતો રજૂ કરી હતી. સ્નેહ મિલનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત નિવૃત માહિતી પરિવારના સભ્યોએ એક સુરે સર્વાનુમતે પ્રમુખ તરીકે ધીરુ કોટવાલ તથા ઉપપ્રમુખ તરીકે નટુભાઈ પરમાર અને પુલક ત્રિવેદીની વરણી કરી હતી. મહામંત્રી તરીકે કિર્તીભાઈ પરમાર , મંત્રી તરીકે એલ. આર. રાજપૂત અને મયુરભાઈ શાહની નિમણૂક કરવામાં આવી હતી. સંગઠન મંત્રી તરીકે સર્વ ગીરીશભાઈ મારુ, જયેશભાઈ દવે, દિનેશભાઈ ચૌહાણ, ભરતભાઈ કાનકડ, જગદીશભાઈ સત્યદેવ, સંજયભાઈ શાહ જયારે મહિલા સંગઠન મંત્રી તરીકે શકુન્તલાબેન ગોર અને હિરલબેન ત્રિવેદીની વરણી કરવામાં આવી હતી. ખજાનચી તરીકે બચુભાઈ વાણવી અને હેમાંગભાઈ દોશી તથા કારોબારી સભ્યોમાં સ્વાતિબેન રામાણી, હસમુખભાઈ પટેલ, મિનેશ ત્રિવેદી, રતિલાલ તૂરીની વરણી કરવામાં હતી. જ્યોતિન્દ્રભાઈ દવે, પ્રકાશભાઈ લાલા, હર્ષદભાઈ ઠાકર અને શકુંતલાબેન ગોર અને આર. પી. નાયકની વરિષ્ઠ પરામર્શક તરીકે વરણી કરાઈ હતી. પ્રસંગે હર્ષદભાઈ ઠાકર, મનોજભાઈ દવે, વિનોદ મેસરીયા, પ્રજ્ઞાબેન પટેલ, જગદીશ સત્યદેવ, દિનેશ ચૌહાણ વગેરેએ નિવૃત્ત માહિતી પરિવારને ઉપયોગી થાય તેવા રચનાત્મક સૂચનો કર્યા હતા. શકુંતલાબેન ગોર અને સ્વાતિબેન રામાણીએ પ્રાર્થના જ્યારે કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન પુલક ત્રિવેદીએ કર્યું હતું.

# મોરબીના રફાળેશ્વર ધામમાં સોની પાટડીયા પરિવારના સુરાપુરા દાદાનો તેરસ મહોત્સવ રવિવારે ઉજવાશે



**અબતક, રાજકોટ**


રાજકોટ સહિત સૌરાષ્ટ્ર માં વસતા શ્રીમાળી સોની પાટડીયા પરિવારના રફાળેશ્વર ધામમાં બિરાજતા સુરાપુરા દાદા ગોકળદાસ દાદા, તુલસીદાસ દાદા ની તેરસ પહેલીમાર્ચ રવિવારે ઉજવાશે. આ તેરસ અંગે વધુ માહિતી માટે જીગ્નેશ વાગડિયા ૯૭ ૨૩૩ ૯૦ ૯૦ ૯, કલ્પેશભાઈ પાટડીયા ૯૭ ૩૭ ૩૯ ૯૯ ૩૯, નીસંપર્ક કરવા આયોજન કમિટીના વિજયભાઈ પાટડીયા, સંદીપભાઈ જડિયા, નિલેશભાઈ વાગડિયા, હિતેશભાઈ પાટડીયા, દીપકભાઈ પાટડીયા, હિતેન ભાઈ પાટડીયા ,પરેશભાઈ પાટડીયા, રાજુભાઈ પાટડીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યું છે.

# મેં યુદ્ધ ન અટકાવ્યું હોત તો પાકિસ્તાના પીએમ માર્યા ગયા હોત: ટ્રમ્પ

## દરમિયાનગીરી વગર પરિસ્થિતિ અંકુશ બહાર જઈ શકી હોત, જેની કિંમત આખું વિશ્વ ચૂકવત, ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી સંસદને સંબોધતી વખતે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને લઈને અનેક દાવાઓ કર્યા

**અબતક, રાજકોટ**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી સંસદને સંબોધતી વખતે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને લઈને એક અત્યંત ચોંકાવનારો દાવો કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે તેમણે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફનો જીવ બચાવ્યો હતો. તેમના મતે, જો તેમણે યોગ્ય સમયે દરમિયાનગીરી ન કરી હોત, તો દક્ષિણ એશિયામાં પરમાણુ યુદ્ધ ફાટી નીકળ્યું હોત.ટ્રમ્પે 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતા કહ્યું કે જો અમેરિકાએ હસ્તક્ષેપ ન કર્યો હોત તો પાકિસ્તાની વડાપ્રધાન આ ઓપરેશનમાં માર્યા ગયા હોત. તેમણે દાવો કર્યો કે પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે બંને દેશો પરમાણુ સંઘર્ષ તરફ આગળ



વધી રહ્યા હતા. ટ્રમ્પના મતે, તેમની વાટાઘાટો અને મધ્યસ્થતાને કારણે આશરે ૩૫ મિલિયન (૩.૫ કરોડ) લોકોના જીવ બચ્યા છે.

### પોતાના કાર્યકાળની સિદ્ધિઓ ગણાવતા ટ્રમ્પ: ૧૦ મહિનામાં ૮ યુદ્ધો રોક્યાનો દાવો

પોતાના કાર્યકાળની સિદ્ધિઓ ગણાવતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, છેલ્લા ૧૦ મહિનામાં તેમણે વિશ્વભરમાં અલગ-અલગ જગ્યાએ થતા ૮ મોટા યુદ્ધો (Global Conflicts) ને રોકવામાં સફળતા મેળવી છે. તેમણે અમેરિકી સંસદમાં ભારપૂર્વક કહ્યું કે તેમની વિદેશ નીતિ અને 'પીસ થ્રુ સ્ટ્રેન્થ'ની વ્યૂહરચનાએ વિશ્વને વિનાશક યુદ્ધોથી બચાવ્યું છે.

### ભારતીય કાર્યવાહીથી ડરીને પાકિસ્તાને અમેરિકા પાસેથી મદદ માંગી

ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને અમેરિકા પાસે વિનંતી કરી હતી. પહેલી વાર અમેરિકાએ સ્વીકાર્યું કે ભારતીય કાર્યવાહીથી ડરીને પાકિસ્તાને શરૂઆતમાં અમેરિકા પાસેથી મદદ માંગી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે અનેક પાકિસ્તાની લશ્કરી ઠેકાણાઓ પર ઝડપી હુમલા કર્યા હતા. ભારતીય સેનાએ કરાચી અને અન્ય પાકિસ્તાની ઠેકાણાઓ પર ડ્રોન છોડ્યા, જેનાથી નોંધપાત્ર નુકસાન થયું હતું. ટ્રમ્પનો દાવો છે કે પાકિસ્તાને ભારતીય કાર્યવાહીથી ડરીને અમેરિકા પાસે વિનંતી કરી હતી.

અમેરિકી સંસદમાં ટ્રમ્પના આ નિવેદને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઓ જગાડી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંભવિત યુદ્ધ અંગેના તેમના દાવાએ દક્ષિણ એશિયાના રક્ષણાત્મક નિષ્ણાતોને પણ વિચારતા કરી દીધા છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે તેમની દરમિયાનગીરી વગર પરિસ્થિતિ અંકુશ બહાર જઈ શકી હોત, જેની કિંમત આખું વિશ્વ ચૂકવત.

# ગોંડલ યાર્ડની પેઢીના બેંક ખાતામાં સાયબર ફ્રોડના ૯૦૦ કરોડ જમા થયાનો ધડાકો

## ઓપરેશન મ્યુલ હંટ હેઠળ રાજકોટ ગ્રામ્ય પોલિસની તપાસમાં મોટા ખુલાસા : મનિષ કમાણી અને જય નાદપરાના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૨૦૦ કરોડ જમાં થયાના બનાવમાં પડધરી પોલીસ મથકમાં ગુનો નોંધી છ શખ્સોની ધરપકડ કરાઈ'તી

### રાજકોટના મિહિર રંગાણી, હિરેન લીંબાસીયા અને તેલંગણાંના શખ્સના નામ ખુલતાં ધરપકડ, વધુ એકની શોધખોળ : ફ્રોડનો આંક ૧૫૦૦ કરોડને પાર

**અબતક, રાજકોટ**

દેશવ્યાપી ઓપરેશન મ્યુલ હંટ હેઠળ રાજકોટ ગ્રામ્ય પોલિસની તપાસમાં સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરીનું મસમોટું રેકેટ ઝડપાયું છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડની પેઢીના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૯૦૦ કરોડ જમા થયાનો ઘટસ્ફોટ થયો છે. મનિષ કમાણી અને જય નાદપરાના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૨૦૦ કરોડ જમાં થયાના બનાવમાં રાજકોટના મિહિર રંગાણી, હિરેન લીંબાસીયા અને તેલંગણાંના શખ્સના નામ પણ ખુલતાં તેની ધરપકડ કરાઈ હતી. કુલ ફ્રોડના ૧૫૦૦ કરોડની હેરફેર થયાનું ખુલ્યું છે.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજ્ય વ્યાપી ઓપેરશન મ્યુલ હન્ટ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં શંકાસ્પદ ટ્રાન્ઝેકશન ધરાવતા બેન્ક એકાઉન્ટની માહિતી એકત્રિત કરી કામગીરી શરૂ કરવાની આપેલ સુચનાથી સાયબર ક્રાઈમ પીઆઈ આર. જે. ગોધમની રાહબરીમાં પીએસઆઈ એમ.એન.રાઠોડ, સી.બી.વાંક તથા ટીમને સાયબર ક્રાઈમ ગાંધીનગર તરફથી મળેલ માહિતીના આધારે આ તમામ એકાઉન્ટનો સમનવ્ય પોર્ટલ તથા એનસીસીઆરપી પોર્ટલ ૧૯૩૦ પર શંકાસ્પદ એકાઉન્ટ બાબતે તપાસ કરતા તે એકાઉન્ટ પૈકી પડધરી મોવીયા યશ બેંક ખાતે ખુલેલ બેંક એકાઉન્ટ ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલ જ્યોત ટ્રેડીંગ કંપનીના ખાતામાં તપાસ કરતા એકાઉન્ટમાંથી આશરે ૨૦૦ કરોડની આસ-પાસની લેવડ-દેવડ મળી આવેલ.

જેના આધારે પડધરી પોલીસ સ્ટેશનમાં આઈટી એકટ સહિતની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ૬ આરોપીઓ અટક કરવામાં આવેલ છે. અને આ આરોપીઓ હાલ કોર્ટ કસ્ટડીમાં છે.

આ ગુન્હાની તપાસમાં અટક કરેલ આરોપીઓના મળેલ વધુ બેંક એકાઉન્ટની તપાસમાં આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા તથા મિહિર રંગાણી મળી આશરે ૯૦૦ કરોડ રૂપિયાથી વધુની તેના એકાઉન્ટથી હેરફેર કરેલનું મળી આવેલ, જેથી ગુન્હાની તપાસમાં આ અગાઉના પકડાયેલ આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા દ્વારા જે તેના બેંક એકાઉન્ટ મારફતે લેવડ-દેવડ થયેલ હોય તે તમામ રોકડા રૂપિયા ઉપાડી આંગડીયા મારફતે અગાઉના પકડાયેલ આરોપીઓ પ્રવિણસિંહ પરમાર, મહેન્દ્રસિંહ જાડેજા તથા મયુરસિંહ વાઘેલા મોટુ કમિશન લઈ આ આરોપી આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદને મોકલેલ હોય તેમજ ઓન લાઈન ટ્રાન્સફર કરેલનું મળી આવેલ હતું.

જેથી આ આરોપી આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદને અટક કરેલ છે. તેમજ આ ગુન્હામાં અગાઉ પકડાયેલ આરોપીઓ મનિષ કમાણી તથા જય નાદપરાના બેંક એકાઉન્ટ મિહીર રંગાણી સાયબર ફ્રોડના નાણાને રોકડમાં રૂપાંતરીત કરી હેર ફેર કરવા સારૂ આપેલ હોવાનું તપાસમાં ખુલેલ હોય અને તે એકાઉન્ટમાં નાણાની લેવડ- દેવડ હિરેન લીંબાસીયા મારફતે કરેલ હોય જેથી આ મીહીર રામજી રંગાણીની અટક કરેલ છે. તેની તપાસમાં તેની પેઢીના નામે અલગ અલગ બેન્ક એકાઉન્ટ મળી આવેલ હોય તેમાં પણ રૂપિયાની લેવડ-દેવડ કરેલ છે. અને આ લેવડ-દેવડ માં પોતાના હસ્તકના એકાઉન્ટમાં પણ રૂપિયાની લેવડ-દેવડ કરેલ છે. જેથી હિરેન લીંબાસીયાની પણ અટક કરેલ છે.

તેની તપાસમાં આ મિહીર રંગાણી તથા મનિષ રામાણી હસ્તકના તમામ બેન્ક એકાઉન્ટમાં થયેલ નાણાની લેવડ દેવડ હિરેનભાઈ લીંબાસીયાની મધ્યસ્થી થકી થયેલનુ તપાસમાં ખુલેલ છે.

આ ગુન્હામાં આરોપીઓએ અલગ અલગ સમય અને સ્થળે પુર્વ આયોજીત કાવતરૂ રચી, ગુજરાત રાજય તથા અન્ય રાજયના અલગ અલગ ભોગબનનાર વ્યકિતઓને લલચાવી તેઓ સાથે સાયબર ફ્રોડ દ્વારા છેતરપીંડી કે ઠગાઈ કરી નાણા મેળવી ગુન્હો કરેલ છે. આ તપાસ દરમ્યાન અત્યાર સુધીમાં પકડાયેલ આરોપીઓ દ્વારા આશરે ૯૦૦ કરોડ રૂપિયાની સાયબર ફ્રોડના નાણાનું રોકડમાં રૂપાંતર કરી તેની અલગ અલગ માધ્યમથી હેર ફેર કરેલનું તપાસમાં જણાયેલ છે. આ ગુન્હાની તપાસ હાલ ચાલુ છે.

હાલ પોલીસે પકડેલા આરોપીઓમાં આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદ (રહે. જેગતીયાલ ચીંથાકુંટા, તેલંગણા), મીહીર રામજી રંગાણી (રહે. રાજકોટ કુવાડવા રોડ જય ગુરુદેવ પાર્ક -૧ શેરી નં. ૨), હિરેન અશ્વિન લીંબાસીયા (રહે. રાજકોટ ''શીવાલય'' તીરૂપતિ પાર્ક -૨ નાના મોવા હરિદ્વાર હાઈસ વાળી શેરીમાં) નો સમાવેશ થાય છે.

# જે.જે.કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમા યોજાયો માતૃભાષા મહોત્સવ

**અબતક,રાજકોટ**

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને જે.જે.કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ' માતૃભાષા સાહિત્ય અંતર્ગત ' 'માતૃભાષા મહોત્સવ નિમિતે માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. માતૃભાષાનું જતન થાય અને નવી પેઢી પોતાની માતૃભાષાથી પરિચિત થાય તેવા ઉમદા હેતુથી આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

કાર્યક્રમની શરૂઆત માઁ સરસ્વતીની વંદના અને મહેમાનોના



પ્રબુધ્ધ વકતાઓએ માતૃભાષાની આપી ઉંડાણ પૂર્વકની સમજ

હસ્તે દીપપ્રાગટયથી કરવામાં આવ્યું હતું ત્યાર બાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહેમાનો અને વક્તાઓ રુચિર પંડયા, અમીત ગામી,ધમેન્દ્રસિંહ રાઠોડ પુસ્તક અને અમીતસિંહનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું આચાર્ય ડો. યજ્ઞેશભાઈ જોષીએ મુખ્ય મહેમાનો અને વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પરિવારનું શાબ્દિક સ્વાગત કર્યું હતું

માતૃભાષા મહોત્સવ કાર્યક્રમના મુખ્ય વકતા ડો.અમિતસિંહ ગામીએ કવિ ભાનુપ્રસાદ પંડવાની ગઝલોને કેન્દ્રમાં રાખી પોતાની કાઠિયાવાડી શૈલીમાં માતૃભાષા મહિમા ને ભાષાપ્રેમીના હૃદય સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય કર્યું હતું.

રુચિરભાઈ પંડયા એ ભાષા અને લીપીની ઊંડી સમજ આપી વિદ્યાર્થીઓને ગદ્ય અને પદ્ય સાહિત્યની માહિતી આપી માતૃભાષા નું સ્થાન જીવનમાં કેવી રીતે ઉત્કૃષ્ઠ ગણાય છે. તેમજ કવિને કવિતાની રસ્ફુરણા ક્યાંથી અને કેવી રીતે થતી હોય તે પણ દ્રષ્ટાંત આપીને સમજાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.ભારતીબેન પટેલે કર્યું હતું

### લેખક-પત્રકાર નગીનદાસ સંઘવીની સ્મૃતિમાં

# દેવાંશીબેન જોશીને પૂ.મોરારિબાપુના હસ્તે શુકવારે નચિકેત એવોર્ડ અપાશે

## સામાજીક રાજકીય મહાનુભાવો ધર્માતમાઓની ઉપસ્થિતિમાં સવા લાખની રાશી શિલ્ડ કરાશે એનાયત

**અબતક,રાજકોટ**

પત્રકાર, લેખક અને વક્તા સ્વ. નગીનદાસ સંઘવીની સ્મૃતિમાં દર વર્ષે પત્રકારત્વ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારા પત્રકારને 'નચિકેત એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ દેવાંશી જોશીને આ પ્રતિષ્ઠિત એવોર્ડ મોરારીબાપુના હસ્તે અર્પણ કરવામાં આવશે. આ એવોર્ડ સમારોહ તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪:૩૦ કલાકે, કે.જી. ધોળકિયા સ્કૂલ ઓડીટોરીયમ, બાલાજી હોલ પાસે, મહાપૂજા ધામ ચોક, ૧૫૦ ફૂટ રીંગ







રોડ, રાજકોટ ખાતે યોજાશે. આ એવોર્ડમાં રૂપિયા ૧,૨૫,૦૦૦ની રાશી અને શિલ્ડ એનાયત થશે.

ડિજિટલ મીડિયામાં પોતાની આગવી ઓળખ ઉભી કરનારાં દેવાંશી જોશી આજે ગુજરાતભરમાં અત્યંત લોકપ્રિય છે. ગુજરાતી પત્રકારત્વમાં ડિજિટલ મીડિયાની શરૂઆત તેમણે ખુબ નાની વયે કરી અને ટૂંકા ગાળામાં જ પ્રતીતિજનક સફળતા મેળવી છે. લુણાવાડા પાસેના વડાગામમાં જન્મેલાં દેવાંશીએ બી.એસ.સી. માઈક્રોબાયોલોજી કર્યા બાદ પત્રકારત્વ ક્ષેત્રે પ્રવેશતા પૂર્વે તેનો વિધિવત અભ્યાસ કર્યો હતો.

આ કાર્યક્રમમાં સ્વ. નગીનદાસ સંઘવી વિશે અમદાવાદ સ્થિત પૂર્વ અધ્યાપક અને જાણીતા સમાજશાસ્ત્રી ડો. ગૌરાંગ જાની વકતવ્ય આપશે. તેમનો નગીનદાસ સંઘવી સાથે અતરંગ નાતો રહ્યો છે. નચિકેત એવોર્ડ સ્મૃતિ સમિતિમાં વરિષ્ઠ પત્રકાર ભરત ઘેલાણી અને જયંતી ચાંદ્રાનો સમાવેશ થાય છે. રસ ધરાવતા લોકોને આ કાર્યક્રમમાં પધારવા જાહેર નિમંત્રણ છે.

# દર્દી નહીં રહે તરસ્યા: સિવિલ હોસ્પિટલમાં પાણીની સુવિધા વધુ મજબૂત બનાવાય

## રોગી કલ્યાણ સમિતિ દ્વારા ૩૨ ટાંકાઓની પ્રોફેશનલ સફાઈ સાથે પાણીની લાઈનોનું ચેકિંગ

**અબતક રાજકોટ**

શહેરમાં આખાય સૌરાષ્ટ્રના દર્દીઓ માટે 'જીવાદોરી' સમાન પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલમાં ઉનાળાની આકરી ગરમી પૂર્વે જ પીવાના પાણીની સુવિધા સુદ્રઢ બનાવવા સિવિલ હોસ્પિટલ સજ્જ બની છે. દર્દીઓ અને તેમના સગાઓને પાણી માટે રઝળપાટ ન કરવો પડે તે હેતુથી રોગી કલ્યાણ સમિતિ દ્વારા તાત્કાલિક અસરથી સફાઈ અને વ્યવસ્થાપનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.



સિવિલ હોસ્પિટલમાં દરરોજ હજારોની સંખ્યામાં દર્દીઓ અને તેમના સ્વજનો ઉમટી પડતા હોય છે, જેને પગલે અવારનવાર પીવાના પાણીની અછત સર્જાતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ ગંભીર બાબતને ધ્યાને લઈ, રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ ૧૦૮) દ્વારા અધિક્ષક સાથે સંકલન સાધીને આ સમસ્યાનું નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી હતી.

હોસ્પિટલ કેમ્પસમાં આવેલા કુલ ૩૨ જેટલા પાણીના ટાંકાઓની પ્રોફેશનલ રીતે સાફ-સફાઈ કરાવવામાં આવી છે. આ કામગીરી પાછળનો મુખ્ય હેતુ દર્દીઓને શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તેવો છે. ઉનાળાની શરૂઆત થાય તે પહેલા જ તમામ ટાંકાઓ સ્વચ્છ કરી પાણીની લાઈનોનું ચેકિંગ કરાયું છે.દર વર્ષે ઉનાળામાં પાણીનો વપરાશ વધતો હોય છે, ત્યારે હોસ્પિટલના અલગ-અલગ વોર્ડ અને કેમ્પસમાં આવેલા વોટર કૂલર તેમજ ટાંકાઓનું મેન્ટેનન્સ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ''દર્દીની સારવારની સાથે-સાથે પાયાની જરૂરિયાતો જેવી કે પીવાનું શુદ્ધ પાણી મળવું જોઈએ, તે અમારી પ્રાથમિકતા છે.''

# ગીર ગંગા ટ્રસ્ટના જળ સંમેલન ડાયરાના જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ બનશે સાક્ષી

## જળ સંમેલનમાં શનિવારે ચેકડેમ બોર રીચાર્જ તળાવો ઉંડા કરવા લેવાશે સંકલ્પ

**અબતક,રાજકોટ**

અમરેલી જિલ્લાના રાજુવા ખાતે આગામી ૨૮ ફેબ્રુઆરીને શનિવારના રોજ જળ સંરક્ષણ અને જળ સંચયના ઉમદા હેતુથી એક ભવ્ય જળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ, રાજકોટ્ અને રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી, રાજુલાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમ રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે સાંજે ૪ કલાકે યોજાશે.

આ સંમેલનના અધ્યક્ષ સ્થાને ભારત સરકારના કેન્દ્રીય કેબિનેટ જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ ઉપરાંત પ્રેરક ઉપસ્થિત તરીકે ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી અને અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા હાજર રહેશે. રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ આ જળ સંમેલનમાં વિશેષ અતિથિ તરીકે હાજરી આપશે.

આ કાર્યક્રમ દરમિયાન નવા ચેકડેમ બનાવવા, એકડેમોને ઊંચા કરવા અને ઊંડા ઉતારવા નિષ્ફળ ગયેલા બોરને રિચાર્જ કરવા, ગામના તળાવોને ઊંડા ઉતારવા વગેરે માટેના મક્કમ સંકલ્પ લેવામાં આવશે.

આ સંમેલનની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ લોકગાયક રાજભા ગઢવી, મયુરભાઈ દવે અન પોપટભાઈ માલધારી લોકડાયરાની રમઝટ બોલાવશે. આ પ્રસંગે રાજુલા- જાફરાબાદના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓના ધારાસભ્યો, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પડયા પણ ઉપસ્થિત રહેશે.

ધારાસભ્ય અંબરીષ જે. ડેર અને માર્કેટિંગ યાર્ડ પરિવાર - રાજુલા દ્વારા તમામ નાગરિકો અને ખેડૂતોને આ જળ સંમેલનમાં હાજરી આપવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પ્રોજેક્ટ્સ ટુડેએ ભારતની પ્રોજેક્ટ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એઆઈ સંચાલિત બિઝનેસ ઓપોર્ચ્યુનિટી પ્લેટફોર્મ રજૂ કરાયું

## પ્રોજેકટ ટુડે વ્યાવસાયીક ક્ષેત્રે બીઝનેસ વિકાસને આપશે રોકેટ જેવી ઝડપ

**અબતક,રાજકોટ**

પ્રોજેક્ટ્સ ટુડેએ ભારતની પ્રોજેક્ટ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એઆઈ સંચાલિત બિઝનેસ ઓપોર્ચ્યુનિટી પ્લેટફોર્મ રજૂ કર્યું છે. આ નવી પોઝિશનિંગ પ્રોજેક્ટ લાઈફસાઈકલ સંદર્ભ, ટેન્ડર અને એલ૧/ઓર્ડર અપડેટ્સ તથા સ્ટેકહોલ્ડર ઈન્ટેલિજન્સને એક જ સુગમ વર્કફ્લોમાં લાવે છે જેનાથી સંસ્થાનો યોગ્ય સમયે યોગ્ય પ્રોજેક્ટ્સમાં જોડાઈ શકે છે.

આ અપગ્રેડેડ પ્લેટફોર્મ વ્યવહારુ પરિણામો પર કેન્દ્રિત એક એઆઈ સક્ષમ ઉત્ક્રાંતિ રજૂ કરે છે, જેમાં BOQ સર્ચ, સબ-પ્રોજેક્ટ ટ્રેકિંગ, ટેન્ડર-ટુ-ઓર્ડર જર્ની વિઝિબિલિટી, બિડર અને ભાગીદારી અંગેની આંતરદ્રષ્ટિ, ઓપોર્ચ્યુનિટી એસ્ટિમેશન ટૂલ્સ, વિશ્વસનીયતા અને એનાલિટિક્સ ડેશબોર્ડ્સ તથા હિસ્સેદારોના સંબંધોને વધુ સારી રીતે મેપિંગ કરવાનો સમાવેશ થાય છે. આ ક્ષમતાઓ યુઝરની જરૂરિયાતોના આધારે સંબંધિત તકોની ઝડપી શોધ કરવાને સક્ષમ બનાવે છે તથા સંસ્થાનોને સ્ટેજ, સ્કોલ અને સ્ટેકહોલ્ડર્સ અંગે સ્પષ્ટ સંદર્ભ સાથે શું થઈ રહ્યું છે થી આપણે આગળ શું કરવું જોઈએ તરફ આગળ વધવામાં મદદ કરે છે.

૨૫થી વધુ વર્ષોના સંશોધન-આગેવાની હેઠળના કવરેજ દ્વારા સમર્થિત, પ્રોજેક્ટ્સ ટુડે હાલમાં ગંભીર વિચારણા, આયોજન, ટેન્ડરિંગ અથવા અમલીકરણમાં રહેલા ૫૦,૦૦૦ થી વધુ સક્રિય પ્રોજેક્ટ્સને ટ્રેક કરે છે. આ પ્લેટફોર્મ દર મહિને ૧,૫૦૦તી વધુ નવા પ્રોજેક્ટ્સ અને ૧૦,૦૦૦થી વધુ ટેન્ડરો સમાવે છે તથા ૧,૨૦૦થી વધુ માસિક એલક૧/ઓર્ડરના અપડેટ્સ આપે છે. આ રીતે તે વિવિધ ક્ષેત્રો અને રાજ્યોમાં નિર્ણય લેવાની પ્રક્રિયાને ટેકો આપે છે.

# સુદામા પૂરી સાંદિપની વિદ્યા નિકેતનમાં હોળી ધુળેટી ઉત્સવ પૂર્વે સંસ્કૃતિ ચિંતન સત્રમાં થશે જ્ઞાન ગોષ્ઠી

## ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં મેઘ ધનુષ્યના સાત રંગો સમાન સાત સત્રમાં થશે સંસ્કૃતિનું ચિંતન

**અબ તક રાજકોટ**

પોરબંદર એટલે કે સુદામાપુરી માં સાંદિપનીવિદ્યાનિકેતનમાં ભાઈશ્રીના સાનીધ્યમાં મેઘધનુષ્યના સાત રંગો સમાન સાત સત્ર માં સંસ્કૃતિ ચિંતન-સત્રનું આપીજન સંસ્કૃતિ ચિંતનના સત્રના પ્રારંભમાં શિક્ષા મંત્રાલપના પૂર્વ શિક્ષામંત્રી આગનીપ ડો.રમેશજી પોખરિયાલ ''નિશક' અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. સાંદીપનિ વિદ્યાનિકેતન પ્રત્યે ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાન્નિધ્યમાં હોળી ધુળેટીઉત્સવના પૂર્વે સંસ્કૃતિ ચિંતન સત્ર અંતર્ગત યોજાતી સાહિત્યની વાર્ષિક જ્ઞાન ગોષ્ઠીનું પ્રતિવર્ષા અનુસાર આ વર્ષે પણ તા. ૧ થી ૨ માર્ચ દરમ્યાન સાત સત્રોમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાહિત્યના અલગ-અલગ વિષયો પર ગુજરાતના ૫ડકૃષ્ણ વિદ્વાન સાતિત્યકારો/લેખકો ઉદબોધન કરશે. સંસ્કૃતિ ચિંતન સાહિત્યની વાર્ષિક જ્ઞાનગોષ્ઠી ઉદઘાટન સૂત્ર માંદીપનિ વિદ્યાનિકત-નમાં પૂજ્ય ભાઈશ્રીના સાન્નિવ્યમાં તારીખ ૧ત્રી અને ૨જી માર્ષ દરમ્યાન સંસ્કૃતિ પિતન અંતર્ગત સાહિત્યની વાર્ષિક જ્ઞાનગોપીનું સાત ગત્રામાં આપોજન કરવામાં ખાવ્યું છે. જેમાં તારીખ ૦૧-૦૩-૨૦૨૫, રવિવારે જ્ઞાનગોશીના પ્રથમ દિવસના પ્રથમ સત્રમાં સવારે ૧૦:૦૦ થી ૧૧:૪૫ દરમ્યાન ઉદઘાટનસત્ર યોજાવી. ઉદવા?નરસત્રના પ્રારંભે પૂર્વ આઈ. એ. એસ. તેમજ જાણીતા સાહિત્યવિદ ભાગ્યેશભાઈ જહા કાર્યક્રમની ભૂમિકા પ્રસ્તુત કરશે. સંસ્કૃતિ ચિંતનના ઉદઘાટનસત્રમાં ભારત સરકારના શિક્ષા મંત્રાલયના પૂર્વ શિક્ષા મંત્રી ડો.રમેશ પોખરિપાલનિશંક'' અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે તેમજ સંબોધન આપશે. આ સત્રના મુખ્ય વક્તા તરીકે ખુબજ પ્રખ્યાત તત્વ ચિતક, ધ ઓર્મેનાઈઝરના લેખક શ્રી પ્રાણ કેનાર ઉપસ્થિત આને ઉદ્બોધન આપણે. આ સત્રના અંતે પૂજપ ભાઈ પ્રસંગોચિત આશીપંચન આપશે.

# ભારતીય નાગરિક ન હોવાથી બાર કાઉન્સિલની ચૂંટણી લડી નહીં શકે: સુપ્રીમ કોર્ટ

## ઓસીઆઈ કાર્ડધારક વિદેશી નાગરિક ગણાય છે, ભલે તે ભારતીય મૂળનો હોય: ખંડપીઠ

**ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીના ઉમેદવાર સી.કે.પટેલનું ચૂંટણી સમિતિએ નામાંકન રદ કરતા સર્વોચ્ચ અદાલતમાં દાદ માંગી ’તી**

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટએ મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે ઓસીઆઈ કાર્ડ ધરાવતા વિદેશી નાગરિકોને બાર કાઉન્સિલની ચૂંટણી લડવાનો અધિકાર નથી. ચેલાભાઈ કરસનભાઈ પટેલ (સી.કે.પટેલ) દ્વારા ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ઉમેદવારી માટે નામાંકન દાખલ કરાયું હતું, પરંતુ તેઓ ભારતીય નાગરિક ન હોવાના કારણે ચૂંટણી સમિતિએ તેમનું નામાંકન રદ કર્યું હતું. જેના વિરુદ્ધ તેમણે બંધારણની કલમ ૩૨ હેઠળ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.ન્યાયમૂર્તિ ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની ખંડપીઠે સ્પષ્ટ કર્યું કે નાગરિકતા અધિનિયમ મુજબ ઓસીઆઈ કાર્ડધારક વ્યક્તિ વિદેશી નાગરિક ગણાય છે, ભલે તે ભારતીય મૂળનો હોય.કોર્ટે વધુમાં જણાવ્યું કે ગૃહ મંત્રાલયની સૂચના દ્વારા ઓસીઆઈ કાર્ડધારકોને કેટલીક પરિસ્થિતિઓમાં એનઆરઆઈ સમાન ગણવામાં આવ્યા છે, પરંતુ તે સૂચના મર્યાદિત હેતુઓ માટે છે અને તમામ કાયદાકીય પરિસ્થિતિઓમાં લાગુ પડી શકે તેમ નથી. જસ્ટિસ બાગચીએ એડવોકેટ એક્ટની કલમ ૨૪નોઉલ્લેખ કરીને જણાવ્યું કે બાર કાઉન્સિલનો સભ્ય બનવા માટે ભારતીય નાગરિક હોવું કાયદેસર રીતે ફરજિયાત છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે જ્યાં સુધી કાયદામાં યોગ્ય સંશોધન કરવામાં નહીં આવે, ત્યાં સુધી માત્ર સૂચનાના આધારે રાહત આપવામાં આવી શકતી નથી.આ આધારે સુપ્રીમ કોર્ટએ અરજી ફગાવી દીધી અને સ્પષ્ટ કર્યું કે વર્તમાન કાયદાકીય જોગવાઈઓ હેઠળ ઓસીઆઈ કાર્ડધારક સહિત કોઈપણ વિદેશી નાગરિક બાર કાઉન્સિલની ચૂંટણી લડી શકશે નહીં.

# મહુવાના લાતીબજારમાં સિલિન્ડર બ્લાસ્ટ થતાં ત્રણ લોકો ગંભીર રીતે દાઝ્યા

## જોરદાર વિસ્ફોટથી વિસ્તાર આખો ધ્રુજી ઉઠ્યો, ત્રણ મકાનોમાં નુકસાન : ફાયર બ્રિગેડ સહીતની ટીમો દોડી ગઈ

**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં એક ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. મહુવા શહેરના લાતીબજાર વિસ્તારમાં ગેસ સિલિન્ડર ફાટવાને કારણે જોરદાર વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં ૩ વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી જતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે આસપાસના ત્રણ મકાનોને મોટું નુકસાન પહોંચ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહુવાના લાતીબજારમાં આવેલા એક રહેણાંક મકાનમાં વહેલી સવારે ગેસ લીકેજને કારણે અચાનક સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટનો અવાજ એટલો ભીષણ હતો કે આખો વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો અને સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

ઘરમાં હાજર ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી તેમને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. વિસ્ફોટની તીવ્રતાને કારણે આજુબાજુના મકાનની દીવાલો અને છતને નુકસાન થયું છે. પાડોશમાં આવેલા અન્ય બે મકાનોમાં પણ તિરાડો અને નુકસાનના અહેવાલ છે.ઘટનાની જાણ થતાં જ મહુવા ફાયર ફાઈટરની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવી લીધો હતો. પ્રાથમિક તપાસમાં ગેસ લીકેજ જ બ્લાસ્ટનું મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# બુટલેગર સુખદેવસિંહ સટ્ટાના રવાડે ચડ્યો : પીસીબીએ દબોચ્યો

## રેસકોર્સમાં આર્ટ ગેલેરી પાસે ઓનલાઈન આઈડી મારફતે જુગાર રમતા ધરપકડ : બુકીનું નામ ખોલાવવા તજવીજ

**અબતક, રાજકોટ**

શહેરના રેસકોર્સમાં શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી નજીક મોબાઈલ આઈડી મારફત જુગાર રમી રહેલા મવડી વિસ્તારના કુખ્યાત બુટલેગર સુખદેવસિંહ ઉર્ફે સુખાને પીસીબીની ટીમે ઝડપી લીધો હતો. લિસ્ટેડ બુટલેગરે જુગાર રમવા માટેની આઈડી કોની પાસેથી મેળવી હતી? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.પીસીબીના પી.આઈ એમ.આર. ગોંડલીયાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી બાતમી મળી હતી કે, અગાઉ દારૂના ગુનાઓમાં પોલીસ ચોકડી ચડી ચૂકેલા સુખદેવસિંહ ઝાલા રેસકોર્સ ગ્રાઉન્ડ બાલભવન પાસે શ્યામાપ્રસાદ મુખરજી આર્ટ ગેલેરી સામે ગાર્ડનની દિવાલ પાસે બેસી મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમી રહ્યો છે. આ બાતમીના આધારે પીસીબીની ટીમ અહીં પહોંચી હતી.

પોલીસે અહીં મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહેલા શખસની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ સુખદેવસિંહ ઉર્ફે સુખો મહિપતસિંહ ઝાલા(ઉ.વ.૩૭ રહે. મવડી પ્લોટ મારૂતિનગર શેરી નંબર ૬, ગરબીચોક, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેના મોબાઈલ ફોનની તપાસ કરતા તેમાં તાજ૭૭૦ નામની આઈડી જોવા મળી હતી જેમાં યુઝર આઈડી લાલી ૧૦૦ જોવા મળી હતી. જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયા મહિલા ક્રિકેટ મેચ પર તથા લાઈવ કેસનોમાં તીનાપતી ટેસ્ટમાં સોદા કર્યા હોવાનું જણાયુ હતું. જેથી પોલીસે આ શક પાસેથી રૂ. ૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન કબજે કરી તેની સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મોબાઈલ આઈડી મારફત જુગાર રમતા ઝડપાયેલ સુખદેવસિંહ ઝાલા ઉર્ફે સુખો લિસ્ટેડ બુટલેગર છે. અગાઉ પોલીસે તેને દારૂના નામા તે એકથી વધુ વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. ત્યારે હવે લિસ્ટેડ બુટલેગરે ટ્રેક બદલ્યો હોય તેમ મોબાઈલ આઈડી મારફત જુગારની પ્રવૃત્તિ શરૂ કરી છે. આરોપીએ કયા બુકી પાસેથી આઈડી મેળવી જુગાર રમતો હતો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાન દિન ઉજવણી વિદ્યાર્થીનીઓને અપાયું: પરીક્ષાલક્ષી માર્ગદર્શન

## લોકવિજ્ઞાન કેન્દ્રમાં બોર્ડની પરીક્ષા અનુલક્ષીને વિદ્યાર્થીનીઓને પ્રેરક માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર એજયુકેશન ફાઉન્ડેશન સ્થાપિત અને સૌરાષ્ટ્ર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલીત ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ૨૦૨૬ની મહિનાભરની ઉજવણીના ભાગરુપે તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ને શુક્રવારના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર, રાજકોટના ડો. મનીષ સંઘાણી અને કાઉન્સેલર શ્રધ્ધાબેન સંઘાણી દ્વારા વલ્લભ કન્યા છાત્રાલય રાજકોટની ધો. ૧૦ માં અભ્યાસ કરી રહેલ આશરે ૧૩૦ વિદ્યાર્થીનીઓ માટે માર્ગદર્શન સત્ર યોજવામાં આવ્યું. જેમાં પરીક્ષાનો ભય દુર કરી આત્મ વિશ્વાસ સાથે બોર્ડની પરીક્ષામાં પેપર કેવી રીતે લખવું, સમયનું યોગ્ય આયોજન કેવી રીતે કરવું તેમજ કોઈપણ પરિસ્થિતિમાં આપઘાત જેવો ખોટો વિચાર ન જ કરવો. તે અંગે અસરકારક અને પ્રેરણાદાયક માર્ગદર્શન આપવામાં આવ્યું વિદ્યાર્થીનીઓને મુદ્દાઓ લાંબા સમય સુધી યાદ રહી જાય તે માટે વિવિધ મનોવૈજ્ઞાનિક પ્રવૃતિઓ પણ કરાવવામાં આવી.

# જેતપુરમાં કુખ્યાત પાયલ બુટાણીએ ફરી લખણ ઝળકાવ્યા: દંપતીને માર માર્યો

**અબતક, રાજકોટ**

નામચીન પાયલ બુટાણીએ ફરી લખણ ઝળકાવ્યા છે. જેતપુરમાં પાયલના મકાને સફાઈ કરવા આવતી મહિલા પર ચોરીનો આળ મૂકી પરિણીતાને માર માર્યો હતો. બાદમાં ફરીવાર ઘરે ધસી જઈ પરિણીતા અને તેના પતિ પર હુમલો કરતા પાયલ બુટાણી, તેની માતા સહીત ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુર અમરનગર રોડ પર આકાશ રેસીડેન્સી બ્લોક નં.-૪૦૧ માં રહેતી ૩૬ વર્ષીય પરિણીતા હીનાબેન પ્રવીણભાઈ જેઠવાએ આરોપી તરીકે કુખ્યાત પાયલ ભાવેશભાઈ બુટાણી, ભાવના ભાવેશભાઈ બુટાણી (બંને રહે.અમરનગર રોડ, જેતપુર) અને પાયલનું નામ આપતાં જેતપુર સીટી પોલિસણી ટીમે બીએનએસની કલમ ૨૯૬(બી), ૧૧૫(૨) અને ૫૪ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આરંભી હતી. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષથી મારા ઘરની પાછળની શેરી માં રહેતા પાયલબેન બુટાણીના ઘરે હું કચરા-પોતા સહીતની સફાઈ કામ કરવા માટે જાવ છુ. અમારે એકાદ મહીના પહેલા નક્કી થયેલુ હતુ કે, હવે મારે તેમના ઘરે કચરા પોતા કરવા જવાનુ નથી. જેથી ગઈ તા. ૨૨/૦૨/૨૦૨૬ ના રોજ પાયલબેનના માતા ભાવનાબેને મને ફોન કરીને કહેલ કે, તમે તમારો હિસાબ કરી જાવ. જેથી મારા પતિ અને હું પાયલબેનના ઘરે સવારના આશરે સાડા નવેક વાગ્યે ગયેલા હતા. જ્યાં હિસાબ કરતા મારે પાયલ બેનને રૂ. ૯૧૦ આપવાના નિકળતા હતા. જેથી પૈસા આપી અમે ઘરે પરત આવી ગયેલ હતા. થોડીવાર પછી પાયલબેન તથા તેના માતા ભાવનાબેને ફરી ફોન કરી અમને તેમના ઘરે બોલાવેલ હતા. જેથી હું અને મારા પતિ પાયલબેનના ઘરે ગયેલ હતા. જ્યાં પાયલ બુટાણી, તેની માતા ભાવનાબેન તથા મારી પાડોશમાં રહેતા પાયલબેન (કોળી) ત્યાં હાજર હતા. ત્રણેય પૈસાના હિસાબ બાબતે અમારી સાથે ઝગડો કરવા લાગેલ હતા. ત્રણેયએ મને ઢીકાપાટુનો માર મારેલ હતો. મારા પતિ વચ્ચે પડતા તેને પણ ઢીકાપાટુનો માર મારેલ હતો.

મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, બાદ અમે ઘરે આવતા રહેલ હતા. બાદ અમે દવાખાને ગયેલ હતા ત્યારે મારા પતિના ફોનમાં પાયલબેન કોળીએ ફોન કરી કહેલ કે, તમારી પાસેથી લાઈટ બીલના પૈસા લેવાના છે, જેથી હું તમારા ઘરે આવી છું, તમે ઘરે આવો. જેથી હું અને મારા પતિ ઘરે પરત ફર્યા હતા. જયા ઘરની બહાર એપાર્ટમેન્ટના ખુણામાં પાયલ કોળી, પાયલ બુટાણી, ભાવના બુટાણી ઉભા હતા. બાદ અમે બધા ઘરની અંદર જતાં પાયલ બુટાણી કહેવા લાગેલ કે, તુ મારા ઘરમાં કામ કરવા આવતી હતી ત્યારે મારી સોનાની વીટી ખોવાઈ ગઈ હતી જે તે લઈ લીધી છે.

(પહેલા પાનાનું ચાલું)

### કલ્પસર...

બદલાય ગયા બાદ આ યોજનાના હજી ડીપીઆરના પણ ખોઈ જ ઠેકાણા નથી ૨૦૦૨માં ભાજપ સરકારે કલ્પસર યોજનાને સૈધ્ધાંતિક મંજુરી આપી હતી. આ યોજના પાછળ ૨૫ હજાર કરોડ ખર્ચનો અંદાજ હતો. જે હવે વિલંબના કારણે ૯૦ હજાર કરોડે પહોચે તેવી શકયતા છે.

રાજય સરકાર દ્વારા વિધાનસભામાં પુછવામાં આવેલા સવાલમાં એવો જવાબ આપ્યો હતો કે રાજય અને કેન્દ્રની મંજુરી મળ્યા પછી આઠ વર્ષમાં આ પ્રોજેકટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. કલ્પસર યોજનાથી સૌરાષ્ટ્રના દરકે જિલ્લાને હાલ જે નર્મદાના નીર આપવામાં આવે છે. તેની પાછળ જે અબજો રૂપીયાનો ખર્ચ કરવામાં આવે છે. તેમાં મોટો ઘટાડો થઈ જશે. હાલ પમ્પીંગ દ્વારા નર્મદાના નીર પહોચાડવામાં આવી રહ્યા છે. જયારે કલ્પસર યોજનાથી ડાયરેકટ પાણી અપાશે જેથી વીજ ખર્ચમં મોટી બચત થશે.

સાથો સાથ પોર્ટ વિકસાવવાના સરકારના આયોજનને પણ આ યોજના થકી મહત્વપૂર્ણ બળ મળી શકે તેમ છે. સરદાર સરોવર માટે ખર્ચ ગુજરાત કરે છે. પરંતુ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિતના રાજયોને પાણી આપવું પડે છે. કલ્પસર યોજના જો સાકાર થાય તો ગુજરાતે પાણીનું એક પણ ટીપુ અન્ય રાજયોને આપવું નહી પડે બીજી તરફ પાણી શિફટીંગનો જે તોતીંગ ખર્ચ આવે છે તે પણ બચી જશે.

હોલેન્ડે દેશે ૧૯૬૦માં આવી એક યોજના અમલમાં મૂકી હતી. જેના પરિણામે આજે હોલેન્ડ કૃષિ ઉત્પાદન અને જમીન ફળદ્રુપતામાં દબદબો ધરાવે છે. કલ્પસર યોજના સાકાર થાય તો ભાવનગરના અમૂક વિસ્તારોમાં દરિયાના પાણીની ખારાશ અને ક્ષારના કારણે ફળદ્રુપતા ગુમાવી બંજર બની ગઈ છે તેની ફળદ્રુપતામાં પણ વધારો થઈ શકે છે. આ મહત્વકાંક્ષી યોજનાને પૂર્ણ કરવા માટે માત્રને માત્ર રાજકીય ઈચ્છા શકિતની આવશ્યકતા છે.

### ભારત કન્ટેનરમાં વામણું...

વૈશ્વિક મહામારી કોરોના વખતે સર્જાયેલી શિપિંગ કન્ટેનરની ભારે અછતે ભારતને આ દિશામાં ગંભીરતાથી વિચારવા મજબૂર કર્યું હતું. કોવિડ-૧૯ દરમિયાન સપ્લાય ચેઈન ખોરવાઈ જતાં ભારતીય નિકાસકારોને કન્ટેનર માટે ભારે મુશ્કેલી અને ઊંચા ભાડાનો સામનો કરવો પડ્યો હતો. આ જ કારણે સરકારે અને ઉદ્યોગપતિઓએ મેક ઈન ઈન્ડિયા અંતર્ગત સ્વદેશી કન્ટેનરના નિર્માણ માટે પગલાં ભરવાની શરૂઆત કરી હતી. આજે પરિસ્થિતિ ઘણી બદલાઈ છે. ભારતીય કન્ટેનર ઉત્પાદકોએ ગુણવત્તા અને સમયસર ડિલિવરીના મામલે ચીનની બરાબરી કરવાનું શરૂ કરી દીધું છે. ટેકનિકલ ક્ષમતા કે કૌશલ્ય હવે કોઈ સમસ્યા નથી, પરંતુ સૌથી મોટો પ્રશ્ન ઉત્પાદનના ’સ્કેલ’ અને ’કિંમત’નો છે.

કેન્દ્ર સરકાર અને રેલવે મંત્રાલય દ્વારા પણ આ દિશામાં સકારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. સરકારી કંપની ’કોનકોર’ (કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા સ્વદેશી કંપનીઓને હજારો કન્ટેનર્સ બનાવવાના ઓર્ડર આપીને સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત, ભેલ અને બ્રેઈથવેટ જેવી સરકારી કંપનીઓ તેમજ કેટલીક ખાનગી કંપનીઓએ પણ આ ક્ષેત્રે ઝંપલાવ્યું છે. જોકે, શરૂઆતી તબક્કામાં હોવાને કારણે ઉત્પાદનની ગતિ ધીમી છે અને ચીનની જેમ મોટા પાયે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવામાં હજુ સમય લાગશે.

ભારત માટે પોતાની કન્ટેનર મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રી વિકસાવવી એ માત્ર આર્થિક જ નહીં, પરંતુ વ્યૂહાત્મક રીતે પણ અત્યંત જરૂરી છે. જો ભારત ભવિષ્યમાં પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનવાનું અને નિકાસ બમણી કરવાનું લક્ષ્ય રાખતું હોય, તો સપ્લાય ચેઈનની સુરક્ષા માટે સ્વદેશી કન્ટેનર્સ અનિવાર્ય છે. ચીન પરની અતિશય નિર્ભરતા કોઈપણ ભૌગોલિક-રાજકીય તણાવ વખતે ભારતીય વ્યાપાર માટે જોખમી સાબિત થઈ શકે છે. આથી, ટૂંકા ગાળાના આર્થિક નુકસાનને વેઠીને પણ લાંબા ગાળાના ફાયદા માટે આ ઉદ્યોગને જીવંત રાખવો જરૂરી છે.

### હીરા...

આવનારી વેડિંગ સિઝન અને તહેવારોને ધ્યાનમાં રાખીને જ્વેલર્સ દ્વારા પણ યુવાનોને આકર્ષવા માટે સોલિટેરમાં નવી અને આધુનિક ડિઝાઈન્સ માર્કેટમાં મૂકવામાં આવી રહી છે. ભાવમાં ૩૦%નો ઘટાડો યુવા ભારત માટે લક્ઝરીને પરવડે તેવી બનાવી રહ્યો છે, જેનાથી હીરા ઉદ્યોગને સ્થાનિક સ્તરે એક નવો બૂસ્ટ મળ્યો છે.

(ચોથા પાનાનું ચાલુ)

### કણસાગરા મહિલા કોલેજ...

ગ્રુપ સોંગ, પ્રજ્ઞાચક્ષુ બહેનોનું નૃત્ય, પુલવામાં હુમલો અને ઓપરેશન સિંદૂર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી યુવક મહોત્સવમાં પ્રથમ વિજેતા અને આંતર યુનિવર્સિટીમાં યુવક મહોત્સવમાં ભજવાયેલું નાટક શું કહેવા બેઠી છે આ છોકરી

સહિતની કૃતિઓની પ્રસ્તુતિએ સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા બહુ મોટી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થીનીઓ અભીનર્તન વાર્ષિકોત્સવને માણવા (રજા ના દિવસે પણ) ઉમટી પડી હતી. સેલ્ફી પોઈન્ટ વિદ્યાર્થીઓ અને સૌ મોટેરા મહાનુભાવો માટે પણ આકર્ષકનું કેન્દ્ર બની ગયો હતો. ‘અભીનર્તન’ વાર્ષિકોત્સવ જે સ્થળે યોજાયો તે સવાણી હોલને વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ સાથે મળીને મનોરમ્યા રંગોળી તથા પુષ્પોથી શણગાયો હતો.

### બોલબાલા ફાઉન્ડેશન...

ડા. રૂષિલ દોંગા(એમ.ડી.મેડીસીન), ડો. બીપીન પટેલ, ડો. ઉર્વેશ પરમાર (જનરલ સર્જન), ડો. મીત જાગાણી (યુરોલોજી), ડો. આશિષ ભાખર(ગાયનોલોજીસ્ટ), ડો. મીલી કારીયા(ડેન્ટલ સર્જન), ડો. પાર્થ મકવાણા (ઓરલ એન્ડ મેકક્ષીઓફીસીયન સર્જન). ડો. સાગર ઉપાદડીયા(સ્પાઈન સર્જન) સેવા આપી હતી તમામ માટે ચા-અલ્પાહારની વ્યવસ્થા હોસ્પીટલ તરફથી કરવામાં આવી હતી.

આ કેમ્પમાં બોલબાલા ના જયેશ ઉપાધ્યાય, હિતેષભાઈ પોપટ, કમીટી મેમ્બર જયનાથ હોસ્પીટલ ના ભરત સોલંકી (સીઈઓ) તથા તેમની ટીમ ની ઉપસ્થિતી રહયા હતા.

ભવિષ્યમાં પણ આવા સેવાકીય આરોગ્ય કેમ્પ બોલબાલા ટ્રસ્ટ ના સિનીયર/મહીલા પાંખ મેમ્બર, દાતાઓ માટે યોજાશે તેવુ બોલબાલા ટ્રસ્ટ ના પ્રમુખ જયેશ ઉપાધ્યાયે જણાવ્યુ હતુ.

બોલબાલા માં સીનીયર સીટીઝન માટે મેમ્બરસીપ ચાલુ છે રૂબરૂ સંપર્ક કરવો.

### ઈસ્કોનના સ્થાપક...

આપવામાં આવ્યો હતો.મુખ્યમંત્રીએ શ્રીલ પ્રભુપાદને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તથા ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર અને અક્ષય પાત્ર ફાઉન્ડેશન દ્વારા તેમની દિવ્ય મિશનને નિષ્ઠાપૂર્વક આગળ વધારવા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. તેમણે સંસ્થાઓના ભાવિ સાંસ્કૃતિક અને સામાજિક પ્રકલ્પો માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### પરીક્ષાનો શુભારંભ...

વાલીઓને મૂંઝવતા પ્રશ્નો, પરીક્ષા કેન્દ્રની વિગતો કે અન્ય કોઈ પણ મુશ્કેલીના નિરાકરણ માટે આ કંટ્રોલરૂમ વન-સ્ટોપ સોલ્યુશન તરીકે કામ કરશે. આજથી જ આ કંટ્રોલરૂમ ધમધમતો થયો છે.

આ પરીક્ષામાં સૌથી પ્રેરણાદાયી પાસું એ છે કે, શારીરિક અક્ષમતા કે અન્ય બીમારીઓ સામે ઝઝૂમી રહેલા ૧૦૧ વિદ્યાર્થીઓ આ વર્ષે રાઈટર (લહિયા)ની મદદથી પરીક્ષા આપવાના છે. આ વિદ્યાર્થીઓએ પોતાની મર્યાદાઓને બાજુ પર મૂકી શિક્ષણ પ્રત્યેનો પોતાનો જુસ્સો બતાવ્યો છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વસ્તી ગણતરી...

પાડવા પ્રતિબદ્ધ છે

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રથમ સમકાલીન વસતી ગણતરી વર્ષ ૧૮૮૧માં યોજાઈ હતી અને ત્યારબાદ વર્ષ ૨૦૧૧ સુધી પ્રતિ દસ વર્ષે વસતી ગણતરી અવિરત ચાલી આવી છે. તેમણે વસતી ગણતરીની વ્યૂહરચના, રોડમેપ, કામગીરીઓ અને ડિજિટલ પાસાઓ પર વિગતે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, વસતી ગણતરીની સફળતા જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોના સક્રિય નેતૃત્વ, સમર્થન અને સતત નિરીક્ષણ પર નિર્ભર છે. તેથી, આ કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તેમણે સૌ અધિકારીઓને સૂચન કર્યું હતું.

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, આ વખતે રજિસ્ટ્રાર જનરલની કચેરી દ્વારા સમગ્ર દેશ માટે અનેક નવીન પહેલો કરવામાં આવી છે. ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરીને વસતી ગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે, જે વાસ્તવિક સમયમાં પારદર્શિતા લાવશે અને ડેટાનું વિવિધ રીતે વિશ્લેષણ સરળ બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રથમ વખત મકાન સૂચિકરણ તબક્કામાં પણ સ્વ-ગણતરીની ડિજીટલ સુવિધા રજૂ કરવામાં આવશે, જેમાં નાગરિકોની સક્રિય ભાગીદારી મેળવી તેમને આ કાર્યના મહત્વના ભાગીદાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

ગુજરાતના વસતી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, વસતી ગણતરીની કામગીરીએ વિશ્વની સૌથી મોટી અને જટિલ વહીવટી કામગીરીઓમાંની એક કામગીરી છે, જે ભારતની સંસ્થાકીય મજબૂતી દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, પ્રતિ દસ વર્ષે દેશની વસતીની આંકડાકીય માહિતીની ગણતરી હાથ ધરવામાં આવે છે. જેની વિગતો વિવિધ સંસાધનોની ફાળવણી, શહેરી આયોજન, કલ્યાણ યોજનાઓ અને લક્ષિત હસ્તક્ષેપો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આગામી ૨૦૨૭ની વસતી ગણતરી વધુ વિશેષ એટલા માટે છે કે, તે ડેટા-આધારિત અને ટેક્નોલોજી-સુસજ્જિત શાસનના યુગમાં થઈ રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના સચિવ આર્દ્રા અગ્રવાલે આ કાર્યક્રમની સજ્જતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ઉપરાંત, આ બેઠકમાં ગુજરાતના વસતી ગણતરી નિયામકની કચેરી દ્વારા વિવિધ વહીવટી અને તકનીકી પાસાઓ પર વિગતવાર પ્રેસન્ટેશન સાથે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ફેઝ-૧ હેઠળ રાજ્યમાં મકાનો, રહેણાંક એકમો અને ઘરોની વિગતવાર યાદી તૈયાર કરવાની કામગીરીનું આયોજન, તાલીમ, કર્મચારીઓની નિમણૂક અને ડિજિટલ સ્વ-ગણતરી ની સુવિધા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૨૭ની વસતી ગણતરી બે તબક્કામાં યોજાશે જેમાં પહેલા તબક્કામાં ઘર યાદી અને આવાસ ગણતરી થશે જ્યારે બીજા તબક્કામાં વસતી ગણતરી હાથ ધરવામાં આવશે. ગુજરાતમાંએચએલઓની કામગીરી આગામી એપ્રિલ-મે વર્ષ ૨૦૨૬ દરમિયાન શરૂ થશે, જેમાં નાગરિકોને ઓનલાઈન સ્વ-માહિતી ભરવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

### મેટ્રો રેલ...

અંદાજે ૧.૬૦ લાખ લોકોને સરળ અવર-જવર માટે મળે છે.

હવે, કેન્દ્રીય કેબિનેટે ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના ૩.૩૩ કિલોમીટર લાંબા વિસ્તરણને જે મંજૂરી આપી છે. તેમાં ત્રણ એલિવેટેડ સ્ટેશનોનો સમાવેશ થશે અને અંદાજે ૧૦૬૭.૩૫ કરોડનો આ પ્રોજેક્ટ લગભગ ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

### નકલી અધિકારીઓ...

ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા સામે આવ્યા,જામનગર પોલીસને આરોપીને છોડી મુકવા ભલામણ કરતો નકલી સીએમઓ અધિકારી નિકુંજ પટેલ, નકલી ઊઊ અધિકારી ઓમવીરસિંહ, નકલી ગઈઅ અધિકારી ગુંજન કાંતિયા, માંડવી તાલુકમાં નકલી ડેપ્યુટી કલેકટર નેહા પટેલ, નકલી એફસીઆઈ અધિકારી પુણ્યદેવ રાય, વડોદરામાં ઠગે મહિલા સાથે દુષ્કર્મ આચરનાર નકલી સીએમઓ અધિકારી વિરાજ પટેલ સહીત કેટલાય ગઠિયાઓ મનફાવે તેમ કારનામાં અને કૌભાંડ કરી ગુજરાતની નિર્દોષ નાગરિકોની પરસેવાની કમાણીને બેફામપણે લુંટી રહ્યા છે.

ભાજપનાં ચૂંટાયેલા કાઉન્સિલર હિતેશ્વર મોરી નકલી સીબીઆઈ અધિકારી તરીકે પકડાયા. કિરણ પટેલ, સંજય શેરપુરિયા, ભરત છાબડા, સહીત નકલી ગઠિયાઓના ભાજપના નેતાઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટાગ્રાફ સામે આવ્યા છે. જનતા જાણવા માંગે છે કે નકલીઓ સાથે ભાજપનો અસલી સંબંધ શું છે? પીએમ ઓફીસથી લઈ સીએમ ઓફીસ, આઈએએસથી લઈ આઈપીએસ, કલેકટરથી લઈ કેન્દ્રીય એજન્સીના અધિકારી, ગૃહમંત્રાલય હોય કે કસ્ટમ વિભાગ તમામ સરકારી કચેરીઓના બાબુઓનાં નામે લુંટનો કારોબાર કરનારાઓ નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજરની છે? તે ગુજરાત જાણવા માંગે છે.

### ભાવનગર-મુંબઈ વચ્ચે...

નિર્ણય લેવામાં આવ્યો છે, જેના માટે આજથી ટિકિટનું બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ભાવનગરથી નવી મુંબઈ સવારે ૮.૩૫ વાગે અને સાંજે ૨૦.૫૦ વાગે ઉપડશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આધુનિક પરિવહન સુવિધાઓ માટેની સરકારની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ સેવા શરૂ થવાથી ભાવનગરના વ્યાપાર-ઉદ્યોગને નવો વેગ મળશે અને મુંબઈ મારફતે દેશના અન્ય શહેરો સાથેનું જોડાણ પણ સરળ બનશે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ નિમુબેન બાંભણીયાએ કેન્દ્રીય મંત્રી કે.આર. નાયડુ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી મુરલીધર માહોલનો આભાર વ્યકત કર્યો છે. મંત્રી નિમુબેન બાંભણીયાએ કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાનો વિશેષ સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો છે અને આ સુવિધા બદલ સમગ્ર ભાવેણાવાસીઓને અભિનંદન પાઠવ્યા છે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** રાજકોટના વાણંદ મુકતાબેન ભીખુભાઈ શીશાંગીયા (ઉ.વ.૯૫) તે સ્વ. ગીરીશભાઈ, સ્વ. રાજુભાઈ, ભરતભાઈ, રમાબેન, રંજનબેનના માતા, કેતન, હિરેન, ચિરાગ, કેવલ, નીશાબેન, હેતલબેન, કિંજલબેનના દાદીનું તા. ૨૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે સમય સાંજે ૪ થી ૬ દરમિયાન રાજનગર મેઈન રોડ, રેલનગર કાંતિવીર ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપ રાજકોટ ખાતે રાખેલ છે. બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી છારીયા ઉનેવાળ બ્રાહ્મણ સ્વ. પ્રફુલચંદ્ર વલ્લભજી જોશી (ઉ.વ.૮૩) તે અમિત જોશી, ભાવનાબેન ભટ્ટ, શિલ્પાબેન ભટ્ટ, નિશાબેન જોશીના પિતા, પ્રીતી જોશીના સસરા, વૃંદા જોશીના દાદા, યોગેશચંદ્ર જોશી, બીપીનચંદ્ર જોશી, રજનીકાંત જોશીના મોટાભાઈનું તા. ૨૪-૨ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** દલસુખરાય વ્રજલાલ રવાણી (ઉ. ૯૨) તે વિજયાબેનના પતિ, સ્વ. મનસુખભાઈ, દિનેશભાઈ, સ્વ. ગુણવંતભાઈના ભાઈ, નવિનભાઈ બાટવિયાના બનેવી, સ્વ. મયુર, હિના, ઉર્વશી, રૂપેશના પિતા, પરેશભાઈ મહેતા, સ્મિતાબેન વ્યાસનાં સસરા, ધ્રુવિનના નાના, રૂજુતાનાં દાદાનું તા. ૨૩/ ના રોજ અવસાન થયેલ છે. સદગતનુ ઉઠમણું તા. ૨૬ને ગુરૂવારના સવારે ૧૦ થી ૧૦:૩૦ અને પ્રાર્થનાસભા ૧૧ થી ૧૨ શેઠ ઉપાશ્રય ગિરિરાજ હોસ્પિટલ પાસે રાજકોટ રાખેલ છે.

**જેતપુર:** હર્ષદભાઈ ભીખાભાઈ જાની (ઉ.વ.૬૩) તે નરેન્દ્રભાઈ, હંસાબેન, જયેશકુમાર ત્રિવેદી (જામનગર), હીનાબેન, પ્રફુલકુમાર મહેતા (જુનાગઢ)ના મોટા ભાઈ, દર્શન, ધ્રુવિત, નંદીનીના દાદાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન ગાયત્રી મંદિર, કોટડીયા વાડી પાસે, જેનપુર મુકામે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** સ્વ.શાંતિલાલ શામજીભાઈ કણજારાના પુત્ર સ્વ. રમણીકલાલ શાંતિલાલ કણજારા ઉ.વ.૭૫) (સંજય જવેલર્સ વાળા) તે ધીરેનભાઈ તથા વનીતાબેન વિનોદભાઈ લૂંભાણી (સુરત)ના મોટાભાઈ, યોગેશભાઈ અને સંજયભાઈના પિતાશ્રીનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન નીલકંઠ મહાદેવ મંદિર જલારામ -૨, યુનિવર્સીટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. ધીરેનભાઈના મો.નં.૯૮૨૫૩ ૦૪૩૯૩ યોગેશભાઈના મો.નં.૯૨૭૫૦ ૯૪૮૨૫ અને સંજયભાઈના મો.નં.૯૭૧૨૭ ૨૨૯૯૪ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ હડીયાણા ચોવીસી સ્વ. બીપીનચંદ્ર સૂર્યકાંતભાઈ વ્યાસ (સીબીઆઈ ફૌજી), ગં.સ્વ. જાનકીબેન બીપીનચંદ્ર વ્યાસના પુત્ર, નિશિષ બીપીનચંદ્ર વ્યાસના નાનાભાઈ હાર્દિકનું તા. ૨૨-૨ ના અવસાન થયેલ છે. જે સ્વ. અશોકભાઈ સૂર્યકાંતભાઈ વ્યાસ તથા વિજયભાઈ સૂર્યકાન્તભાઈ વ્યાસના ભત્રીજા, ભરતભાઈ પી. જોશી તથા સ્વ. પ્રકાશભાઈ પી. જોશીના ભાણેજ તેમનું બેસણું તા. ૨૬ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬ ઈન્દ્રેશ્વર મહાદેવ, ૯, માસ્તર સોસાયટી, કસ્તુરબા સ્કુલ પાસે ૮૦ ફુટ રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. નવીનચંદ્ર છગનલાલ ધ્રૂવ (ઉ. વ.૮૫) તે મધુબેનના પતિ તથા નિકિતાબેન જયેશભાઈ જસાપરા (અમરાવતી), સંજયભાઈ, પરેશભાઈ, હિતેષભાઈના પિતાશ્રીનું તા.૨૫ રોજના અવસાન થયેલ છે. સદગતનુ બેસણું તા.૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ તેમના નિવાસ સ્થાને વ્રજ વલ્લભ એપાર્ટમેન્ટ, ૮- મનહરપ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.મો. નં.મો.નં.૯૩૨૩૨ ૦૩૫૨૩ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સુરતમાં શેરબજારના ધંધાર્થીનો પરિવાર સાથે સામુહિક આપઘાત: પુત્રી સહિત ત્રણના મોત

## વેસુમાં હેપી એલીગન્સ બિલ્ડીંગનો બનાવ : પરિવારે સુસાઈડ નોટ લખી ઝેરી દવા ગટગટાવી લેતા અરેરાટી : એક પુત્રી સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

સુરતના વેસુ વિસ્તારમાં આવેલી 'હેપી એલિગન્સ' બિલ્ડિંગમાં એક જ પરિવારના ચાર સભ્યોએ ઝેરી દવા પીને સામૂહિક આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. બાલમુકુન્દ રુંગટા નામના વ્યક્તિએ પોતાની પત્ની અને બે માસૂમ દીકરીઓ (ઉંમર આશરે ૫ થી ૭ વર્ષ) સાથે જીવન ટૂંકાવવાનું પગલું ભર્યું હતું. આ કરુણ ઘટનામાં પતિ, પત્ની અને એક દીકરી સહિત કુલ ત્રણ સભ્યોના સારવાર દરમિયાન મોત નીપજ્યા છે, જ્યારે અન્ય એક દીકરીનો આબાદ બચાવ થયો છે, જે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાની જાણ થતા જ વેસુ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો, જ્યાં તપાસ દરમિયાન એક સુસાઈડ નોટ મળી આવી છે. આ સુસાઈડ નોટમાં વૈભવ રુંગટા નામના વ્યક્તિ દ્વારા રૂપિયાની લેતીદેતી મામલે આપવામાં આવતા શારીરિક અને માનસિક ત્રાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વેસુ પોલીસે સુસાઈડ નોટના આધારે તપાસ શરૂ કરી હાલ પોલીસે સુસાઈડ નોટ કબજે કરી ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે અને આ સામૂહિક આત્મહત્યા પાછળના જવાબદાર કારણોની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

### વૈભવ રૂંગટાએ ગાડી-ક્રેડિટ કાર્ડ પડાવી લીધાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ

સુસાઈડ નોટમાં જણાવ્યા અનુસાર, વૈભવ રૂંગટા નામના શખ્સે મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પડાવી લીધા હતા અને તે કાર્ડથી બિનજરૂરી શોપિંગ પણ કરી હતી. આ માનસિક અને આર્થિક ત્રાસને કારણે પરિવારે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે. હાલમાં વેસુ પોલીસે આરોપી વૈભવ રૂંગટા વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રીશ્રી રવિશંકર મહારાજ આજથી ત્રણ દિવસ ગુજરાતના મહેમાન

## ગુજરાતમાં થશે જ્ઞાન, ભક્તિ અને ધ્યાનનો મહાસંગમ

**અબતક, રાજકોટ**

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને માનવતાવાદી નેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ૨૫ ફેબ્રુઆરીએ ગુજરાતની પાંચ દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. વાસદ, સુરત અને અમદાવાદ ખાતે તેમના આગમનની આતુરતાથી લાખો ભક્તો રાહ જોઈ રહ્યા છે.

ગુરુદેવના પવિત્ર સાન્નિધ્યમાં આ ત્રણેય શહેરોમાં આનંદ, જ્ઞાન અને ભક્તિના અદ્વિતીય તરંગો અનુભવાશે. તેમની આ મુલાકાત દરમ્યાન ખાસ જ્ઞાન સત્રો, જાહેર સત્સંગ, દર્શન અને વિશેષ સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આજ ૨૫ ફેબ્રુઆરીએ ગુરુદેવ વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગના ગુજરાત આશ્રમ ખાતે પધારશે. ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી દરમિયાન વાસદ આશ્રમમાં ગુરુદેવના સાન્નિધ્યમાં સત્સંગ, ધ્યાન અને વિશેષ જ્ઞાન સત્રો યોજાશે, જેમાં રાજ્યભરના હજારો સાધકો ઉપસ્થિત રહી જ્ઞાન, શાંતિ અને ભક્તિનો અનુભવ કરશે.

૨૮ ફેબ્રુઆરીએ સુરત અને ૧ માર્ચે અમદાવાદ ખાતે "Soaking in Bliss' શીર્ષક હેઠળ વિશેષ કાર્યક્રમ યોજાશે. આ



કાર્યક્રમમાં ઊંડું આધ્યાત્મિક જ્ઞાન, સંગીત, ધ્યાન અને ગુરુદેવ સાથે લાઈવ સંવાદનો સમાવેશ રહેશે.

અત્યાર સુધીમાં ગુરુદેવની વિશિષ્ટ તણાવમુક્તિ તકનીકોએ વિશ્વના ૧૮૦થી વધુ દેશોમાં ૮૦ કરોડથી વધુ લોકોના જીવનમાં આંતરિક શાંતિ, આરોગ્ય અને સુમેળ પ્રસરાવ્યો છે. આર્ટ ઓફ લિવિંગના સેવા પ્રકલ્પો આંતરિક શાંતિને વ્યવહારુ સેવા સાથે સુમેળમાં જોડે છે. સંસ્થાના સ્વયંસેવકો હજારો નિઃશુલ્ક શાળાઓ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા વંચિત બાળકો અને યુવાનોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પૂરૂં પાડે છે. આપત્તિના સમયમાં વિશાળ રાહત કામગીરી, આરોગ્ય શિબિરો અને ગ્રામ વિકાસ માટેની પહેલો નબળા વિસ્તારોને સશક્ત બનાવે છે. આ ઉપરાંત આર્ટ ઓફ લિવિંગ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત નદી પુનર્જીવન, વૃક્ષારોપણ અને સંવર્ધન, પ્રાકૃતિક ખેતી તથા પાણી સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ગુરુદેવના દ્રષ્ટિકોણ મુજબ જેલ સુધારણા, મહિલા સશક્તિકરણ અને વૈશ્વિક શાંતિ સ્થાપનાના પ્રયાસો સંસ્થાની સેવા પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને છે જેનો મુખ્ય ધ્યેય સુમેળભર્યું, તણાવમુક્ત અને હિંસામુક્ત વિશ્વ રચવાનો છે.

### આગામી ૩ માર્ચે મહાત્મા મંદિર ખાતે યોજાનારી

# ત્રીજી સેમિકનેક્ટ કોન્ફરન્સની યજમાની ગુજરાત કરશે

## માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, સીજી સેમિ, કેઈન્સ અને તેમના વૈશ્વિક ભાગીદારો ગુજરાતના સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસમાં જોડાશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત સરકાર આગામી ૧ માર્ચના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સેમિકનેક્ટ કોન્ફરન્સની ત્રીજી આવૃત્તિની યજમાની કરશે. ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન દ્વારા આયોજિત, આ વૈશ્વિક કોન્ફરન્સ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ થકી પ્રેરિત છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રીના ટેક્નોલોજીમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના આહ્વાને સેમિકન્ડક્ટર ક્ષેત્રને ભારતના ગ્રોથ એજન્ડાના કેન્દ્રમાં સ્થાપિત કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી , રેલવે તેમજ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સાયન્સ અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે.

આ કોન્ફરન્સનું થીમ છેઃ 'ગુજરાતઃ ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન' (ગુજરાતઃ સિલિકોન માટે ભારતનું પ્રવેશદ્વાર), જે ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના પ્રમુખ કેન્દ્ર તરીકે સ્થાપિત થવાની રાજ્યની મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે. ગુજરાત તેના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક કોરિડોર અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ સાથે ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચ ક્ષમતાઓને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. આ કોન્ફરન્સ વૈશ્વિક સેમિકન્ડક્ટર સીઈઓ, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ અગ્રણીઓને એકસાથે લાવશે, જેઓ વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત બનાવતી વ્યૂહરચનાઓ પર ચર્ચા કરશે.

આ બે દિવસીય કોન્ફરન્સમાં મુખ્ય ભાષણો, થીમેટિક પેનલ્સ અને આંતરરાષ્ટ્રીય રાઉન્ડટેબલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે નેક્સ્ટ જનરેશન સેમિકન્ડક્ટર રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગ, ધોલેરા અને સાણંદ જેવા હબ માટે લોજિસ્ટિક્સ અને નિકાસની સજ્જતા, ભવિષ્યના કૌશલ્યો માટે કાર્યબળનો વિકાસ જેવા સત્રો યોજાશે. સત્રોમાં થનારી ચર્ચાઓમાં ભારતના ઈલેક્ટ્રોનિક્સ પાયાને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં પ્રિન્ટેડ સર્કિટ બોર્ડથી લઈને રેઝિલિયન્ટ કોમ્પોનેન્ટ ઈકોસિસ્ટમનો સમાવેશ થાય છે. સમાંતર યોજાનારા સત્રોમાં માઈક્રોન સપ્લાયર્સ રાઉન્ડટેબલ, જાપાન અને તાઈવાન સાથે કન્ટ્રી-સ્પેસિફિક રાઉન્ડટેબલ અને 'ફ્રોમ સિલિકોન ટુ સ્ટુડન્ટ્સઃ બિલ્ડીંગ ઈન્ડિયાઝ સેમિકન્ડક્ટર ફ્યુચર' (સિલિકોનથી વિદ્યાર્થીઓ સુધીઃ ભારતના સેમિકન્ડક્ટર ભવિષ્યનું નિર્માણ) શીર્ષક હેઠળ શિક્ષણ અને આઉટરીચ પર સેમિનારનો સમાવેશ થાય છે.

બીજા દિવસે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR) ખાતે ગાઈડેડ ટુરનું આયોજન કરવામાં આવ્યું છે.આ ગાઈડેડ ટુર પ્રતિનિધિઓને ગુજરાતના મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને પ્રત્યક્ષ જોવાની તક પ્રદાન કરશે.

આ પહેલને માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને કેન્સ સેમિકોન જેવી જાણીતી સેમિકન્ડક્ટર કંપનીઓ તેમજ જેત્રો (જાપાન), કોતરા(કોરિયા), ઈન્વેસ્ટ ઈન્ડિયા, ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન, SEMI, IESA, ELCINA, ICEA અને MEDEPC જેવા નોલેજ પાર્ટનર્સનું સમર્થન મળ્યું છે. તેમની ભાગીદારી વડાપ્રધાનના માર્ગદર્શન અને મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વધી રહેલા આંતરરાષ્ટ્રીય સહયોગ અને રાષ્ટ્રીય પ્રગતિને દર્શાવે છે.

ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬ એક સીમાચિહ્નરૂપ કાર્યક્રમ બનશે, જે સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતના વિકાસનો પાયો નાખશે. આ કોન્ફરન્સ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા માટેના વડાપ્રધાનના વિઝન અને ગુજરાતને નવીનતા અને રોકાણનું કેન્દ્ર બનાવવાની મુખ્યમંત્રીની પ્રતિબદ્ધતા સાથે સંલગ્ન છે. આ દર્શાવે છે કે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં નેતૃત્વ કરવા માટે તૈયાર છે. આ કોન્ફરન્સની થીમ ('ગુજરાતઃ ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન') સૂચવે છે.

# બાર કાઉન્સિલના ઉમેદવાર દિલીપ પટેલનું કાર્યાલય સાંજે ખૂલું મુકાશે

## નોટરી, રેવન્યુ, મહિલા બાર અને બારના હોદ્દેદારો દ્વારા અને સિનિયર જુનિયર એડવોકેટો દિલીપ પટેલને વધુ એક વખત વિજય બનાવવા અપીલ

**અબતક, રાજકોટ**

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીના ઉમેદવાર દિલીપ પટેલના ચૂંટણી કાર્યાલય કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર સામે અક્ષર માર્ગ મેઈન રોડ બાન લેબની સામે તારીખ ૨૫ને બુધવારે સાંજે શરૂ કરવામાં આવશે.વધુ વિગત મુજબ ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી આગામી ૬ માર્ચના રોજ યોજાનાર છે.જેમાં બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન અને બાર કાઉન્સિલ ઈન્ડિયાના સહ અધ્યક્ષ દિલીપ પટેલ છેલ્લા બે ટર્મથી ગુજરાતમાં સૌથી વધુ મતોથી ચૂંટાયેલા દિલીપ પટેલ વધુ એક વખત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી છે. દિલીપ પટેલને વિજય બનાવવા માટે વકીલોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે જે અંતર્ગત આજે સાંજે ચૂંટણી કાર્યાલય ધમધમવાનું છે. આ તકે માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, પૂર્વ પ્રમુખ



પરેશભાઈ મારુ, પ્રમુખ સુમિતભાઈ વોરા , રેવન્યુ બારના પ્રમુખ રમેશભાઈ કથીરિયા, વિજયભાઈ તોગડિયા, સુરેશ સાવલિયા, પંકજ દોંગા તથા નોટરી બાર એસો.ના પ્રમુ પ્રકાશસિંહ ગોહિલ, હસમુખ જોશી, યોગેશ ઉદાણી, હેમાંગ જાની, દિલીપ મહેતા, ક્લેઈમ બારના પૂર્વ પ્રમુખ રાજેશ મહેતા, ગોપાલ ત્રિવેદી, સહિતના ઉપસ્થિત રહેશે.નોટરી એસો.ના રમેશભાઈ ભેંડરી, રાજભા ગોહિલ, રાજેશભાઈ દવે, પરાગભાઈ શાહ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હિમાશુભાઈ શીશાંગીયા, સબીરભાઈ હીરા, જગદીશભાઈ કુવાડીયા, આશિત સોનાપાલ, સબીરભાઈ લોખંડવાલા અજયભાઈ પીપળીયા, અશ્વિનભાઈ સંખારીયા, લાલજીભાઈ બગડા, ભરતભાઈ બદાણી, વિજયભાઈ દવે, દિલીપભાઈ ગાંગાણી, અનિલભાઈ શંખારવા, અનિલભાઈ કાકડીયા, નિખિલભાઈ ઝાલાવાડીયા તથા પૂર્વ પ્રમુખ ગાંગાણી સહિતના સભ્યો ઉપસ્થિત રહેશે. ભાજપ લીગલ સેલના પૂર્વ કન્વીનર હિતેશભાઈ દવે, વિરેન વ્યાસ, ધર્મેશભાઈ સખીયા, વિમલભાઈ ડાંગર, તુષારભાઈ દવે, વી ડી મહેતા, રજનીભાઈ ગજેરા, પરેશભાઈ પાદરીયા, સંજયભાઈ જોશી, રુદ્રભાઈ ભટ્ટ, કપિલભાઈ શુકલ, સમીરભાઈ ખીરા, જે. સી. પરસાણા, રિતેશભાઈ ટોપીયા સહિતના ઉપસ્થિત રહેનાર છે. મહિલા બાર એસો ના પ્રમુખ નયનાબેન ચૌહાણ, રક્ષાબેન ઉપાધ્યાય, મહેશ્વરીબેન ચૌહાણ, જાગૃતિબેન દવે, એકતા જોશી, બિનલબેન રવેસીયા, સ્મિતાબેન અત્રિ, ચંદનીબેન શીલું, સ્તુતિબેન ત્રિવેદી, પ્રગતિ માકડિયા, નિશાબેન લૂનાગરિયા, મીનલબેન સોનાપાલ, રશ્મિબેન પટેલ, સોનલ ટોળિયા, હીનાબા જાડેજા, ધર્મિષ્ઠા પટેલ સહિતના બહેનો ઉપસ્થિત રહેશે. બાર એસો. ના કલ્પેશભાઈ સાકરીયા, સ્તવનભાઈ મહેતા, નિકુંજભાઈ શુક્લા, વિશાલભાઈ ગોસાઈ, બિમલભાઈ જાની, હરેશભાઈ પરસોંડા, ભાર્ગવભાઈ પંડયા, સંજયભાઈ ડાંગર, હસમુખભાઈ સાગઠીયા, વિજયભાઈ રૈયાણી, સેક્રેટરી નિલેશભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રભાઈ ગોંડલીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ, ધવલભાઈ સુદાણી, જીતેશભાઈ વિરાણી, કલ્પેશભાઈ નસીત, અલ્પેશભાઈ પોકીયા, અમિત ગડારા,હરેશભાઈ તાળા, રક્ષિતભાઈ રૈયાણી સહિતના વકીલો દિલીપ પટેલના કાર્યાલય જવા થનગનાટ અનુભવી રહેલ છે.

### બારે એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા અને પૂર્વ પ્રમુખ પરેશ મારુ સહિતની ટીમ દ્વારા પ્રચાર, પ્રસાર અને પ્રવાસની કમાન્ડ સંભાળી

# જામનગર-લાખાબાવળ રેલ સેક્શનના ડબલિંગનું કાલે ઈન્સ્પેકશન

## જામનગર-લાખાબાવળ ટ્રેક પર ૧૨૦ કિમી/કલાકની ઝડપે થશે સ્પીડ ટ્રાયલ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા રેલ સુરક્ષા અને સંચાલન ક્ષમતાને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભરતા, રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ અંતર્ગત જામનગર-લાખાબાવળ (૧૦ કિમી) સેક્શન વચ્ચે નવનિર્મિત અપ મેઈન લાઈન અને ડાઉન મેઈન લાઈનનું સુરક્ષા નિરીક્ષણ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રેલ સેફ્ટી કમિશનર દ્વારા કરવામાં આવશે.

નિરીક્ષણ દરમિયાન નવી રેલ લાઈનોની સુરક્ષા, સ્થિરતા અને ટેકનિકલ માપદંડોની ચકાસણી કરવા માટે બંને અપ અને ડાઉન લાઈનો પર ૧૨૦ કી.મી. પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ લેવામાં આવશે. નવી લાઈન પર સુરક્ષિત અને ઝડપી ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરવા માટે આ પરીક્ષણ એક મહત્વપૂર્ણ તબક્કો છે.

રેલવે પ્રશાસને તમામ સંબંધિતો અને સામાન્ય નાગરિકોને અપીલ કરી છે કે ટ્રાયલ રન દરમિયાન રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવી રાખે અને ટ્રેકની આસપાસ કોઈપણ પ્રકારની અવરજવર ટાળે. આ સમય દરમિયાન રેલવે ટ્રેક ઓળંગવો અથવા તેની નજીક જવું અત્યંત જોખમી અને જીવલેણ સાબિત થઈ શકે છે.

સુરક્ષા નિરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, આ સેક્શનમાં બંને લાઈનો પર ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે નિયમિત રેલ સેવાઓ શરૂ થવાની શક્યતા છે.

રેલવે પ્રશાસને જાહેર જનતાને સુરક્ષા નિયમોનું પાલન કરવા અને સુરક્ષિત રેલ સંચાલનમાં સહયોગ આપવા અપીલ કરી છે.

# વોર્ડ નં.૧ માં 'મન કી બાત' કાર્યક્રમ નિહાળતા મેયર

**અબતક, રાજકોટ**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના મન કી બાત ના ૧૩૧ માં એપિસોડ માં વોર્ડ નં.૧ માં મેયર નયનાબેન પેઢડિયા, રાજુભાઈ ધ્રુવ,લલિત વાડોલીયા કાર્યકર્તાઓ સાથે ઉપસ્થિત રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષા પે ચર્ચા , મહિલા સશક્તિકરણ - યુવાનોમાં સ્ટાર્ટઅપ, નવીનતા અને આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ માટે પ્રેરક ઉદાહરણો, પ્રોત્સાહક સંદેશ મન કી બાત નો એપિસોડ લગભગ ૪૪% આજનોરાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવેના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧ માં ગાંધીગ્રામ વિસ્તારમાં ભાજપ અગ્રણી સેજલબેન અમિત ચૌધરી ના નિવાસસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં મહેમાન તરીકે ભાજપ અગ્રણી રાજુ ધ્રુવ, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી લલિત વાડોલિયા, વોર્ડ નંબર ૧ કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, વોર્ડ નંબર ૧ પ્રમુખ જયરાજસિંહ જાડેજા, વોર્ડ નંબર ૧ મહામંત્રી નાગજીભાઈ વરૂ,ઉપસ્થિત રહ્યા હતા.

# હિંગળાજ માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા રવિવારે યોજાશે એક્યુપ્રેસર ઉપચારનો નિઃશુલ્ક સારવાર કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં ધર્મ સાથે સમાજ સેવાના યજ્ઞ માટે જાણીતી સંસ્થાઓમાં શિરમોર ગણાતા વેરાડના હિંગળાજ માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા જરુરીયાત મંદો માટે એક્યુપ્રેસર ઉપચારના નિઃશુલ્ક પાયમાં સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૧લી માર્ચને રવિવારે ઈન્દિરા સર્કલ નજીક, રવિરત્ન પાર્ક શેરી નં. ૪, ઈ-૧૧૯, બ્રહ્માકુમારી અને સોમેશ્વર મહાદેવ મંદિર વચ્ચે સવારના ૯ થી ૧૨.૩૦ અને બપોરે ૩ થી ૮ વાગ્યા દરમિયાન યોજાનારા કેમ્પમાં દાંત દાઢ અને સોજાવારા ગોઠણના દુઃખાવાઓની સારવારના નિઃશુલ્ક એક્યુપ્રેસર સારવારની સેવા આપવામાં આવશે. આ કેમ્પમાં દાંત દાઢના ૪૦ તથા સોજાવારા ગોઠણના ૨૦ દર્દીઓને સારવાર આપવામાં આવશે. શુક્રવાર અને શનિવારની રાત્રે ૮ થી ૧૦.૩૦ વચ્ચે મો. નં. ૮૪૦૧૦ ૩૩૦૧૫ ઉપર અગાઉથી નામ નોંધાવી લેવા જણાવાયું છે. પાણી પીવાથી થતી કવ અને મીઠાઈ ખાવાથી દાંત દાઢમાં ઉપડતા દુઃખાવાઓ તથા કોઈપણ દાંત દાઢમાં થતાં સતત લવકારાઓ દાઢના મુળમાં રસી ન હોય તો કોઈ જાતની દવા વગર અને દુઃખતી દાઢને અડ્યા વગર એક્યુપ્રેસર ઉપચારથી એક જ ધકકામાં માત્ર ૧૦ મીનીટથી અડધા કલાકમાં મોટા ભાગના દુઃખાવાઓ મટી શકશે.

# શેરબજારમાં ફેબ્રુઆરીમાં નાણાકીય સંસ્થાઓએ ખરીદી ઘટાડી!

## સ્થાનિક નાણાકીય સંસ્થાઓ પણ ધીમી પડી વિદેશી નાણાકીય સંસ્થાઓની આક્રમક વેચવાલી પણ અટકી

## બજારમાં ગભરાહટ નો માહોલ યથાવત આઈ.ટી સેક્ટરના શેરોમાં ૩ થી ૬%નો ઘટાડોઆઈટી સેક્ટર પહોંચ્યું પર સપ્તાહના તળિયે

**અબતક, રાજકોટ**

ફેબ્રુઆરી મહિનામાં અત્યાર સુધીની વાત કરીએ તો નાણાકીય સંસ્થાઓએ શેરોની ખરીદીમાં આક્રમકતા દેખાડી નથી. સામાન્ય રીતે વિદેશી નાણાકીય સંસ્થાઓ ભારતીય શેરબજારમાં શેરો વેચી રહી છે અને ઘણા મહિનાથી વેચી રહી છે, પરંતુ સ્થાનિક નાણાકીય સંસ્થાઓ ખૂબ મોટા પાયે અને ખૂબ જ આક્રમકતાથી ખરીદી કરી અને બજારને મોટો ટેકો આપી રહી છે. પરંતુ ફેબ્રુઆરીમાં સ્થિતિ જુદી છે. વિદેશી નાણાકીય સંસ્થાઓ એ વેચવાલીમાં જે અત્યાર સુધી આક્રમકતા દેખાડી હતી, તેના બદલે તેઓએ ફેબ્રુઆરીમાં ખાસ કોઈ મોટી રકમના શેરોનું વેચાણ કર્યું નથી. તો સ્થાનિક નાણાકીય સંસ્થાઓએ મોટાપાયે ખરીદી કરી નથી.આમ સરવાળે પરિસ્થિતિ શાંત જોવા મળી રહી છે અને ખરીદ વેચાણ ની પ્રક્રિયા ધીમી પડી છે અને ક્યાંય આક્રમકતા દેખાતી નથી. યુ.એસ-ભારતની ટ્રેડ ડીલ અટકેલી છે.ક્યાંય કોઈ પણ પ્રકારની નિશ્ચિતતા જોવા મળતી નથી. દરરોજ નવા-નવા ફતવા ટેરીફ ને લઈને જોવા મળી રહ્યા છે.સમગ્ર વિશ્વમાં ટેરીફનો ભય ખૂબ જોવા મળી રહ્યો છે. ત્યારે ભારતીય શેરબજારમાં પણ અનિશ્ચિતતાનો દોર ચાલી રહ્યો છે. રોકાણકારોમાં પણ ગભરાહટ જોવા મળી રહી છે. ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

વિશ્વભરમાં એઆઈને લઈને ઘણી બધી શક્યતાઓ,સંભાવનાઓ અને તેને લઈને પડનારી આર્થિક અસરોનો અભ્યાસ ચાલી રહ્યો છે. મોટી-મોટી કંપનીઓ પણ એ.આઈ ની શું અસર પડશે, તેને લઈને પણ જુદા જુદા અન્ય અભ્યાસ તજજ્ઞો દ્વારા કરવામા આવી રહ્યા છે.ઈન્ફોસિસ, વિપ્રો, ટી.સી.એસ, એચ.સી.એલ અને ટેક મહિન્દ્રા જેવી કંપનીના શેરો તેની પર સપ્તાહની ટોચ થી ૨૩ થી ૩૦% સુધી ઘસાયા છેખાસ કરીને ભારતીય આઈ.ટી કંપનીઓ અને તે પણ જાયન્ટ અને લીડિંગ આઈ.ટી કંપનીઓના પરિણામો પર શું અસર પડશે, તેને લઈને પણ બજારમાં સાવચેતી જોવા મળી રહી છે.હાલમાં તો આઈ.ટી શેરોમાં જોરદાર વેચવાલી જોવા મળી રહી છે. બીજી બાજુ મ્યુચ્યુઅલ ફંડ માં ખાસ કરીને એસઆઈપીના ઈન્ફ્લો મા ખાસ કોઈ મોટો વધારો જોવા મળે તેવું લાગતું નથી.



જીઓ પોલિટિકલ ટેન્શન ને કારણે પણ શેરબજારમાં ચિંતા નો માહોલ છે. આવનારા દિવસોમાં વોલ્યુમમાં પણ ઘટાડો જોવા મળશે.કેમકે એસ.ટી.ટીનો વધારો અમલી થશે.શેર બ્રોકરો ના પ્રોપ્રાઈટરી ટ્રેડ માં પણ તીવ્ર ઘટાડો જોવા મળશે. કારણ કે ફંડિંગ ને લઈને નિયમો વધુ આકરા થતાં વોલ્યુમ ને મોટી અસર કરશે અને વોલ્યુમમાં તીવ્ર ઘટાડો થશે.

સોના-ચાંદીના ભાવો ખૂબ જ વધી ગયા છે. કારણ કે યુદ્ધના ભણકારા, ટેરીફ ને લઈને વિશ્વભરમાં ચાલી રહેલી ટેરીફ વોર ઉપરાંત સોના ચાંદીમાં લાંબા ગાળે ખૂબ જ સારું વળતર મળતું હોય છે. તેમાટે લોકો સોના ચાંદી પર મોટું રોકાણ કરવા લાગ્યા છે. જોકે હવે ઉંચા ભાવે સાવચેતીનો દોર રહેશે અને આ ભાવે નવું રોકાણ આવે તેવી શક્યતા નહીં હોત છે.

શેરબજારની હાલત પણ ખરાબ છે કારણ કે પ્રાઈમરી માર્કેટની ગતિવિધિઓમાં પણ ઘટાડો આવ્યો છે.શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર હાલમાં ઘણા બધા કારણોથી શેરબજારમાં તેજી જોવા મળતી નથી.બલ્કે શેરોના ભાવમાં ૩૦% થી ૫૦% સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. કારણ કે,અમેરિકા જેવા દેશના પ્રેસિડન્ટ દ્વારા થતા અવાર નવાર ટેરિફ ને લઈને નિવેદનોની પ્રતિકૂળ અસર પડી છે. જીઓ પોલિટિકલ પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. સ્થાનિક કારણો પણ છે જ જેમ કે એસ.ટી.ટીનો વધારો, પ્રોપ્રાયટરી ફંડિંગ ને લઈને નિયમો કડક થતા આવનારા સમયમાં વોલ્યુમ અને ભાવ ઉપર અસર થવાની શક્યતા છે.

આઈએને લઈને આઈ.ટી કંપનીઓ પર પણ વધારે પ્રેશર જોવા મળી રહ્યું છે. આવા અનેક કારણોથી બજાર હાલ પ્રેશર હેઠળ છે અને ખાસ કોઈ તેજી થઈ રહી નથી. રોકાણકારોમાં સાવચેતીનો સૂર તો છે જ પરંતુ ગભરાહટનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.પરિસ્થિતી સુધરતા કદાચ સમય લાગશે.

# મોદી ઈઝરાયેલની મુલાકાતે: સુરક્ષા, વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રના કરાર થશે

## સંરક્ષણ ઉપરાંત ખેતી, પાણી વ્યવસ્થાપન અને વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે

## મુલાકાત પહેલા, નેતન્યાહૂએ આ યાત્રાને ''ઐતિહાસિક'' ગણાવી અને મોદીને ''પ્રિય મિત્ર'' તરીકે ઓળખાવ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ઈઝરાયેલની બે દિવસીય પ્રવાસે છે. ૨૦૧૭ માં વડાપ્રધાન બન્યા પછી તેઓ દેશની યાત્રા કરનારા પ્રથમ ભારતીય વડા પ્રધાન બન્યા, આ યાત્રાએ દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડ્યા. આ મુલાકાતનો મુખ્ય હેતુ ભારત અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો અને સુરક્ષા તેમજ વેપાર જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવાનો છે. બંને દેશો વચ્ચે એક નવા સુરક્ષા કરાર પર હસ્તાક્ષર થઈ શકે છે.

આ વર્ષના અંત સુધીમાં મુક્ત વ્યાપાર કરાર કરવાની દિશામાં પણ વાત આગળ વધશે. સંરક્ષણ ઉપરાંત ટેક્નોલોજી, ખેતી, પાણી વ્યવસ્થાપન અને વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે. ઈઝરાયેલ સાથેની આ 'વ્યૂહાત્મક ભાગીદારી' એશિયામાં શક્તિનું નવું સંતુલન પેદા કરશે. પીએમ મોદી જેરુસલેમમાં યાદ વાશેમ (વર્લ્ડ હોલોકોસ્ટ રિમેમ્બરન્સ સેન્ટર) ની મુલાકાત લઈને યહૂદી નરસંહારના



પીડિતોને શ્રદ્ધાંજલિ આપશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના ભાવનાત્મક અને ઐતિહાસિક જોડાણને વધુ ગાઢ બનાવશે.

નેતન્યાહૂ તેમના માનમાં એક ખાનગી રાત્રિભોજનનું આયોજન કરે તેવી અપેક્ષા છે. આ પ્રવાસ કાર્યક્રમમાં જેરુસલેમમાં એક નવીનતા કાર્યક્રમ અને વર્લ્ડ હોલોકોસ્ટ રિમેમ્બરન્સ સેન્ટર, યાદ વાશેમની સંયુક્ત મુલાકાતનો સમાવેશ થાય છે. ઈઝરાયલ ભારતને લશ્કરી પ્લેટફોર્મ અને શસ્ત્ર પ્રણાલીઓનો મુખ્ય સપ્લાયર છે. મુલાકાત પહેલા, નેતન્યાહૂએ આ યાત્રાને ''ઐતિહાસિક'' ગણાવી અને મોદીને ''પ્રિય મિત્ર'' તરીકે ઓળખાવ્યા. ઈઝરાયેલ ભારતને અત્યાધુનિક શસ્ત્રો અને મિલિટરી પ્લેટફોર્મ પૂરું પાડતો સૌથી મોટો સપ્લાયર છે.

આ પ્રવાસમાં સરહદી સુરક્ષા અને આતંકવાદ સામે લડવા માટે ટેકનોલોજી શેરિંગ પર હસ્તાક્ષર થઈ શકે છે. વર્ષના અંત સુધીમાં આર્થિક સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માટે પર ચર્ચા આગળ વધશે. ઈઝરાયેલની ડ્રીપ ઈરિગેશન અને પાણીના રિસાયકલિંગની ટેકનોલોજી ભારતના ગ્રામીણ વિકાસ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. જ્યારે વૈશ્વિક સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, ત્યારે ભારતનું ઈઝરાયેલ સાથે આ રીતે મજબૂતીથી ઉભા રહેવું એ સ્પષ્ટ કરે છે કે ભારત પોતાના હિતોના આધારે સ્વતંત્ર વિદેશ નીતિ અપનાવે છે.

### 'નેસેટ'ને સંબોધિત કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન

આ મુલાકાતની સૌથી મોટી વિશેષતા એ છે કે પીએમ મોદી ઈઝરાયેલની સંસદ, 'નેસેટ'ને સંબોધિત કરશે. તેઓ ઈઝરાયેલની સંસદ 'નેસેટ'ને સંબોધિત કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બનીને ઈતિહાસના પાનામાં ગૌરવવંતું સ્થાન મેળવશે. આ સંબોધન ભારત અને ઈઝરાયેલ વચ્ચેના મજબૂત સંસદીય અને લોકશાહી સંબંધોનું જીવંત પ્રતિક બની રહેશે. મુલાકાત દરમિયાન પીએમ મોદી ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગ સાથે પણ દ્વિપક્ષીય મંત્રણા યોજી સંબંધોને નવી ઊંચાઈ આપશે. આ કાર્યક્રમ વિશ્વ સ્તરે ભારતની વધતી જતી મુત્સદ્દીગીરી અને અતૂટ મિત્રતાના પુરાવા સમાન માનવામાં આવે છે. બંને દેશો વચ્ચેના ગાઢ રણનીતિક સહયોગને આ મુલાકાત અને સંબોધન વધુ વેગ આપશે તેમ નિષ્ણાતોનું માનવું છે.

---

### મેરે અંગને મેં તુમ્હારા ક્યાં કામ હૈ

# ''ડાયરેક્ટ ટુ હોમ'' વિદેશમાં આંટા મારતા ટીવી ચેનલોની નુકસાની રૂ. ૧૦,૦૦૦ કરોડને પાર

## ડીટીએચ પાઈરેસીનો આતંકથી સ્મગલિંગ થતા સેટ-ટોપ બોક્સ રોકવા બ્રોડકાસ્ટર્સે સરકાર પાસે માગી 'ટેકનિકલ સુરક્ષા'

**અબતક રાજકોટ**

ભારતીય મનોરંજન જગતનું સુપરહિટ ગીત 'મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ' અત્યારે ભારતીય બ્રોડકાસ્ટર્સ પાઈરેસી કરનારા તત્વોને કહી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ભારતની સીમાઓ ઓળંગીને વિદેશી આંગણે ગેરકાયદેસર રીતે પહોંચતા ડીટીએચ સિગ્નલોએ દેશના મીડિયા ઉદ્યોગની ઊંઘ હરામ કરી દીધી છે. કાયદેસરના સેટ-ટોપ બોક્સ જે ભારતીય ઘરો માટે છે, તે હવે સ્મગલિંગ થઈને પડોશી દેશો અને ગલ્ફમાં ધૂમ મચાવી રહ્યા છે, જેના કારણે ભારતીય બ્રોડકાસ્ટર્સને વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ભારતીય બ્રોડકાસ્ટિંગ ઉદ્યોગે સરકારને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, ભારતના સસ્તા અને ગુણવત્તાયુકત ડીટીએચ પેકેજીસનો દુરુપયોગ થઈ રહ્યો છે. ભારતમાં એક્ટિવેટ થયેલા સેટ-ટોપ બોક્સ ગેરકાયદેસર રીતે વિદેશ મોકલવામાં આવે છે. ત્યાં આ બોક્સ દ્વારા ભારતીય ચેનલોના ફીડને લોકલ કેબલ નેટવર્ક અથવા ઈન્ટરનેટ દ્વારા વેચવામાં આવે છે. વર્ષ ૨૦૨૪ માં અંદાજે ૯ કરોડ લોકોએ ચોરીછૂપીથી આ કન્ટેન્ટ જોયું છે, જેનાથી અંદાજે રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ નું નુકસાન થયું છે. આ સિલસિલો ચાલુ રહ્યો તો ૨૦૨૯ સુધીમાં આ નુકસાન બમણું થઈને રૂ. ૨૦,૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે.બ્રોડકાસ્ટર્સે હવે 'ફોરેન્સિક વોટરમાર્કિંગ' જેવી આધુનિક ટેકનોલોજીને ફરજિયાત બનાવવાની માગ કરી છે. સામાન્ય રીતે ચેનલ પર આવતા આંકડા (ફિંગરપ્રિન્ટ) પાઈરેટ્સ છુપાવી દેતા હોય છે, પરંતુ ફોરેન્સિક વોટરમાર્કિંગ એવી ટેકનોલોજી છે જે વીડિયોમાં અદ્રશ્ય રીતે છુપાયેલી હોય છે. તેનાથી એ તરત ખબર પડી જાય છે કે કયા ચોક્કસ સેટ-ટોપ બોક્સમાંથી સિગ્નલની ચોરી થઈ રહી છે.

કાયદાકીય નિષ્ણાતોના મતે, હવે સમય આવી ગયો છે કે દરેક સેટ-ટોપ બોક્સનું જીઓ-ટેગિંગ કરવામાં આવે. એટલે કે જો બોક્સ ભારતના લોકેશનની બહાર જાય, તો તે આપમેળે બંધ થઈ જવું જોઈએ. આ ઉપરાંત, મોબાઈલની જેમ સેટ-ટોપ બોક્સમાં પણ સિમ-કાર્ડ આધારિત વેરિફિકેશન અથવા ક્યુઆર કોડ સ્કેનિંગ જેવી વ્યવસ્થા હોવી જોઈએ જેથી તેના લોકેશન પર નજર રાખી શકાય.

---

# નાગરિકતાનો આધાર ''આધાર કાર્ડ'' નથી

## ચૂંટણી પંચે નક્કી કરેલા ૧૧ દસ્તાવેજો ઉપરાંત, ધોરણ ૧૦નું એડમિટ કાર્ડ અને માર્કશીટ પણ નામ નોંધાવવા માટે માન્ય ગણાશે

**અબતક, રાજકોટ**



ભારતીય લોકશાહીમાં 'મત આપવાનો અધિકાર' એ સૌથી પવિત્ર અધિકાર છે, પરંતુ આ અધિકાર કોને મળવો જોઈએ તે નક્કી કરવું એક મોટી કાયદાકીય પ્રક્રિયા છે. તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં નામ નોંધાવવા બાબતે ચાલી રહેલા વિવાદ પર સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ સ્પષ્ટતા કરી છે. ઘણીવાર સામાન્ય માનસમાં એવી ગેરસમજ હોય છે કે જેની પાસે 'આધાર કાર્ડ' છે તે ભારતનો 'નાગરિક' છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે આધાર કાર્ડનો ઉપયોગ માત્ર ઓળખ તરીકે જ કરી શકાશે, તેનાથી કોઈ વ્યક્તિ ભારતનો નાગરિક છે તેવું સાબિત થતું નથી. પશ્ચિમ બંગાળમાં ૫૦ લાખ મતદારોના દસ્તાવેજોની ચકાસણી કરવાની છે.ચૂંટણી પંચ ૨૮ ફેબ્રુઆરીએ ફાઈનલ લિસ્ટ જાહેર કરશે, પણ બાકી રહી ગયેલા લોકો માટે પછીથી 'પૂરક યાદી' બહાર પાડવામાં આવશે. કામ ઘણું મોટું હોવાથી સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટને મંજૂરી આપી છે કે તેઓ પડોશી રાજ્યો (ઝારખંડ અને ઓડિશા) માંથી પણ અનુભવી જ્યુડિશિયલ ઓફિસરોની મદદ લઈ શકે. ચૂંટણી પંચે નક્કી કરેલા ૧૧ દસ્તાવેજો ઉપરાંત, ધોરણ ૧૦નું એડમિટ કાર્ડ અને માર્કશીટ પણ નામ નોંધાવવા માટે માન્ય ગણાશે. એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે નકલી આધાર કાર્ડ દ્વારા ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. કોર્ટે કહ્યું કે આ ગંભીર તપાસનો વિષય છે, જે સરકાર અને સોલિસિટર જનરલે જોવો જોઈએ. આ કામગીરી કરી રહેલા ન્યાયાધીશોને બોમ્બ બ્લાસ્ટની ધમકી મળી હતી, જોકે તપાસમાં તે માત્ર અફવા સાબિત થઈ છે.

---

# કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં ભૂતપૂર્વ ડીજીપી ખંડવાવાલાને ૫૦ વર્ષે મુક્તિ મળી

## ૧૯૭૬ માં પોરબંદર પાલિકા પ્રમુખના હત્યા કેસમાં આરોપીને કસ્ટડી દરમિયાન માર મારવા મામલે ગુનો નોંધાયો'તો

**અબતક, રાજકોટ**

રાજ્યના પૂર્વ ડીજીપી એસ એસ ખંડવાવાલાને કસ્ટોડિયલ ટોર્ચર કેસમાંથી ૫૦ વર્ષે મુક્તિ મળી છે. તેઓ ૨૩ વર્ષ સુધી આ ગુનામાં દોષિત રહ્યા હતા. જો કે સજા સસ્પેન્ડ થઈ હોવાથી તેમને ૨૦૦૯માં રાજ્ય પોલીસ વિભાગમાં ઉચ્ચ પદ પર બઢતી મળી હતી અને ત્રણ મહિનાના સેવા વિસ્તરણ પછી તેઓ વય નિવૃત્ત થયા હતા.

સમગ્ર મામલાની વિગતો પર નજર કરવામાં આવે તો પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ ધનજી કોટિયાવાલાની હત્યા બાદ પોલીસે ઓક્ટોબર ૧૯૭૬માં જૂનાગઢ જિલ્લાના સુત્રેજ ગામના મેરાગ હાજાની ધરપકડ કરી હતી. નવેમ્બર ૧૯૭૬માં, હાજાએ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સમક્ષ અપહરણ, પોરબંદર પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર અટકાયત અને કસ્ટોડિયલ ટોર્ચર કરાતા તેમના પગમાં ફ્રેક્ચર થયું હોવાનો આરોપ લગાવીને ફોજદારી ફરિયાદ દાખલ કરાવી હતી. મેજિસ્ટ્રેટ તપાસ બાદ ૧૯૮૨ માં ૧૯૭૩ બેચના આઈપીએસ અધિકારી ખાંડવાવાલા, જે જૂનાગઢના તત્કાલીન એએસપી હતા તેમની અને તેમના ત્રણ ગૌણ અધિકારીઓ સામે ટ્રાયલ શરૂ થઈ હતી. ૨૧ વર્ષ પછી ૨૦૦૩ માં, જૂનાગઢ સેશન્સ કોર્ટે ખાંડવાવાલાને પાંચ વર્ષની કેદ અને અન્ય બેને એક વર્ષની જેલની સજા ફટકારી હતી. ત્યાં સુધીમાં એક અધિકારીનું મૃત્યુ થયુંહોય તેમની સામેનો ટ્રાયલ બંધ થઈ ગયો હતો. હાઈકોર્ટમાં ખંડવાવાલા અને તેમના બે ગૌણ અધિકારીઓએ એડવોકેટ નંદિશ ઠાકર દ્વારા તેમની સજાને પડકારી હતી જયારે ફરિયાદી હાજાએ સજા વધારવા માટે રિવિઝન અરજી પણ દાખલ કરી હતી, પરંતુ રાજ્ય સરકારની અપીલને ધ્યાનમાં રાખીને તેમની અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો. અપીલોની પેન્ડિંગ દરમિયાન, ખાંડવાવાલાના બે અન્ય ગૌણ અધિકારીઓનું પણ અવસાન થયું હતું.

અપીલની સુનાવણી બાદ, જસ્ટિસ ગીતા ગોપીએ ભૂતપૂર્વ ડીજીપીને નિર્દોષ જાહેર કર્યા અને તેમની સજા વધારવાની અપીલ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, પોલીસ કસ્ટોડિયલ ત્રાસનો કેસ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયો છે. પોલીસ કસ્ટડીમાં મારપીટને કારણે થયેલી ઈજાઓ સાબિત થતી નથી.

કસ્ટડીની તારીખ પણ સાબિત થતી નથી. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટના વિદ્વાન ન્યાયાધીશ આ કેસમાં આર્મ્સ એક્ટ, ક્રિમિનલ મેન્યુઅલ અને સીઆરપીસીની કલમો અનુસાર પુરાવાઓનું વિશ્લેષણ કરવામાં નિષ્ફળ ગયા હતા. આમ, ચુકાદો ભૂલભરેલો બને છે અને યોગ્યતાઓ પર નિષ્ફળ જાય છે અને તેને રદ કરવો જરૂરી છે. દોષિત ઠેરવવાનો કોઈ કેસ ન હોવાથી, સજા વધારવાની અરજી માટે કોઈ આધાર રહેશે નહીં. હાઈકોર્ટે ખંડવાવાલાને સુધારણા અરજી દાખલ કરીને હાજા પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા વસૂલવાની પણ મંજૂરી આપી હતી.

---

# રાષ્ટ્રીય અધ્યક્ષની ધરપકડના વિરોધમાં શહેર અને જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન

## સરકારની દમનકારી નીતિનો વિરોધઉગ્ર સૂત્રોચ્ચાર પોકાર્યા



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર યુથ કોંગ્રેસ અને રાજકોટ જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચીબની પોલીસ દ્વારા કરવામાં આવેલી ખોટી ધરપકડ અને દમનકારી વલણના વિરોધમાં રાજકોટ ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

યુથ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે, દેશના યુવાનોના હક્ક અને અવાજને દબાવવા માટે સરકાર તાનાશાહી વલણ અપનાવી રહી છે. લોકશાહી દેશમાં શાંતિપૂર્ણ રીતે પોતાના હક્ક અને અવાજ ઉઠાવવો દરેક નાગરિકનો અધિકાર છે, છતાં સરકાર વિરોધી અવાજોને દમન દ્વારા દબાવવા પ્રયત્ન કરી રહી છે, જે અત્યંત નિંદનીય છે.

યુથ કોંગ્રેસના આગેવાનો એ જણાવ્યું હતું કે,યુથ કોંગ્રેસ હંમેશા દેશના યુવાનોના હક્ક માટે લડી રહ્યું છે અને આગળ પણ લડતું રહેશે. સરકારના ખોટા કામોનો જે પર્દાફાશ થઈ રહ્યો છે તેને રોકવા માટે સરકાર દ્વારા દમનકારી પગલાં લેવામાં આવી રહ્યા છે, પરંતુ સત્યની લડાઈ અટકવાની નથી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકર્તાઓએ સરકાર વિરુદ્ધ નારા લગાવીને લોકશાહી બચાવવા અને યુવાનોના હક્કોની રક્ષા કરવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

યુથ કોંગ્રેસના નેતાઓએ ચેતવણી આપી હતી કે જો દેશના યુવાનોના અવાજને દબાવવાનો પ્રયાસ ચાલુ રહેશે તો આવનારા સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. દેશભરમાં યુથ કોંગ્રેસ દ્વારા સત્ય અને ન્યાય માટેની લડાઈ સતત ચાલુ રહેશે. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર યુથ કોંગ્રેસ અને રાજકોટ જિલ્લા યુથ કોંગ્રેસના આગેવાનો તેમજ દીપ ભંડેરી

પ્રમુખ રાજકોટ જીલ્લા યુથ કોંગ્રેસ સમીતી, ભાગ્યરાજસિંહ વાળા પ્રમુખ રાજકોટ શહેર યુથ કોંગ્રેસ, હરપાલસિંહ જાડેજા, રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય મંત્રી જયદીપ મયાત્રા, ધવલ પાંભર, અક્ષાંસ ગોસ્વામી, નરેન્દ્ર પટેલ, અલ્પેશભાઈ સાધરિયા, જયદીપસિંહ ગોહિલ, મયુર સાવલીયા, કૃણાલ ચૌહાણ, જલ્પેશ વાઘેલા, રણજીત મુંધવા, યજ્ઞેશભાઈ દવે, શિવરાજસીંહ જાડેજા, હિરલબા રાઠોડ, ફેનીલ વોરા, અમરદીપસીંહ જાડેજા, વિશ્વરાજસીંહ જાડેજા, કિશન પરસાણીયા, ધ્રુવીલ પટેલ, પ્રિન્સ પટેલ, રવિભાઈ સોડા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# ક્યાં ઘસાવું અને ક્યાં ઘડાવું એની સમજણ પડી જાય તો જિંદગી ઉત્સવ બની જાય: ધીરગુરુદેવ

## આનંદમંગલ હોલ નામકરણમાં બીનાબેન અજયભાઈ શેઠનું ૬૩ લાખનું અનુદાન

**અબતક, રાજકોટ**

શ્રી ઘાટકોપર મોટા સંઘમાં પૂ. ધીરગુરુદેવ શ્રી નિકુંજ - જસ્મિના મહેતાના નિવાસેથી સર્કલ સંઘ સહિત પધારતા સંઘ પ્રમુખ દર્શક રૂપાણીએ સ્વાગત કરેલ.

ગુરૂદેવે ધર્મસભાને જણાવેલ કે જીવનને સાર્થક કરવા 'ગીવ અપ, ગેટ અપ અને ગ્રો અપ'ના સૂત્રને અજમાવશો.

મા સ્વામી પૂ. જય વિજયાજી મ.સ., પ્રેરિત બીનાબેન



અજયભાઈ શેઠએ આનંદ મંગલ હોલ નામકરણમાં ૬૩ લાખ અને ગૌતમ લીફટનો લાભ પારૂલ - ઉર્વિશ વિધિ યશ અને રાજવી વોરાએ લીધેલ.

તા. ૨૬, ૨૭, ૨૮ ના સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ કલાકે પ્રવચન શ્રેણી યોજાશે. તા. ૧-૩ ને રવિવારે સવારે ૯ કલાકે આનંદ મંગલ હોલની ઉદઘાટન વિધિ યોજાશે. શાસન પ્રગતિની અર્પણ વિધી કરાયેલ.

---

### રૂપિયાને દોડતો કરી દેવા સરકાર સજ્જ

# ભાડાપટ્ટે અને સંપત્તિનું વેચાણ કરી લાખો કરોડો રૂપિયા સરકાર વિકાસના કામે લગાડશે

## નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન અંતર્ગત આગામી ૫ વર્ષમાં રૂ. ૧૬.૭ લાખ કરોડ એકત્ર કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય

**અબતક, રાજકોટ**



ભારત સરકાર દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા અને આર્થિક ગતિ વધારવા માટે એક ક્રાંતિકારી યોજના સાથે તૈયાર છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા જાહેર કરવામાં આવેલ નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન (NMP) ૨.૦ અંતર્ગત સરકાર પોતાની બિન-વપરાશી કે ઓછી આવક આપતી મિલકતોને ભાડાપટ્ટે આપીને અથવા હિસ્સો વેચીને લાખો કરોડો રૂપિયા એકત્ર કરશે. આ ભંડોળનો ઉપયોગ દેશના ખૂણેખૂણે નવા રસ્તા, રેલ્વે અને ઉર્જા પ્રોજેક્ટ્સ સ્થાપીને 'રૂપિયાને દોડતો' કરવા માટે કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ NMP 2.0 એ વિશ્વનો સૌથી મોટો એસેટ રિસાયકલિંગ પ્રોગ્રામ માનવામાં આવે છે. આ યોજના હેઠળ આગામી ૫ વર્ષમાં (૨૦૨૯-૩૦ સુધી) રૂ. ૧૬.૭ લાખ કરોડ એકત્ર કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય છે.

સરકાર પોતાની માલિકીની મિલકતો જેવી કે હાઈવે, રેલ્વે લાઈનો, પાવર ગ્રીડ અને એરપોર્ટને ખાનગી કંપનીઓને લાંબા ગાળાના ભાડાપટ્ટે (લીઝ) આપશે. આ પ્રક્રિયામાં મિલકતની માલિકી સરકાર પાસે જ રહેશે, પરંતુ તેના સંચાલન દ્વારા સરકારને મોટી રોકડ રકમ મળશે.

સરકાર રેલ્વે, પાવર, પેટ્રોલિયમ અને એવિએશન સેક્ટરમાં પોતાની સરકારી કંપનીઓના (CPSE) IPO લાવીને આશરે રૂ. ૧.૭૮ લાખ કરોડ ઉભા કરવાની તૈયારીમાં છે. આનાથી સામાન્ય જનતાને પણ સરકારી કંપનીઓમાં ભાગીદાર બનવાની તક મળશે.આ સમગ્ર યોજનાનું સુકાન કેબિનેટ સેક્રેટરીના હાથમાં રહેશે. સચિવોનું એક વિશેષ જૂથ દરેક સેક્ટરની પ્રગતિ પર નજર રાખશે જેથી ભંડોળનો ઉપયોગ સીધો જ વિકાસના કામોમાં થઈ શકે.

### મહત્વના પ્રોજેક્ટ પર થસે કામગીરી

દિલ્હીની ઐતિહાસિક હોટલ અશોક અને હોટલ સમ્રાટનું રૂ. ૧,૨૦૦ કરોડના ખર્ચે PPP મોડલ પર રિડેવલપમેન્ટ કરાશે.

કેદારનાથ અને હેમકુંડ સાહિબ જેવા ધાર્મિક સ્થળોએ ૬ નવા રોપવે પ્રોજેક્ટ્સ દ્વારા રૂ. ૧૦,૦૦૦ કરોડ ઉભા કરાશે.

દેશમાં ૧૫ મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક્સ વિકસાવવામાં આવશે.

### ક્યા સેક્ટરમાંથી કેટલી આવકની અપેક્ષા?

" હાઈવે અને રોપવે: રૂ. ૪.૪૨ લાખ કરોડ (દિલ્હી-કટરા અને અમૃતસર-જામનગર જેવા મોટા હાઈવે સામેલ).

" પાવર અને ઉર્જા: રૂ. ૨.૭૬ લાખ કરોડ (NHPC અને SJVN ના હાઈડ્રો પ્રોજેક્ટ્સ).

" બંદરો (પોર્ટ): રૂ. ૨.૬૩ લાખ કરોડ.

" રેલ્વે: રૂ. ૨.૬૨ લાખ કરોડ.

" કોલસો અને ખાણકામ: રૂ. ૩.૧૬ લાખ કરોડ.

# ઓપરેશન જંગલેશ્વર પૂર્ણ: ૩૫૦ કરોડની ૮૮૭૫૦ ચો.મી. જમીન દબાણ મુક્ત

## અતિ સંવેદનશીલ ગણાતા વિસ્તારમાં બે દિવસ ચાલેલી ડિમોલીશનની કામગીરીમાં સંપૂર્ણ શાંતિ: પત્રકાર પરિષદમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ કોર્પોરેશનના સ્ટાફનો આભાર માન્યો: પોલીસની કામગીરીને બિરદાવી

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૬માં જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટ્ટમાં અને ૧૫ મીટરના ટીપીના રોડ પર ગેરકાયદે ખડકાયેલા ૧૫૦૦થી વધુ દબાણો દૂર કરવા માટે કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલું ઓપરેશન ડિમોલીશન આજે પૂર્ણ થઈ ગયું છે. બે દિવસ ચાલેલી કામગીરીમાં ૩૫૦ કરોડની ૮૮૭૫૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. હાલ કાટમાળ ખસેડવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. જે પૂર્ણ થતાની સાથે જ નદીના પટ્ટમાં પ્રોટેકશન વોલ બનાવવાની અને ટીપીના રોડ પર ડામર કરવાની કામગીરી હાથ પર લેવામાં આવશે. તેમ આજે પત્રકાર પરિષદમાં મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે વોર્ડ નં.૧૬માં જંગલેશ્વર વિસ્તારમાં ગત સોમવારે સવારથી ડિમોલીશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે ૧૧૧૯ દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. જ્યારે ગઈકાલે બીજા દિવસે ૪૦૦ જેટલા દબાણો હટાવી દેવામાં આવ્યા હતા. ટીપીના રોડ પર ખડકાયેલા ૪૯૭ દબાણો દૂર કરી ૩૩૭૫૦ ચોરસ મીટર જમીન અને આજી નદીના પટ્ટમાં ખડકાયેલા ૯૧૨ દબાણો દૂર કરી કુલ ૮૮૭૫૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. જેની બજાર કિંમત આશરે ૩૫૦ કરોડ જેવી થાય છે. કોર્પોરેશન દ્વારા ૧૫૧૨ કર્મચારીઓએ આ કામગીરીમાં જવાબદારી નિભાવી હતી. ૨૬૧ મશીનરી કામે લગાવવામાં આવી હતી. કુલ ૩૩૬૬૪ માનવ કલાકોનો ઉપયોગ કરાયો છે. ખોખળદડી નદી અને આજી નદીનું પાણી અહિં ભેગું થતું હોવાના કારણે ચોમાસાની સિઝનમાં ભારે વરસાદ દરમિયાન લોકોનું સ્થળાંતર અને રેસ્ક્યૂ કરવું પડતું હતું. જે સમસ્યા હવે નહિં સર્જાય જ્યારે ટીપીના રોડ પર દબાણો હોવાના કારણે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડના સાધનો જઈ શકતા ન હતા. હવે આ કામગીરી સરળ બનશે. કાટમાળ સંપૂર્ણપણે દૂર થતાની સાથે જ હવે રોડ બનાવવાનું કામ શરૂ કરવામાં આવશે. જ્યાં સુધી વિસ્થાપિતોને આવાસ આપવાની વાત છે ત્યાં સુધી અગાઉ જ આ વિસ્તારમાં ૮૭૩ અસરગ્રસ્તોને આવાસ આપી દેવામાં આવ્યા છે. ડિમોલીશનની કામગીરીમાં જવાબદારી નિભાવનાર કોર્પોરેશનના તમામ કર્મચારીઓનો મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ આભાર વ્યક્ત કર્યો હતો. સાથોસાથ પોલીસની કામગીરી પણ બિરદાવવામાં આવી હતી.



તસવીર: શૈલેષ વાડોલિયા

### બાપુનગરથી નાડોદાનગર સુધીનો ૨.૨૫ કિ.મી.નો ટીપી રોડ હવે ખુલ્લો

જંગલેશ્વર વિસ્તારમાં ટીપી સ્કિમ નં.૧૬ (રાજકોટ)ના ૧૫ મીટરના ટીપી રોડ પર ગેરકાયદે ખડકાઈ ગયેલા આશરે ૪૯૭ જેટલા દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. જેના કારણે હવે બાપુનગરથી નાડોદાનગર સુધીના ૨.૨૫ કિલોમીટરનો ટીપી રોડ પર સંપૂર્ણપણે ખુલ્લો થઈ ગયો છે. આ રોડ એટલો સાંકડો હતો કે ત્યાં ઈમરજન્સી વ્હીકલ પણ જઈ શકતા ન હતા. હાલ કાટમાળ ખસેડવાની કામગીરી ચાલી રહી છે. જે પૂર્ણ થતાની સાથે જ રોડ પર ડામર પાથરવાનું કામ શરૂ કરી દેવામાં આવશે.

### ૨૦૦થી વધુ મકાનોમાં એસી સહિતની અત્યાધુનિક સુવિધાઓ !

જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડિમોલીશન દરમિયાન કેટલીક આશ્ચર્યજનક બાબતો સામે આવી છે. જેમાં ૧૫૦૦થી વધુ દબાણોમાં કાચા મકાનોની સંખ્યા ખૂબ જ નહિંવત હતી. જ્યારે સ્લેબ ન હોય તેવા માત્ર ૫૦૦ જેટલા જ મકાનો હતા. જે પૈકી ૨૫૦થી વધુ મકાનો એક જ સરખી રીતે બનાવવામાં આવ્યા હોય તેવું સ્ટ્રક્ચર જોવા મળ્યું હતું. એક સરખી લાઈન દોરીવાળા આ મકાનના દરવાજા પણ સરખા માલૂમ પડ્યા હતા. જ્યારે ૫૦ થી ૧૦૦ વારની જમીનમાં ફેલાયેલા હોય તેવા મકાનોની સંખ્યા ૮૦૦ જેટલી માલૂમ પડી હતી. જેના બાંધકામ માટે ૫ લાખથી વધુનો ખર્ચ થાય છે. જ્યારે ૧૦૦ વારથી વધુ જમીનમાં બનાવેલા હોય તેવા ૧૫૦થી વધુ મકાનો જોવા મળ્યા હતા. ૨૦૦ મકાનો એવા હતા જેમાં એસી, એલઈડી ટીવી, ફ્રીઝ સહિતની અત્યાધુનિક સુવિધા જોવા મળી હતી. આ મકાનના બાંધકામ પાછળ આશરે ૧૫થી ૨૦ લાખનો ખર્ચ થતો હોય છે. કોર્પોરેશન માત્ર બે થી ત્રણ લાખમાં આવાસ આપે છે. જ્યારે અહિં ગેરકાયદે બાંધકામ માટે ૨૦ લાખ સુધીનો ખર્ચો કરવામાં આવતો હોવાનું માલૂમ પડતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.

### ૧૪ જેટલા ધાર્મિક બાંધકામો પણ હટાવાયા

ડીસીપી હેતલ પટેલે જણાવ્યું હતું કે જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી શાંતિપૂર્ણ માહોલ સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા ખૂબ જ તકેદારી રાખવામાં આવી હતી. ૨૦૦૦થી વધુ જવાનો બંદોબસ્તમાં હતા. લોક દરબાર, શાંતિ સમિતિ, મહોલ્લા સમિતિ સાથે સતત મિટિંગ કર્યા બાદ ડિમોલીશનની કામગીરીમાં શાંતિ જળવાઈ રહે તેનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. અહિં અનેક ગુનેગારો વસવાટ કરતા હોવાનું પણ બહાર આવ્યું છે. નાની ઓરડી બનાવી તેને ભાડે આપી તેમાંથી થતી આવકમાંથી અસામાજીક પ્રવૃતિઓને વેગ અપાતો હોવાનું પણ માલૂમ પડ્યું હતું. બે દિવસ ચાલેલી કામગીરીમાં ૧૪ જેટલા ધાર્મિક બાંધકામો હટાવવામાં આવ્યા છે. જેમાં ધાર્મિક લાગણી ન દુભાઈ તે માટે શાસ્ત્રોક્ત વિધિ સાથે દેવી-દેવતાઓનું સ્થળાંતર કરી અન્ય સ્થળે તેની સ્થાપના કરવામાં આવી છે.

### કાટમાળ હટાવવાનું યુદ્ધના ધોરણે શરૂ: આવતા સપ્તાહથી રોડનું કામ શરૂ કરી દેવાની ગણતરી

જંગલેશ્વર વિસ્તારમાં ટીપીના રોડ પરથી દૂર કરવામાં આવેલા દબાણો બાદ કાટમાળ હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. ખૂબ જ મોટા પ્રમાણમાં બાંધકામ વેસ્ટ હોવાના કારણે ટ્રેક્ટરથી તેનો નિકાલ કરવો મુશ્કેલ જણાઈ રહ્યો હોય હવે ડમ્પરો કામે લગાવી દેવામાં આવ્યા છે. હાલ સમગ્ર વિસ્તારમાં ધૂળની ડમરીઓ ઉડી રહી છે. શક્ય તેટલું ઝડપથી કાટમાળનો નિકાલ થઈ જાય અને રોડનું કામ શરૂ કરી શકાય તે રીતે કોર્પોરેશન દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

# મારવાડી યુનિ.ના આંગણે ટેકનોલોજીનો મહાકુંભ: 'ગૂગલ એઆઈ લેબ્સ -૨૦૨૬' માં યુવાધન ઉમટ્યું

## મારવાડી યુનિવર્સિટી અને હેક-ટુ-સ્કિલ વચ્ચે મહત્વપૂર્ણ એમઓયુ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ક્લાઉડ ટેકનોલોજીમાં વિદ્યાર્થીઓ બનશે સજ્જ

**અબતક,રાજકોટ**

ટેકનોલોજીના ક્ષેત્રમાં રાજકોટને વૈશ્વિક નકશા પર મૂકવા માટે મારવાડી યુનિવર્સિટીએ એક ઐતિહાસિક સોપાન સર કર્યું છે. યુનિવર્સિટીએ પોતાના ઔદ્યોગિક ભાગીદાર 'હેક-ટુ-સ્કિલ' (Hack2Skill) સાથે મળીને ગૂગલ ક્લાઉડના માધ્યમથી 'ગૂગલ એઆઈ લેબ્સ ૨૦૨૬' (Google AI Labs 2026) નું ભવ્ય આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૧,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ટેક-ઉત્સાહીઓએ ભાગ લઈ ભવિષ્યની ટેકનોલોજીનો પ્રાયોગિક અનુભવ મેળવ્યો હતો.

યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. આર.બી. જાડેજાએ આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, આ આયોજન ગુજરાતના વિદ્યાર્થીઓ માટે નવાચાર (Innovation) અને કૌશલ્ય વિકાસનું એક નવું દ્વાર ખોલશે. હેક-ટુ-સ્કિલ સાથેની ભાગીદારીથી વિદ્યાર્થીઓને માત્ર થિયરી નહીં, પરંતુ વાસ્તવિક સમસ્યાઓ પર કામ કરવાની તક મળશે. આ કરારથી ભારત સહિત એશિયા-પેસિફિક (APAC) ક્ષેત્રના વૈશ્વિક પ્લેટફોર્મ પર વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા દર્શાવવાની તક પ્રાપ્ત થશે.

લાંબાગાળાના સહકાર માટે MOU પર હસ્તાક્ષર મારવાડી યુનિવર્સિટી અને હેક-ટુ-સ્કિલ વચ્ચે થયેલું આ સમજૂતી પત્ર (MOU) માત્ર એક કાર્યક્રમ પૂરતું મર્યાદિત નથી. આ કરાર હેઠળ આગામી સમયમાં એઆઈ/એમએલ હેકાથોન, રાષ્ટ્રીય સ્તરની ઈનોવેશન ચેલેન્જ અને ટેકનિકલ વર્કશોપનું અવિરત આયોજન થશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ, પ્લેસમેન્ટ સહયોગ અને ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ્સ દ્વારા સીધું માર્ગદર્શન જેવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓની રોજગારક્ષમતામાં ધરખમ વધારો થશે. અનુભવ આધારિત શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને ગ્લોબલ પ્રોફેશનલ્સ બનાવવાની દિશામાં મારવાડી યુનિવર્સિટીનું આ મહત્વપૂર્ણ પગલું છે.




### કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યું' કોડિંગ વિથ ગૂગલ બેન્ટિકેવિટી'

કાર્યક્રમ દરમિયાન યોજાયેલ ખાસ સત્રમાં વિદ્યાર્થીઓને 'એજેન્ટ-ફર્સ્ટ કોડિંગ પ્લેટફોર્મ' અને 'ઓટોનોમસ કોડ જનરેશન' જેવી અદ્યતન એઆઈ ટેકનોલોજીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નેચરલ લેંગ્વેજને ફંક્શનલ કોડમાં રૂપાંતરિત કરવા, સ્માર્ટ ડિ-બગિંગ અને ઝડપી પ્રોટોટાઈપિંગ જેવી પ્રક્રિયાઓ શીખવી વિદ્યાર્થીઓને ભવિષ્યના સ્માર્ટ ડેવલપર તરીકે તૈયાર કરવામાં આવ્યા હતા.

# બલમ પિચકારી તુને મુજે મારી \ રંગીલો માહોલ: બજાર અવનવી પિચકારીઓથી શોભી ઉઠ્યું


**અબતક, રાજકોટ**

રંગોના પર્વ હોળી અને ધૂળેટીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સૌરાષ્ટ્રના આર્થિક હબ ગણાતા રાજકોટમાં ઉત્સવનો માહોલ જામ્યો છે. રાજકોટની ઐતિહાસિક અને છેલ્લા ૫૦ વર્ષથી રંગોના વેપાર માટે જાણીતી સદર બજારમાં વેપારીઓએ પિચકારી અને રંગોના સ્ટોલ લગાવી દીધા છે. આ વર્ષે બજારમાં બાળકોથી લઈને મોટેરાઓ માટે અવનવી વેરાયટીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર, આ વર્ષે માર્કેટમાં ૫૦થી વધુ પ્રકારની પિચકારીઓ ઉપલબ્ધ છે. જેમાં ખાસ કરીને બાળકોમાં 'સ્પાઈડરમેન', 'છોટા ભીમ' અને 'બાર્બી' જેવા કાર્ટૂન કેરેક્ટર ધરાવતી બેકપેક (પીઠ પર ભરાવી શકાય તેવી) પિચકારીઓની સૌથી વધુ બોલાબાલી છે. આ ઉપરાંત, દૂર સુધી પાણીની ધાર કરતી પ્રેશર ગન અને ચાઈનીઝ પિચકારીઓને ટક્કર આપે તેવી મેડ ઈન ઈન્ડિયા પિચકારીઓ પણ બજારમાં છવાયેલી છે.

રંગોની વાત કરીએ તો, લોકો હવે પોતાની ત્વચા અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થયા છે. પરિણામે, કેમિકલયુક્ત પાકા રંગોના બદલે હર્બલ ગુલાલ અને કુદરતી અર્કમાંથી બનેલા રંગોની માંગમાં ધરખમ વધારો જોવા મળ્યો છે. માર્કેટમાં 'કલર સ્મોક' (ધૂમ્રપાન જેવા રંગો) પણ યુવાનોમાં આકર્ષણ જમાવી રહ્યા છે, જેનો ઉપયોગ સોશિયલ મીડિયાના રીલ્સ બનાવવા માટે વધુ થઈ રહ્યો છે.

સદર બજારના વેપારીઓએ જણાવ્યું હતું કે, ''છેલ્લા બે વર્ષની સરખામણીએ આ વર્ષે ગ્રાહકોમાં ભારે ઉત્સાહ છે. જથ્થાબંધ અને છૂટક બંને ગ્રાહકોની અવરજવર અત્યારથી જ શરૂ થઈ ગઈ છે.'' આગામી દિવસોમાં હોળી નજીક આવતા જ બજારમાં વધુ ભીડ ઉમટવાની શક્યતા છે.





### હર્બલ કલર્સ અને ટેન્ક ,કાર્ટૂન કેરેક્ટરવાળી પિચકારીઓની જબરદસ્ત ડિમાન્ડ ૫૦થી વધુ પ્રકારની પિચકારીઓનો વેરાઈટી




તસવીર: શૈલેષ વાડોલિયા



સ્પોર્ટ્સ અબતક

# બ્રુક્સની કેપ્ટ્ન ઈનિંગથી ઈંગ્લેન્ડનો સેમિફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ

## પાકિસ્તાનનો ૧૬૪ રનનો સ્કોર ઈંગ્લેન્ડે આઠ વિકેટે વટાવ્યો: સાહિબજાદા ફરહાનની ફિફ્ટી એળે ગઈ



### શાહીનની બોલીંગ અને ખેલદિલીથી ક્રિકેટરો આફરિન!

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની સુપર-૮ મેચમાં પાકિસ્તાની ઝડપી બોલર શાહીન શાહ આફ્રિદીએ શાનદાર પ્રદર્શન કરીને ચાર વિકેટ ઝડપી હતી અને ખેલદિલીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હેરી બ્રુકસે ૧૦૦ રન બનાવ્યા બાદ શાહીન આફ્રિદીએ તેને ક્લીન બોલ્ડ કર્યો. બાદમાં જયારે બ્રુકસ પેવેલિયન ફરતો હતો ત્યારે આફ્રિદી બ્રુકસ પાસે ગયો અને હેન્ડશેક કર્યો અને તેની ઈનિંગની પ્રશંસા કરી. આ દ્રશ્યો જોઈને ક્રિકેટરો શાહીન પર આફ્રિન થઈ ગયા છે.



**અબતક, રાજકોટ**

કેપ્ટન હેરી બ્રુકે શાનદાર સદી ફટકારતાં ઈંગ્લેન્ડે આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ની મેચમાં પાકિસ્તાનને બે વિકેટથી પછડાટ આપી હતી. આ સાથે ઈંગ્લેન્ડે આ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને તેની ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૪ રનનો પડકારજનક સ્કોર રજૂ કર્યો હતો જેની સામે ઈંગ્લેન્ડે ૧૯.૧ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૬૬ રન કરી દીધા હતા. હેરી બ્રુકે સામે છેડે વિકેટો પડતી રહી હોવા છતાં શાનદાર બેટિંગ કરીને ૫૧ બોલમાં ચાર સિક્સર અને દસ ચોગ્ગા સાથે ૧૦૦ રન ફટકાર્યા હતા.ટીમને જીતવા માટે દસ રનની જરૂર હતી ત્યારે બ્રુક આઉટ થઈ ગયો હતો. અંતિમ ઓવર્સમાં થોડી રસાકસી રહી હતી પરંતુ તેમ છતાં ઈંગ્લેન્ડે સફળતા હાંસલ કરી લીધી હતી. પાકિસ્તાન માટે શાહિન આફ્રિદીએ ચાર વિકેટ લીધી હતી તો ઉસ્માન તારીક અને મોહમ્મદ નવાઝે બે બે વિકેટ લીધી હતી.મેચ જીતવા માટે ૧૬૫ રનના ટારગેટ સામે રમતાં ઈંગ્લેન્ડ ઈનિંગ્સના પહેલા જ બોલે સ્ટાર બેટર ફિલ સોલ્ટની વિકેટ ગુમાવી દીધી હતી. શાહિન આફ્રિદીએ તેને આઉટ કર્યો હતો. થોડી જ વારમાં જોઝ બટલર પણ આઉટ થઈ ગયો હતો. અગાઉ પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતાં શરૂઆતમાં જ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે સાહિબજાદા ફરહાને એક છેડો સાચવી રાખીને મક્કમ બેટિંગ કરી હતી. સઈમ ઐયૂબ અને કેપ્ટન સલમાન આગા સસ્તામાં આઉટ થઈ ગયા હતા. ત્યાર બાદ બાબર આઝમ, ફખર ઝમાન અને શાદાબ ખાને ઉપયોગી યોગદાન આપીને ટીમને નોંધપાત્ર સ્કોર સુધી પહોંચાડી હતી. બાબરે ૨૪ બોલમાં અને ફખર ઝમાને ૧૬ બોલમાં ૨૫-૨૫ રન ફટકાર્યા હતા. શાદાબ ખાને માત્ર ૧૧ જ બોલ રમીને ૨૩ રન ફટકાર્યા હતા. જોકે ટીમની બેટિંગનું આકર્ષણ સાહિબજાદા ફરહાન રહ્યો હતો. તેણે ૪૫ બોલમાં સાત ચોગ્ગા અને બે સિક્સર સાથે ૬૩ રન ફટકાર્યા હતા. તેના સિવાય બાકીના બેટર ખાસ કાંઈ કરી શક્યા ન હતા. ઈંગ્લેન્ડ માટે લિયમ ડાઉસને ૨૪ રનમાં ત્રણ વિકેટ લીધી હતી તો જોફ્રા આર્ચર અને જેમી ઓવર્ટને બે બે વિકેટ લીધી હતી.

### પાકિસ્તાન માટે સેમિફાઈનલમાં પહોંચવું મુશ્કેલ

પાકિસ્તાન માટે ટી૨૦ વર્લ્ડકપના સુપર-૮માં સેમિફાઈનલની રાહ હવે અત્યંત કઠિન બની ગઈ છે. ઈંગ્લેન્ડ સામેની મહત્વની મેચમાં પરાજય બાદ પાકિસ્તાની ટીમ હવે ચમત્કાર અને નેટ રન રેટ ના ભરોસે આવી ગઈ છે. પ્રથમ મેચ વરસાદમાં ધોવાયા બાદ આ હારથી પાકિસ્તાનના સમીકરણો જટિલ બન્યા છે. જો પાકિસ્તાનને સેમિફાઈનલમાં પહોંચવું હોય તો ન્યૂઝીલેન્ડની બે મેચમાં હાર થવી જરૂરી છે. જો ન્યુઝીલેન્ડ એક પણ મેચ જીતશે તો તેમના ૩ પોઈન્ટ થઈ જશે.

આવી સ્થિતિમાં પાકિસ્તાને પોતાની છેલ્લી મેચ જીતવી જ પડશે જેથી બંનેના પોઈન્ટ સરખા થાય અને મામલો રન રેટ પર આવે.પાકિસ્તાને પોતાની છેલ્લી મેચ શ્રીલંકા સામે રમવાની છે. આ મેચ માત્ર જીતવી પૂરતી નથી, પરંતુ મોટા અંતરથી જીતવી પડશે. જો પાકિસ્તાન પ્રથમ બેટિંગ કરે તો તેમણે ૮૦ થી ૧૦૦ રન જેવા મોટા માર્જિનથી જીત મેળવવી પડશે.

જો શ્રીલંકા લક્ષ્યાંક આપે તો પાકિસ્તાને તે ટાર્ગેટ ૧૦ થી ૧૨ ઓવરમાં જ પૂર્ણ કરવો પડશે, જેથી તેમનો નેટ રન રેટ ન્યુઝીલેન્ડ કરતા સારો થઈ શકે.

રિસ્ક હૈ, તો ઈશ્ક હૈ...!!!

# ભારતની બાકીની બે મેચોમાં મોટી ઉથલપાથલ થવાની સંભાવના

## ભારત સંજુને ત્રીજા નંબરે અને તિલકને છઠા નંબરે ઉતારવાનું રિસ્ક લે તો નવાઈ નહિ: ભારતે કાલે ઝિમ્બાબ્વે અને રવિવારે વિન્ડિઝ સામે મોટી જીત મેળવવી ફરજીયાત

**અબતક, રાજકોટ**

આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ હાલમાં ભારત અને શ્રીલંકામાં રમાઈ રહ્યો છે, જેમાં ભારતીય ટીમ સુપર-૮ તબક્કામાં પહોંચી છે. પરંતુ દક્ષિણ આફ્રિકા સામે અહમદાબાદમાં મળેલી ૭૬ રને ભારે હારે ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો આપ્યો છે. આ હાર બાદ ટીમના બેટિંગ ઓર્ડરમાં ખાસ કરીને ટોપ-ઓર્ડરની સમસ્યા સામે આવી છે અને હવે સિલેક્શન ડિલેમા ઊભું થયું છે શું વર્તમાન કોમ્બિનેશન સાથે જ ચાલુ રાખવું કે સંજુ સેમ્સનને પ્લેઈંગ ઈલેવનમાં પરત લાવવાનો સમય આવી ગયો છે?ભારતની બાકી રહેલ બે મેચમાં મોટી ઉથલપાથલ થવાની સંભાવના છે. ભારત સંજુને ત્રીજા નંબરે અને તિલકને છઠા નંબરે ઉતારવાનું રિસ્ક લે તો નવાઈ નહિ.

ભારતના ટોપ-ઓર્ડરમાં અભિષેક શર્મા, ઈશાન કિશન અને તિલક વર્મા જેવા ઘણા લેફ્ટ-હેન્ડ બેટ્સમેન છે. દક્ષિણ આફ્રિકાએ આનો ફાયદો ઉઠાવીને ઓફ-સ્પિનર્સનો ઉપયોગ કરીને ભારતીય બેટિંગને તોડી નાખી. પાવરપ્લેમાં જ વારંવાર વિકેટ પડવાથી મિડલ-ઓર્ડર પર દબાણ વધી ગયું. આવી સ્થિતિમાં રાઈટ-હેન્ડર બેટ્સમેનની જરૂરિયાત અનુભવાઈ રહી છે, જેથી બેટિંગ ઓર્ડરમાં લેફ્ટ-રાઈટ કોમ્બિનેશન બને અને ઓપોઝિશનના સ્પિનર્સને ગેરલાભ ન થાય.

સંજુ સેમ્સન, જે વિકેટકીપર-બેટ્સમેન તરીકે ટીમમાં છે, તે રાઈટ-હેન્ડર છે અને ટોપ-ઓર્ડરમાં તેની એન્ટ્રીથી ટેક્ટિકલ ફાયદો મળી શકે છે. ભારતીય ટીમના એસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટે પોસ્ટ-મેચ પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટ સંકેત આપ્યો છે કે સંજુને પરત લાવવાની વાત આગામી દિવસોમાં ચર્ચામાં રહેશે. તેમણે કહ્યું: સંજુ એક શાનદાર ખેલાડી છે અને ટોપ-ઓર્ડરમાં રાઈટ-હેન્ડરની હાજરીથી ટેક્ટિકલ ફાયદો મળે છે. આ વાત આગામી મેચો (ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ સામે) પહેલાં ચર્ચામાં રહેશે.

ભારત માટે આ મેચો મસ્ટ-વિન છે, કારણ કે સેમીફાઈનલની રેસમાં નેટ રન-રેટ અને જીતની જરૂર પડશે. જો ટીમ મેનેજમેન્ટ મોર ઓફ ધ સેમ પસંદ કરશે તો જોખમ રહેશે, પરંતુ સંજુને તક આપવાથી નવી એનર્જી અને બેલેન્સ મળી શકે છે. ગૌતમ ગંભીર (હેડ કોચ), સૂર્યકુમાર યાદવ (કેપ્ટન) અને સિલેક્શન કમિટી પાસે મોટો નિર્ણય છે. શું તેઓ રિસ્ક લેશે? આગામી મેચોમાં જ જોવા મળશે!



### ઝિમ્બાબ્વે બે અને વિન્ડિઝ બે મેચ હારે તો જ ભારત સેમિફાઈનલમાં પહોંચી શકશે!

સુપર-૮ સ્ટેજમાં ભારતની સ્થિતિ ખૂબ જ નાજુક બની છે, અને હવે એકમાત્ર વાસ્તવિક રસ્તો એ છે કે ઝીમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ (વિન્ડીઝ) બંને પોતાની બાકીની બે-બે મેચ હારી જાય!

તાજેતરમાં રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ઝીમ્બાબ્વેને ૧૦૭ રનથી કચડી નાખી છે.જોઝીમ્બાબ્વે અને વિન્ડીઝ બંને બાકીની મેચ હારી જાય તો જ ભારતને સેમિફાઈનલમાં પહોંચવાની મજબૂત તક મળી શકે છે. અન્યથા, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની આશા લગભગ ખતમ થઈ જશે!

### રિંકૂ સિંહ ઘરે પરત ફર્યો, પિતાની હાલત ગંભીર



ભારતીય ટીમનો સ્ટાર બેટર રિંકૂ સિંહ પારિવારિક ઈમરજન્સીના કારણે ટીમ ઈન્ડિયાનો કેમ્પ છોડી ઘરે પરત ફરી ગયો છે. પ્રાથમિક વિગતો મુજબ રિંકૂના પિતાની તબિયત અચાનક બગડી ગઈ છે. જે બાદ તેમણે ગ્રેટર નોઈડાના એક સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની સ્થિતિ નાજૂક હાલતમાં હોવાથી રિંકૂ સિંહ દેખભાળ કરવા પહોંચ્યો છે.

ટીમ મેનેજમેન્ટ રિંકૂની હાજરી પર અંતિમ નિર્ણય તેમની પારિવારિક સ્થિતિને ધ્યાને રાખીને કરશે. હાલ ભારતીય ટીમ અને સપોર્ટ સ્ટાફ રિંકૂ સિંહના પરિવાર સાથે સંપર્કમાં છે. ખેલાડીની પ્રાથમિકતા અત્યારે પોતાના પિતા સાથે રહેવાની છે. રિંકૂ સિંહ ટીમ સાથે ચેન્નાઈ ગયો હતો, પરંતુ ઘરેથી પિતાની તબિયત નાજુક હોવાનું માલૂમ પડતાં તે પરત ફર્યો છે.

# ન્યૂઝીલેન્ડ સામેની આજની મેચ શ્રીલંકા માટે જીતવી ફરજિયાત

## ટી૨૦ વર્લ્ડ કપમાં કિવિ પાસે એક પોઈન્ટ છે પરંતુ શ્રીલંકાએ ખાતું ખોલાવવાનું બાકી

અબતક, રાજકોટ

આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપના સુપર-૮ રાઉન્ડમાં આજે શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મહત્વનો મુકાબલો રમાશે. શ્રીલંકા માટે આ મેચ ‘કરો અથવા મરો’ સમાન છે, કારણ કે સેમિફાઈનલની રેસમાં ટકી રહેવા માટે તેણે આ મેચ જીતવી ખૂબ જ જરૂરી છે. જોકે, આ મેચ અગાઉ શ્રીલંકાની નબળી બેટિંગ ચિંતાનો વિષય બની છે. સાંજે ૭.૦૦ કલાકે મેચનો પ્રારંભ થશે.

આ રાઉન્ડની પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડ સામે શ્રીલંકાનો પરાજય થયો હતો. પલ્લિકલની ધીમી પિચ પર શ્રીલંકાના બેટર્સ માત્ર ૧૪૭ રનનો સાધારણ સ્કોર પણ ચેઝ કરી શક્યા ન હતા. ખાસ કરીને સ્પિનરો અને ધીમી ગતિના બોલરો સામે શ્રીલંકન બેટર્સ સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ભારતની સરખામણીએ શ્રીલંકાની પિચો બેટિંગ માટે વધુ મુશ્કેલ સાબિત થઈ રહી છે.મેચ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાવાની છે, જ્યાંની સ્થિતિ બેટર્સ માટે વધુ કઠીન હોઈ શકે છે. અહીં મેદાનની બાઉન્ડ્રી મોટી હોવાથી સિક્સરની શક્યતા ઓછી રહે છે. બુધવારે પણ પણ પિચ ધીમી રહેવાની શક્યતા છે જે ન્યૂઝીલેન્ડના સ્પિનરોને મદદરૂપ થઈ શકે છે.



ઈંગ્લેન્ડ સામેની હાર બાદ શ્રીલંકાના ખેલાડીઓના શોટ સિલેક્શન પર પણ સવાલો ઉભા થયા હતા. જો શ્રીલંકાએ ન્યુઝીલેન્ડ જેવી મજબૂત ટીમ સામે જીતવું હશે તો તેમણે પોતાની ભૂલોમાંથી શીખીને સ્પિનરો સામે વધુ સારી ટેકનિક સાથે રમવું પડશે.

દરમિયાન શ્રીલંકન ટીમના બેટિંગ કોચ વિક્રમ રાઠોરે કબૂલ્યું હતું કે બેટિંગમાં સુધારાની જરૂર છે, સિંગલ્સ લેવાના પ્રયાસમાં વિકેટ ગુમાવવી ટીમને મહત્વની મેચમાં પોષાય તેમ નથી. મુશ્કેલ પરિસ્થિતિઓમાં બેટિંગના વિકલ્પો વધુ સારા હોઈ શક્યા હોત.રાઠોરે ઉમેર્યું હતું કે આ ટી૨૦ ગેમ છે, એટલે સ્વાભાવિક રીતે તમે મેદાનમાં ઉતરો ત્યારે વધુમાં વધુ રન કરવાનું લક્ષ્ય હોય છે. પરંતુ જ્યારે બોલ બેટ પર યોગ્ય રીતે આવતો ન હોય ત્યારે આ કહેવું સહેલું છે પણ કરવું એટલું જ મુશ્કેલ છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે જ્યાં બોલ રોકાઈને આવતો હોય ત્યાં માત્ર ‘પુશ’ કરીને રન લેવાનો વિચાર યોગ્ય ન હતો. હકીકત એ છે કે ટીમે કેટલીક વિકેટો માત્ર સિંગલ લેવા માટે બોલને હળવેથી પુશ કરવાના પ્રયાસમાં ગુમાવી હતી જે તે સમયની પરિસ્થિતિમાં શ્રેષ્ઠ વિકલ્પ ન હતો.

# આઈસીસી વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન એક જ ગ્રૂપમાં રમશે

## ૧૨મી જૂને ઈંગ્લેન્ડ-શ્રીલંકા મેચ સાથે ટુર્નામેન્ટનો પ્રારંભ, ૧૪મીએ ભારત-પાકિસ્તાન વચ્ચે ટક્કર

**અબતક, રાજકોટ**

૨૦૨૬ના આઈસીસી વિમેન્સ ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં છેલ્લી ચાર ટીમ ક્વોલિફાઈ થઈ જતાં મંગળવારે ટુર્નામેન્ટનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો જે મુજબ ભારત અન પાકિસ્તાનની વિમેન્સ ટીમને એક જ ગ્રૂપમાં રાખવામાં આવી છે. છેલ્લે બાંગ્લાદેશ આયર્લેન્ડ, નેધરલેન્ડ્સ અને સ્કોટલેન્ડની ટીમ ક્વોલિફાઈ થઈ હતી. ૧૨મી જૂને એજબસ્ટન ખાતે ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચેની મેચ સાથે ટુર્નામેન્ટનો પ્રારંભ થશે અને ૧૪મીએ આ જ મેદાન પર ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે.ભારત અને પાકિસ્તાન ઉપરાંત ગ્રૂપ-૧માં ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ અન નેધરલેન્ડ્સ સામેલ છે. જ્યારે બીજા ગ્રૂપમાં વેસ્ટ ઈન્ડિઝ, ન્યૂઝીલેન્ડ, શ્રીલંકા, આયર્લેન્ડ, સ્કોટલેન્ડની સાથે યજમાન ઈંગ્લેન્ડની ટીમ સામેલ છે. નેપાળમાં ટી૨૦ વિમેન્સ વર્લ્ડ કપના ક્વોલિફાયર્સ યોજાયા હતા જેના સમાપન સાથે વર્લ્ડ કપનો કાર્યક્રમ નિશ્ચિત કરાયો હતો. આ વખતે વિશ્વની ૧૨ ટીમ વર્લ્ડ કપમાં ભાગ લેનારી છે.આગામી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ માટેનું ચિત્ર હવે સ્પષ્ટ થઈ ગયું છે. આ ટુર્નામેન્ટના યજમાન ઈંગ્લેન્ડની સાથે હવે બાંગ્લાદેશ, આયર્લેન્ડ, નેધરલેન્ડ્સ અને સ્કોટલેન્ડ પણ મેદાનમાં ઉતરશે. આ ચારેય ટીમોએ એક અત્યંત રસાકસી ભરેલી ક્વોલિફિકેશન ઝુંબેશ બાદ પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. આ ક્વોલિફાયર રાઉન્ડે સાબિત કરી દીધું છે કે વૈશ્વિક સ્તરે મહિલા ક્રિકેટની તાકાત અને ઊંડાણ સતત વધી રહ્યા છે. આ વર્ષની ટુર્નામેન્ટમાં એક ખાસ રેકોર્ડ નોંધાયો છે. આ વખતે કુલ સ્પર્ધક ટીમોમાં ત્રીજા ભાગની ટીમો માત્ર યુરોપિયન દેશોની છે. આ યુરોપિયન રાષ્ટ્રો માટે એક ઐતિહાસિક ક્ષણ છે, જે દર્શાવે છે કે આ પ્રદેશમાં મહિલા ક્રિકેટનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. હાલમાં વન-ડે વર્લ્ડ ચેમ્પિયન ભારતની ટીમ પાકિસ્તાન સામે રમ્યા બાદ ૧૭મીએ લીડ્ઝ ખાતે નેધરલેન્ડ્સ સામે અને ૨૧મીએ માન્ચેસ્ટર ખાતે સાઉથ આફ્રિકા સામે રમશે.



### ટુર્નામેન્ટમાં ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડ પહેલીવાર ટકરાશ

૧૨ જૂને ટુર્નામેન્ટના ઓપનરમાં યજમાન ઈંગ્લેન્ડ શ્રીલંકા સામે ટકરાશે, જ્યારે આયર્લેન્ડ અને સ્કોટલેન્ડ ૧૩ જૂને ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ઓલ-યુરોપિયન મુકાબલામાં એકબીજા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ૨૦ જૂને હેડિંગ્લી ખાતે ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ સામે ટકરાશે, ત્યારે આ બંને ટીમો ઈંગ્લેન્ડની ધરતી પર આઈસીસી ઈવેન્ટમાં પહેલીવાર એકબીજા સામે ટકરાશે.

### મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું શેડ્યૂલ

૧૨ જૂન (શુક્રવાર): ઈંગ્લેન્ડ વિરુદ્ધ શ્રીલંકા

૧૩ જૂન (શનિવાર): સ્કોટલેન્ડ વિરુદ્ધ આયર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ન્યુઝીલેન્ડ

૧૪ જૂન (રવિવાર): ભારત વિરુદ્ધ પાકિસ્તાન, બાંગ્લાદેશ વિરુદ્ધ નેધરલેન્ડ

૧૬ જૂન (મંગળવાર): ન્યુઝીલેન્ડ વિરુદ્ધ શ્રીલંકા, ઈંગ્લેન્ડ વિરુદ્ધ આયર્લેન્ડ

૧૭ જૂન (બુધવાર): ભારત વિરુદ્ધ નેધરલેન્ડ, ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ બાંગ્લાદેશ, દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ પાકિસ્તાન

૧૮ જૂન (ગુરુવાર): વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ સ્કોટલેન્ડ

૧૯ જૂન (શુક્રવાર): ન્યુઝીલેન્ડ વિરુદ્ધ આયર્લેન્ડ

૨૦ જૂન (શનિવાર): ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ નેધરલેન્ડ, પાકિસ્તાન વિરુદ્ધ બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ વિરુદ્ધ સ્કોટલેન્ડ

૨૧ જૂન (રવિવાર): દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ભારત, વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ શ્રી શ્રીલંકા

૨૩ જૂન (મંગળવાર): ન્યુઝીલેન્ડ વિરુદ્ધ સ્કોટલેન્ડ, શ્રીલંકા વિરુદ્ધ આયર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પાકિસ્તાન

૨૪ જૂન (બુધવાર): ઈંગ્લેન્ડ વિરુદ્ધ વેસ્ટ ઈન્ડીઝ

૨૫ જૂન (ગુરુવાર): ભારત વિરુદ્ધ બાંગ્લાદેશ, દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ નેધરલેન્ડ

૨૬ જૂન (શુક્રવાર): શ્રીલંકા વિરુદ્ધ સ્કોટલેન્ડ

૨૭ જૂન (શનિવાર): પાકિસ્તાન વિરુદ્ધ નેધરલેન્ડ, વેસ્ટ ઈન્ડીઝ વિરુદ્ધ આયર્લેન્ડ, ઈંગ્લેન્ડ વિરુદ્ધ ન્યુઝીલેન્ડ

૨૮ જૂન (રવિવાર): ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ભારત, દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ બાંગ્લાદેશ

**નોકઆઉટ મેચ**

**30 જૂન (મંગળવાર): સેમિફાઈનલ ૧**

**૨ જુલાઈ (ગુરુવાર): સેમિફાઈનલ ૨**

**૫ જુલાઈ (રવિવાર): ફાઈનલ**

# સબમર્સિબલ વેપારીને ૨૫ લાખનો ચૂનો ચોપડનાર સ્ક્રેપ ધંધાર્થીને પાંચ કેસમાં બે બે વર્ષની જેલ

## પાંચ ચેકના ૫-૫ લાખ ૬ટકાના વ્યાજ સાથે ૧ માસમાં ફરિયાદીને રકમ ન ચૂકવે તો વધુ છ-છ મહિનાની સજા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સબમર્સીબલ પંપ ઉત્પાદક મિત્ર પાસેથી લીધેલા રૂપિયા ૨૫ લાખ પરત કરવા માટે આપેલા પાંચ ચેકો રિટર્ન થવાના પાંચ કેસમાં અદાલતે આરોપી સ્ક્રેપ ધંધાર્થી મીત પ્રવીણભાઈ ગોઠીને પાંચેય કેસમાં બે બે વર્ષની જેલ સજા અને પાંચેય ચેકની રકમો ૬ % વ્યાજ સાથે ફરિયાદીને એક માસમાં ચુકવવી અને તેમાં કસુર કર્યે વધુ છ-છ માસની સજા ફરમાવતો સીમાચીન્હરૂપ ચુકાદો એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા ફરમાવવામાં આવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, ફરીયાદી રસીકભાઈ શામજીભાઈ ચોવટીયા સબમર્સીબલ પંપનો વ્યવસાય કરતા હોય આરોપી મીત પ્રવિણભાઈ ગોઠી સ્ક્રેપનો ધંધો કરતા બંને વચ્ચે જુના સંબંધોને હોઇ દરમિયાન મીત ગોઠીના પિતા પ્રવીણભાઈ ગોઠીએ ધંધો વધારવા લોન મુકેલ, જે લોનના માર્જિનની રકમ બેંકમાં ભરવા સંબંધી રસિકભાઈ ચોવટીયા પાસેથી બે માસ માટે ૨૫ લાખ લીધા હતા. બેંક લોન પાસ થવામાં મોડું થતા મીત ગોઠીએ રસીક ચોવટીયા પાસેથી રૂા.૨૫ લાખ મેળવી તે સંબંધે પ્રોમિસરી નોટ લખી આપી, તે રકમ પરત કરવા રૂ. પાંચ પાંચ લાખના પાંચ ચેકો ફરીયાદી જોગ ઈસ્યુ કર્યા હતા.જે પાંચેય ચેકો રિટર્ન થતા તે સંબંધે પાંચ કેસો દાખલ કરવામાં આવેલ, કેસો ચાલવા દરમિયાન આરોપી મીત ગોઠીના પિતાએ માણાવદર મુકામે કરેલ આત્મહત્યા વખતે લખેલ સ્યુસાઈડ નોટ તે કેસમાંથી મેળવી ચેક રિટર્નના કેસમાં રજુ કરી તે સ્યુસાઈડ નોટ પુરવાર કરવા એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા આરોપીએ અરજી આપેલ હતી તે નામંજુર થયેલ હતી. ફરીયાદીના કારણે આરોપીના પિતાએ સ્યુસાઈડ કરવો પડેલનું પુરવાર થતું નથી અને તે ટ્રાયલના પુરાવાનું હાલની ટ્રાયલમાં મુલ્યાંકન કરી શકાય નહી વિગેરે મુદાઓ સબંધે લંબાણ પુર્વકની દલીલો કરવામાં આવી હતી, જે ધ્યાને લઈ અદાલત દ્વારા ફરીયાદીએ એન.આઈ. એકટના તમામ આવશ્યક તત્વો પુરવાર કરેલ છે, બચાવ પક્ષ ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન કરતો ખંડનાત્મક પુરાવો આરોપી રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી, ફરીયાદીના કેસો પુરવાર માની આરોપી મીત પ્રવીણભાઈ ગોઠીને દરેક કેસમાં બે-બે વર્ષની સજા ઉપરાંત ચેકની રકમ ફરીયાદીને એક માસમાં ચુકવવી અને તેમાં કસુર કર્યે વધુ છ-છ માસની સજા ફરમાવતો સમાચિન્હરૂપ ચુકાદો ફરમાવવામાં આવ્યો છે. ફરીયાદી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, યમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા. આ કામમાં ફરિયાદી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

# ઠંડા પીણાના વેપારીની પોલીસ કમિશનર સામે મનાઈ હુકમની અરજી રદ

## મોડી રાત્રે પોલીસ સ્ટાફ દ્વારા હેરાનગતિ કરી દુકાન બંધ કરાવવા સામે કાયમી સ્ટેની માગણી કરી 'તી

**અબતક, રાજકોટ**

શહેરના જ્યુબિલી ચોક પાસે ગોલા લચ્છીની મોડે સુધી ખુલ્લી રાખવા દેવાના દુકાનદાર ઈકબાલભાઈ રજાકભાઈ ડોસાણીના દાવામાં પોલીસ કમિશનર સામે કાયમી બનાવ્યું કંપની અરજી સિવિલ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.શહેરના જ્યુબિલી ચોક પાસે લચ્છી, ગોલાની દુકાન ચલાવતા ઈકબાલભાઈ રજાકભાઈ ડોસાણીએ સિવિલ કોર્ટમાં દિવાની દાવો દાખલ કરી અને તેમાં પોલીસ કમિશ્નરને પ્રતિવાદી તરીકે જોડી મનાઈ હુકમની કરેલી માંગણીમાં જણાવાયા મુજબ, શહેર પોલીસ કમિશનરના તાબાના પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી - સ્ટાફ દ્વારા તેમને હેરાનગતી કરવામાં આવેલ છે, અને તેની અસર તેમના ધંધા રોજગાર પર પડેલ છે. આ બાબતને લઈને તેમણે મનાઈ હુકમની માંગણી કરેલી અને તેમાં પ્રતિવાદી પોતાની દુકાનનો ધંધો બંધ કરાવે નહી તે હકીકતને ખાસ દર્શાવેલી, જે તે વખતે હંગામી સ્ટે અપાયો હતો. બાદમાં બન્ને પક્ષો દ્વારા મનાઈ હુકમની અરજી સંબંધે વિગતવારની દલીલો કરવામાં આવેલી, જેમાં સરકાર તરફેથી ઉપસ્થિત રહીને મદદનીશ સરકારી વકીલ મહેશભાઈ જોષીએ અદાલતને ભારપૂર્વક જણાવેલ કે વાદીશને ઈરરિપેરેબલ લોસ થાય તેવું નથી કે તેમના બ્રેડ બટરનો સવાલ ઉભો થાય તેમ નથી. એ રીતે વાદીનો સ્ટ્રોંગ પ્રાઈમાફેસી કેસ નથી અને બેલેન્સ ઓફ કન્વિનીયન્સ વાદીની તરફેણમાં નથી અને વાદીની પ્રતિષ્ઠાને નુકસાન જાય કે આર્થિક નુકસાન જાય તેવું કોઈ કૃત્ય પ્રતિવાદીના તાબાના અધિકારીઓએ કરેલ નથી, જેથી વાદીને મનાઈ હુકમ આપી શકાય નહીં. સિવિલ કોર્ટે બન્ને પક્ષે થયેલી રજુઆતોને ધ્યાને લઈ વાદીની મનાઈ હુકમની માંગણીની અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ મહેશકુમાર જોષીએ દલીલો કરી હતી.

# ૧.૧૪ કરોડના ડિજિટલ અરેસ્ટમાં રણજીત વાઘેલાના જામીન નામંજૂર

## નિવૃત શિક્ષક દંપતિને પોલીસ અધિકારીની ઓળખ આપી ઓનલાઈન ગેમિંગ અને આતંકવાદ સાથે સંકળાયેલા છો કહી ધમકી આપી ૧૬ શખ્સોએ સાયબર ફ્રોડ કર્યું

**અબતક, રાજકોટ**

શિક્ષક દંપતિને ડિજિટલ અરેસ્ટ કરવાની ધમકી આપી સાયબર ફ્રોડના ગુન્હા માં જેલ હવાલે રહેલા આરોપીની ચાર્જશીટ બાદની જામીન અરજી અદાલતે નામંજૂર કરી છે.વધુ વિગત મુજબ શહેરના એરપોર્ટ રોડ પાસે પત્રકાર સોસાયટી વિસ્તારમાં રહેતા નિવૃત્ત શિક્ષક કુરબાન વલીજી બદામીને વ્હૃતિફા થી અને ટેલિફોનિક ડિજિટલ અરેસ્ટ કરવાની ધમકી અને પોલીસ અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી તમારા ફોનમાં ઓનલાઈન ગેમિંગ અને આતંકવાદ સાથે તમે સંકળાયેલા છો તેવી ધમકી આપી ૧.૧૪ કરોડથી વધુ રકમની પડાવી લીધાનું ફરિયાદીએ પોતાની સાથે સાયબર ફ્રોડ થયા અંગે સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલી જે અનુસંધાને પોલીસે ૧૬ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પૈકી રણજીત કાળુભાઈ વાઘેલા ( ઠલિયા તળાજા)ની ધરપકડ કરી હતી. ચાર્જશીટ બાદ કોર્ટ સમક્ષ જામીન ઉપર છૂટવા માટે અરજી કરતા જામીન અરજી સામે સરકાર પક્ષે વાંધો લેવામાં આવેલો અને આરોપીનો પ્રત્યક્ષ રોલ હોય અને ફરિયાદી પાસેથી ૪ લાખ જેવી મોટી રકમ પડાવી લીધેલ હોય તે તમામ હકીકતો અને દલીલ ધ્યાને રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરી છે. આ કામમાં સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ આબીદ સોસન જામીન અરજી નામંજૂર કરાવેલી.

# પહેલા તમારી પુત્રવધુને લઈ ગયો, આજે તેના પુત્રને પણ લઈ જાવ છું કહી પ્રૌઢ દંપતી પર હુમલો

## કુચીયાદળ ગામે બાળકની કસ્ટડી મેળવવા પુત્રવધુ અને તેનો મિત્ર બેફામ બન્યા: પ્રૌઢાના વાળ પકડી માથું દીવાલના અથડાવ્યુ, ગાળો ભાંડી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા

**અબતક, રાજકોટ**

કુચીયાદળ ગામેં પ્રૌઢ દંપતી પર મૈત્રી કરાર કરી રહેતી પુત્રવધૂ અને તેના મિત્રએ પુત્રને લેવાં ઘરમાં ઘુસી પહેલાં તમારી પુત્રવધુને લઈ ગયો હતો અને આજે તેના દિકરાને લઈ જાવ છું' કહીં હુમલો કર્યો હતો. જે બનાવમાં એરપોર્ટ પોલીસે પ્રેમી યુગલ સામે ગુનો નોંધ્યો હતો. એસસી/એસટી સેલના એસીપીએ તપાસ આદરી હતી.

બનાવ અંગે રાજકોટના કુચીયાદળ ગામે રહેતાં ૫૭ વર્ષીય પ્રૌઢ રવજીભાઈ ગોવિંદભાઈ વાઘેલાએ નોંધાવેલ ફરીયાદમાં તેમની પુત્રવધૂ સંગીતા ચાવડા અને તેના મિત્ર તેજસ દલપતરામ દેશાણી (રહે. બંને રાજકોટ) નું નામ આપતાં એરપોર્ટ પોલીસે એટ્રોસીટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરિયાદીએ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ફરિયાદીના પુત્ર હરેશના લગ્ન ૧૫ વર્ષ પહેલા સંગીતાબેન ચાવડા સાથે થયેલ હતા. જે દરમિયાન તેઓને સંતાનમાં પુત્ર જીયાન્સનો જન્મ થયેલ છે, લગ્નના થોડા સમય બાદ તેમની પુત્રવધુને તેજસ દેસાણી નામના શખ્સ સાથે મિત્રતા થયેલ હોવાથી તે તેમની સાથે ભાગી ગયેલ હતી. બંને રાજકોટમાં મૈત્રી કરાર કરી રહેવા પણ લાગેલ હતા.

જ્યારે ફરીયાદીના પૌત્રની કસ્ટડી હાલ તેમના પુત્ર હરેશ પાસે છે, જે મામલે સંતાનની કસ્ટડી અને છુટાછેડા બાબતે કોર્ટ કેસ હાલ ચાલી રહ્યો છે. તે દરમિયાન ગઈ તા. ૨૩ ના સાંજના સમયે પુત્રવધૂ સંગીતા અને તેનો મિત્ર તેજસ અચાનક જ ઘરે ઘસી આવેલા હતા અને બંને બળજબરી પૂર્વક ફરિયાદીના પત્ની પાસે રહે તેમના પુત્રને લઈ જવા માટે દબાણ કર્યું હતું, જે ફરિયાદીની પત્નીએ પૌત્રને લઈ જવાની ના પાડતા આરોપી જયેશે પ્રોઢાના વાળ પકડી ઘરની દીવાલની સાથે માથું ભટકાવેલ હતું તેમજ સંગીતાએ પ્રૌઢાને બેફામ ગાળો આપી હતી.

જે દરમિયાન ફરીયાદીએ બંને આરોપીને બાળકોની કસ્ટડીનો કેસ કોર્ટમાં કેસ ચાલુ હોય જેનો ચુકાદો આવ્યા બાદ તમે લોકો કેસ જીતો પછી પુત્રને લઈ જજો તેમ વાત કરતાં આરોપી તેજસ ઉશ્કેરાઈ જઈ પ્રૌઢનો કાંઠલો પકડી ધક્કો મારી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી કહેલ કે, પહેલાં તમારા દીકરાની વહુને લઈ ગયો હતો, આજે તેના દિકરાને લઈ જાવ છું, જે થાય તે કરી લેજો અને હવે વચ્ચે પડ્યા તો જાનથી મારી નાંખીશ ધમકી આપી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી એસસી એસટી સેલ એસીપી સી.એમ.પટેલ અને ટીમે તપાસ આદરી હતી.

## વચ્ચે પડેલા ૫૭ વર્ષીય પ્રૌઢનો કાઠલો પકડી જે થાય તે કરી લેજો કહી ખૂનની ધમકી આપી: એરપોર્ટ પોલીસે પ્રેમી યુગલ વિરુદ્ધ ગુનો નોંધ્યો

# સગીરા પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં નરાધમને ૨૦ વર્ષની કેદ

## ૧૩ વર્ષની કિશોરીને શાળાએ મૂકી જવાનું કહી બાઈકમાં બેસાડી અપહરણ કરી ગોંધી રાખી હવસનો શિકાર બનાવી


**અબતક, રાજકોટ**

ઉપલેટા પોલીસ મથક વિસ્તારની ૧૩ વર્ષની કિશોરીને શાળાએ મૂકી જવાનું કહી બાઈકમાં બેસાડી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પીડીતાના સંબંધી કનેસ પાર્સિંગ ને ૨૦ વર્ષની કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે તેમજ સરકાર ની સ્કીમ હેઠળ પીડિતાને વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ઉપલેટા શહેરમાં રહેતા શ્રમિક પરિવારની ૧૩ વર્ષની કિશોરી તારીખ ૧૨ /૭ /૨૪ ના રોજ શાળાએ જવા નીકળ્યા બાદ ગુમ થતા અપહરણ થયા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસમાં તારીખ ૨૭/૭ /૨૫ ના રોજ કિશોરી સાથે કનેસ કટારા .સાથે મળી આવતા કિશોરીની પૂછપરછમાં કિશોરી સ્કૂલે જતી હતી ત્યારે રસ્તામાં કનેસ કટારા નામનો શખ્સ બાઈક લઈને ધસી આવી હાલ તને સ્કૂલે મૂકી જાવ તેમ કહી બાઈકમાં બેસાડી ભગાડી ગયો હતો. અને જાનથી મારી નાખવાની ધમકી આપી શરીર સંબંધ બાંધવાનું જણાવતા પોલીસે દુષ્કર્મની કલમનો ઉમેરો કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર સીટ રજૂ કરવામાં આવ્યું હતું. બાદ ધોરાજીની સેશન્સ કોર્ટમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખ તરફથી દલીલ કરવામાં આવી હતી. સમાજ વિરોધી ગુનો છે. પીડિતા સગીર હોવાથી આરોપીએ તેનું અપહરણ કરી બાળકી સાથે શરીર સંબંધ બાંધ્યો છે અદાલત સમક્ષ ભોગ બનનાર જે હકીકત જણાવે તે માની લેવું પડે તેવી આદેશાત્મક જોગવાઈ છે. આવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ. બંને પક્ષની દલીલો અને રજૂ થયેલા પુરાવાઓને ધ્યાને લઈ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખએ આરોપી કનેસ પાર્સિંગભાઈ કટારા ને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની કેદની સજા અને દંડ ફટકારેલ છે. ગુજરાત સરકારની વિકટીમ કંપનસેશન સ્કીમ હેઠળ ભોગ બનનાર બાળાને, તેમના જીવનના પુનઃસ્થાપન માટે વળતર ચૂકવવા આદેશ ફરમાવેલો છે.

# એસજીવીપીના માધવપ્રિયદાસજી સ્વામીના ૭૫ વર્ષ પૂર્ણ થતા રવિવારે 'અમૃતવંદના મહોત્સવ

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), અમદાવાદના અધ્યક્ષ અને સનાતન સંસ્કૃતિના પ્રખર ઉદઘોષક પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી પોતાના જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પવિત્ર અવસરને વધાવવા માટે આગામી ૧ માર્ચ, ૨૦૨૬, રવિવારના રોજ અમદાવાદના આંગણે એક ભવ્ય 'અમૃતવંદના મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. મહામાનવના



મહાકાર્યની વંદના સ્વામીજીના આ ૭૫ વર્ષ એટલે કેવળ સમયગાળો નહીં, પરંતુ એક મહામાનવના મહાકાર્યના વર્ષો છે. જેમના હરેક શ્વાસ હિન્દુ ધર્મ અને સનાતન સંસ્કૃતિના રક્ષણ તેમજ પોષણ માટે વપરાયા છે, તેવા સંતના પરોપકારી જીવનના વધામણા કરવાનો આ અવસર છે. ગુરુકુલ સંસ્કૃતિને વિશ્વના ફલક ઉપર પહોંચાડનારા અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય એવા પૂજ્ય સ્વામીજીના સન્માનમાં આ મહોત્સવ ઉજવાશે. દિગ્ગજ મહાનુભાવોની ઉપસ્થિતિ અને 'અમૃતવંદના ગ્રંથ'નું વિમોચન આ મંગલ અવસરે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ જેવા રાજકીય મહાનુભાવો, અવધેશાનંદજી મહારાજ, રામદેવજી મહારાજ, સંપ્રદાયના આચાર્ય તેમજ દેશના શ્રેષ્ઠ વિદ્વાનો, સાહિત્યકારો અને ઉદ્યોગપતિઓ વગેરે દેશ-વિદેશના મહાનુભાવોના પૂજ્ય સ્વામીજી વિશેના સદ્વિચારોનું સંકલનસ્વરૂપે તૈયાર કરવામાં આવેલ વિશેષ 'અમૃતવંદના ગ્રંથ'નું પણ પ્રકાશન કરવામાં આવશે, જે પૂજ્ય સ્વામીજીના જીવન અને કાર્યો પર પ્રકાશ પાડશે. આ અવસરે ગુજરાતના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી વગેરે રાજકીય મહાનુભાવો, શ્રેષ્ઠ ધર્માચાર્યો, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, સમાજશ્રેષ્ઠિઓ ખાસ ઉપસ્થિત રહેશે.

# જામનગર રોડ પર નાગેશ્વર એપાર્ટમેન્ટની યુવતીનો આપઘાતનો પ્રયાસ

## એનજીઓમાં કાર્યરત બિંદિયાબેને અગમ્ય કારણોસર ફિનાઈલ ગટગટાવ્યુ

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલી નાગેશ્વર સોસાયટીમાં રહેતી યુવતીએ વહેલી સવારે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. યુવતીને બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ જામનગર રોડ પર નાગેશ્વર એપાર્ટમેન્ટ, જૈન દેરાસર સામે રહેતા બિંદિયાબેન નાગજીભાઈ રાઠોડ (ઉ.વ. ૨૬) આજે વહેલી સવારે ૦૫:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા, ત્યારે તેમણે કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. દવાના કારણે બિંદિયાબેન બેભાન થઈને ઢળી પડતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. તેમને તાત્કાલિક રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બિંદિયાબેન હાલ કોલેજમાં અભ્યાસ કરે છે અને તેની સાથે એક એનજીઓમાં પણ સેવા આપી રહ્યા છે. તેઓ બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાના છે. યુવતીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી. પોલીસે આ બનાવ અંગે નોંધ કરી કારણ જાણવા આગળની તપાસ હાથ ધરી છે.

# થોરાળાના લાખાજીરાજમાં પરિવારજનોનો યુવક પર હુમલો

## બહેનને ભગાડી જનાર સાથે સંબંધ રાખવાની ના પાડતા ભાઈ પર પરિવારજનોનો ધારીયા વડે હુમલો

**અબતક રાજકોટ**

શહેરના થોરાળા વિસ્તારમાં કૌટુંબિક ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. બહેનને ભગાડી જનાર શખ્સ સાથે વ્યવહાર રાખવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સોએ યુવક પર ધારીયા વડે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. થોરાળા મેઈન રોડ પર લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નંબર-૮ માં રહેતા કલ્પેશભાઈ રમેશભાઈ વાલાણી (ઉ.વ. ૪૦) ગઈકાલે પોતાના ઘર પાસે હતા ત્યારે વિનય, પ્રભાબેન, ભરતભાઈ અને અન્ય શખ્સોએ આવી તેમની સાથે ઝઘડો શરૂ કર્યો હતો. બોલાચાલી ઉગ્ર બનતા આ શખ્સોએ કલ્પેશભાઈ પર ધારીયા વડે હુમલો કરી દીધો હતો, જેમાં તેમને પગ અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, કલ્પેશભાઈની બહેન પૂજાબેનને ૧ વર્ષ પહેલા વિનય નામનો શખ્સ ભગાડી ગયો હતો. આ બાબત કલ્પેશભાઈના માતા પ્રભાબેન અને બનેવી ભરતભાઈને મંજૂર હતી, પરંતુ કલ્પેશભાઈ આ સંબંધના વિરોધમાં હતા. તેમણે વિનય સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર રાખવાની કે તેને ઘરે આવવા દેવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આ કડવાશને લીધે થયેલા ઝઘડામાં પરિવારે જ પરિવારના સભ્ય પર માર માર્યા હતા. મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા કલ્પેશભાઈ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા છે. હાલ પોલીસે આ મામલે આગળની તપાસ હાથ છે.

# ગોંડલ ચોકડી પાસે પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

## શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી જઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો

**અબતક, રાજકોટ**

શહેરની ગોંડલ ચોકડી પાસે પિયરમાં રહેતી પરિણીતાએ શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી જઈ ગળાટુંપો ખાઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં પરિણીતાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ મૂળ દેવભૂમિ દ્વારકાના ધારાગઢના વતની અને હાલ રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે મહંમદી બાગમાં પિતા ઝાકીરહુસેનભાઈ ચાનિયાના ઘરે રહેતા રૂકશાર અશગરભાઈ શેઠા (ઉ.વ. ૩૦) એ ગત રાત્રે પિયરમાં જ ગળાટુંપો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનોને જાણ થતા જ તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના બિછાનેથી રૂકશારે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, તેના પતિ ખેતીકામ કરે છે. લગ્નજીવન દરમિયાન પતિ દ્વારા અવારનવાર નાની-નાની બાબતોમાં ઝઘડો કરી મારકૂટ કરવામાં આવતી હતી. અગાઉ પતિએ એટલો ગંભીર માર માર્યો હતો કે રૂકશારનો પગ ભાંગી ગયો હતો. પતિના આ હિંસક વલણથી કંટાળીને તે છેલ્લા એક વર્ષથી પિયરમાં રિસામણે રહેતી હતી. રૂકશારને સંતાનમાં એક નાની દીકરી છે. ભાંગેલા પગની પીડા વચ્ચે માનસિક તણાવમાં આવી જઈ તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. આ મામલે સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી પોલીસને જાણ કરી છે. પોલીસે રૂકશારનું નિવેદન લેવાની અને સાસરી પક્ષ સામે તપાસ કરવાની તજવીજ હાથ ધરી છે.

# રાજકોટના યુવકની મહારાષ્ટ્રમાં હત્યા નીપજાવનાર બે ખૂની ઝડપાયા


## પેરોલ ફર્લો સ્કોડની ટીમે જંગલેશ્વર અને નાણાંવટીના શખ્સોને દબોચી અમરાવતી પોલિસના હવાલે કર્યા

## જૂનાગઢના ૨૪ વર્ષ જૂના હત્યા કેસમાં પેરોલ મેળવી ૧૦ વર્ષથી ફરાર કેદી પણ દબોચાયો

**અબતક, રાજકોટ**

મહારાષ્ટ્રના અમરાવતીમાં રાજકોટના યુવાનની હત્યાના ગુનામાં બે આરોપીઓને રાજકોટ પોલિસે દબોચી લઈ મહારાષ્ટ્ર પોલિસના હવાલે કર્યા હતા.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને એસીપી ભરત બસિયા દ્વારા નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જી તેરૈયાની ટીમ આરોપીઓને પકડી પાડવા પ્રયત્નશીલ હતી. દરમિયાન મહારાષ્ટ્રના અમરાવતી ગ્રામ્ય પોલીસ મથકમાં નોંધાયેલ ખૂનના ગુનામાં આરોપીઓને પકડી



પાડવા અમરાવતી ગ્રામ્ય પોલીસની ટીમો રાજકોટ શહેર ખાતે તપાસમાં આવેલ હતી. આ ગુનામાં મોતને ભેટનાર વિમલ ઉર્ફે ભાયો સતિષભાઈ અગ્રાવત ( રહે નાણાવટી ચોક, આવાસ યોજના ક્વાર્ટર, રાજકોટ)નું ખૂન થયેલ હોય જે ગુનામાં નાસતા ફરતા આરોપી માહીર મજીદભાઈ સોલંકી( ઉવ ૨૨ રહે. હુસેની ચોક, જંગલેશ્વર, રાજકોટ) અને રાજ વાહિદભાઈ ચૌહાણ (ઉવ ૨૨ રહે. નાણાવટી ચોક, આવાસ યોજના ક્વાર્ટર, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ)ની ધરપકડ કરી મહારાષ્ટ્ર પોલીસના હવાલે કરવામાં આવ્યા હતા

ઉલ્લેખનીય છે કે, વિમલની સગીર બહેનને એક શખ્સ ભગાડી ગયો હતો. તેના સગા આરોપીઓ માહિર અને રાજ છે. બહેનને ભગાડી જવાના ઝઘડામાં વિમલે આરોપી પક્ષની કાર ગાંધીગ્રામ પોલીસ મથકના વિસ્તારમાં સળગાવી હતી. જેને કારણે બંને પક્ષો વચ્ચે માથાકૂટ વધી હતી. વિમલ આરોપી પક્ષ પાસેથી સમાધાન માટે પૈસા માંગી ધાક-ધમકી આપતો હતો. એટલું જ નહીં હાલ ગુજરાતમાં વોન્ટેડ હોવાથી મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં છૂપાઈ ગયો હતો. જયાંથી તેણે બંને આરોપીઓને સમાધાન માટે બોલાવ્યા હતા. તે વખતે ઝઘડો થતાં બંને આરોપીઓએ તેને છરીના ઘા ઝીંકી પતાવી દીધો હતો. ત્યાર પછી આરોપીઓ ભાગી ગયા હતા. આરોપીઓ રાજકોટના હોવાથી અમરાવતી પોલીસે પેરોલ ફર્લો સ્કવોડની મદદ માંગી હતી. જેના પીઆઈ ઝણકાટ અને પીએસઆઈ જે. જી. તેરૈયાએ તપાસના અંતે બંને આરોપીઓને જંગલેશ્વર વિસ્તારમાંથી ઝડપી લઈ અમરાવતી પોલીસના હવાલે કર્યા હતા.

જ્યારે પેરોલ ફર્લો સ્કોડની ટીમે વધુ એક પેરોલ જમ્પલ કેદીને પકડી પાડ્યો હતો. હ્યુમન રિસોર્સ અને ટેક્નિકલ સોર્સથી મળેલી માહિતીના આધારે જૂનાગઢના સીલ પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૨ માં નોંધાયેલ હત્યાના ગુનામાં રાજકોટ મધ્યસ્થ જેલમાંથી પેરોલ મેળવી છેલ્લા દસ વર્ષથી ભૂગર્ભમાં ઉતરી ગયેલ પાકા કામનો ફરાર કેદી વજસી મુળુભાઈ ઓડેદરા (ઉવ ૪૬ રહે મીતીગામ, માંગરોળ, જુનાગઢ) ને રાજકોટ શહેર ખાતેથી પકડી પાડી મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

બિલ ચૂકવી દો નહિ તો વીજળી ગુલ

# રૂ.૬૫૨ કરોડનું બાકી વીજ લ્હેણું વસુલવા ૨૭૦૦ ટીમો મેદાનમાં

## બાકી વીજબિલ ધરાવતા જોડાણો કાપી નાખવા સપાટોઃ જામનગર ૮૮ કરોડ સાથે પ્રથમ ક્રમે, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં પણ વસૂલાતનો આદેશ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ સર્કલમાં બાકી પડતી કરોડોની રકમ વસૂલવા માટે આજથી એક દિવસીય મેગા ડ્રાઈવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લાંબા સમયથી બાકી રહેલા અંદાજે ૬૫૨ કરોડના વીજબિલની વસૂલાત માટે તંત્ર દ્વારા ૨૭૦૦ જેટલી ચેકિંગ ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી છે. જે ગ્રાહકો બિલ ભરપાઈ નહીં કરે તેમના વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવાની કડક સૂચના આપવામાં આવી છે.

જામનગર સર્કલ વસૂલાતમાં સૌથી મોખરે

આંકડાકીય વિગતો મુજબ, સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વસૂલાત જામનગર સર્કલમાં બાકી છે, જ્યાં ગ્રાહકો પાસે રૂ૮૮.૭૧ કરોડ લેવાના નીકળે છે. બીજા ક્રમે સુરેન્દ્રનગર અને રાજકોટ સિટી સર્કલ છે, જ્યાં અંદાજે રૂ૭૫ કરોડથી વધુની વસૂલાત પેન્ડિંગ છે. આ વસૂલાતમાં રહેણાંક, વાણિજ્યિક, ઔદ્યોગિક અને સરકારી-બિનસરકારી સંસ્થાઓના બાકી બિલનો સમાવેશ થાય છે.

ના સૂત્રોના જણાવ્યા અનુસાર, મંગળવારથી જ આ આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. રહેણાંક વિસ્તારોમાં આશરે રૂ૧૧,૭૪૩ લાખ અને મોટા ઉદ્યોગો તેમજ કોમર્શિયલ એકમો પાસે ૨૩,૦૪૧ લાખ જેવી મોટી રકમ બાકી છે. આજની આ ઝુંબેશ બાદ પણ જો રકમ વસૂલ નહીં થાય, તો આગામી દિવસોમાં વધુ આકરી ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. વીજ કંપનીની આ કાર્યવાહીથી બાકીદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો.

### સુરેન્દ્રનગર-રાજકોટમાં સંયુક્ત વીજચોરી અભિયાન રૂ. ૨.૨૮ કરોડની ચોરી ઝડપાઈ

સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં (પીજીવીસીએલ) તથા પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે વીજચોરી વિરોધી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પીજીવીસીએલના મેનેજિંગ ડાયરેક્ટરના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ અને રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના સહયોગથી લાંબા સમયથી વીજ ચેકિંગને વિરોધ કરતા ગામોમાં સઘન ચકાસણી કરવામાં આવી હતી.સુદામડા, સાયલા, જાની વડલા, નાની મેલડી, થાન, આંકડિયા અને મોટા માત્રા સહિતના ગામોમાં વિશેષ ટીમો દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. આ અભિયાનમાં પીજીવીસીએલની ૧૬૪ ટુકડીઓ સાથે ૩૨૧ સ્થાનિક પોલીસ જવાનો, ૩૫ જીયુવીએનએલ પોલીસ તથા ૪૨ એસ.આર.પી. જવાનો જોડાયા હતા. બંને જિલ્લા પોલીસ અધિક્ષકોએ સ્થળ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. અભિયાન દરમ્યાન કુલ ૧૧૪૭ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી હતી. તેમાં ૩૨૭ જોડાણોમાં ગેરરીતિ મળી આવતા કુલ રૂ. ૨ કરોડ ૨૮ લાખની વીજચોરી પકડી પાડવામાં આવી હતી. ઉપરાંત ૨૪.૬૬ કિલોમીટર લાંબા ગેરકાયદે કેબલ અને એક પ્રાઈવેટ ટ્રાન્સફોર્મર કબજે કરવામાં આવ્યા હતા.

| સર્કલ મુજબ બાકી વસૂલાત | |
|---|---|
| જામનગર | રૂ.૮૮.૭૧ કરોડ |
| સુરેન્દ્રનગર | રૂ.૭૫.૮૨ કરોડ |
| રાજકોટ (સિટી) | રૂ.૭૪.૯૪ કરોડ |
| ભાવનગર | રૂ.૪૬.૫૫ કરોડ |
| મોરબી | રૂ.૫૩.૭૧ કરોડ |
| જૂનાગઢ | રૂ.૩૪.૯૮ કરોડ |

# માર્ગ અકસ્માતો નિવારવા આજથી ૧૫ દિવસ ટ્રાફિક ડ્રાઈવઃ ડીજીપીનો આદેશ

## વધતા જતા માર્ગ અકસ્માતોને રોકવા પોલીસ વડાનું સ્તુત્ય પગલું દૈનિક કામગીરીનો રિપોર્ટ વડી કચેરીએ રજુ કરવા પડશે

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક હદે વધી રહ્યું છે દરમિયાન રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે રાજ્યભરમાં આજથી એક પખવાડીયા સુધી ખાસ ટ્રાફીક ડ્રાઈવ ચલાવવા આદેશ આપ્યા છે. દરેક જિલ્લા અને મહાનગરોમાં કરવામાં આવેલી કામગીરીનો દૈનિક રિપોર્ટ આપવા પણ સુચના આપવામાં આવી છે.

ગુજરાતમાં વધતા જતા માર્ગ અકસ્માતોને અંકુશમાં લેવા માટે રાજ્યના ડીજીપી કેએલએનરાવ દ્વારા આજથી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસની ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. તમામ જિલ્લા પોલીસ વડા અને પોલીસ કમિશનરોને સુચના આપી ટ્રાફિક પોલીસની ડ્રાઈવ દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, ઓવર પેસેન્જર, રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ, નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, હેલ્મેટનો અભાવ, ગેરકાયદેસર એલઈડી લાઈટ,અનધિકૃત પાર્કિંગ સહિતના ટ્રાફિક ભંગ સામે કાર્યવાહી કરાશે ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે આકરા પગલાં લેવામાં આવનાર છે.હેલ્મેટ અને વાહનના કાગળો તૈયાર રાખજો, ૧૫ દિવસ સુધી ટ્રાફિક ડ્રાઈવ ચાલશે.

વધુ વિગત મુજબ રાજ્યમાં આગામી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસની ઝુંબેશ હાથ ધરાશે. જે અંતર્ગત રાજ્યના પોલીસ વડા કે એલએન રાવ દ્વારા ટ્રાફિક ઝૂંબેશ ચલાવવા માટે તમામ પોલીસ કમિશનર અને એસપીને સૂચના આપવામાં આવી છે. કામગીરીનો દૈનિક રીપોર્ટ વડી કચેરીને મોકલવાનો આદેશ કરાયો છે. વધતા જતા માર્ગ અકસ્માતોને અંકુશમાં લેવા માટે નિર્ણય લેવાયો છે. ટ્રાફિક પોલીસની ડ્રાઈવ દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, ઓવર પેસેન્જર, રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ, નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, હેલ્મેટનો અભાવ, ગેરકાયદેસર એલઈડી લાઈટ,અનધિકૃત પાર્કિંગ સહિતના ટ્રાફિક ભંગ સામે કાર્યવાહી કરાશે. રાજ્યભરમાં આજથી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસની વિશેષ ઝૂંબેશ રાજ્યભરમાં વધતા માર્ગ અકસ્માતોને ધ્યાનમાં રાખીને આજથી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસ દ્વારા વિશેષ




ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. રાજ્યના પોલીસ કમિશનર તેમજ જિલ્લા પોલીસ વડાઓને કડક સૂચનાઓ આપવામાં આવી છે કે કામગીરીનો દૈનિક રિપોર્ટ વડી કચેરીને મોકલવામાં આવે. આ અભિયાન દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને કાળા કાચ જેવા ગુનાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ ગેરકાયદે પાર્કિંગ, ગેરકાયદે એલઈડી લાઈટ લગાવનાર અને નંબર પ્લેટ વગરના વાહનો સામે પણ દંડાત્મક પગલાં લેવામાં આવશે. ટ્રાફિક નિયમોનું કડક પાલન થાય અને અકસ્માતોમાં ઘટાડો થાય તે માટે આ ઝૂંબેશ અમલમાં મુકાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સફેદ એલઈડી લાઈટના કારણે વાહન ચાલકો રાત્રે દરમિયાન અંજાઈ જતા હોવાના કારણે જીવલેણ માર્ગ અકસ્માતો સર્જાય છે. જેને ધ્યાનમાં રાખી આરટીઓ દ્વારા છેલ્લા ઘણા દિવસોથી અનઅધિકૃત વ્હાઈટ એલઈડી લાઈટ હટાવવા માટે ખાસ ઝુંબેશ સ્વરૂપ કરવામાં આવી છે. બીજી તરફ આજથી રાજ્ય વર્મા પોલીસ વડાના આદેશ બાદ પોલીસ દ્વારા ખાસ ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરી દેવામાં આવી છે માર્ગ અકસ્માતોને ઘટાડવા પર વાર મુકવામાં આવી રહ્યો છે.

આજથી ફરી પોલીસ દ્વારા હેલ્મેટ પહેર્યા વિનાના વાહન ચાલકોને રોકી તેઓની પાસેથી દંડ વસૂલ કરવાની કામગીરી પણ જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત લાઈસન્સ વિના વાહન ચલાવતા ટીનેજરો સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવનાર છે. સરકારી કચેરીઓ શાળા કોલેજોમાં ફરીથી ટ્રાફિક ગાયબ અંતરગત હેલ્મેટ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવે તેવી શક્યતા નકારી શકાતી નથી. એક પખવાડિયા સુધી ચાલનારી આ ડ્રાઈવ અંતર્ગત દરેક જિલ્લા અને શહેરના થયેલી કામગીરીનો રિપોર્ટ જિલ્લા પોલીસ વડાને આપવાનો રહેશે.

# વસ્તી ગણતરીની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અધિકારીઓને તાકીદ



## એપ્રિલ-મે માં પ્રથમ તબકકામાં ઘર યાદી અને આવાસ ગણતરી કરાશે

**અબતક, રાજકોટ**

ભારત સરકારના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરની કચેરી દ્વારા આયોજિત વસતી ગણતરી-૨૦૨૭ના પ્રથમ તબક્કાની તૈયારીઓ અંતર્ગત ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સની વિશેષ બેઠક મુખ્ય સચિવ એમ.કે.દાસના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

મુખ્ય સચિવ એમ.કે.દાસે જણાવ્યું હતું કે, વસતી ગણતરી-૨૦૨૭ ચોકસાઈ, પારદર્શિતા અને ડિજીટલ ગવર્નન્સમાં બેન્ચમાર્ક સ્થાપિત કરશે. ભારતની વસતી ગણતરી દેશનો સૌથી મોટો અને મહત્વનો વહીવટી કાર્યક્રમ છે. વર્ષ ૨૦૨૭ની વસતી ગણતરી અત્યંત મહત્વની છે કારણકે દરેક નીતિ નિર્ણય માટે આ આંકડા આપણા રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે જરૂરી બનશે. રાજ્યના શહેરી વિસ્તારોમાં વસતી ઝડપથી વધી રહી હોવાના કારણે આગામી વિકાસલક્ષી કાર્યોમાં આ વસતીના આંકડા પાયારૂપ સાબિત થશે. અગાઉ આ પ્રક્રિયામાં ૩ થી ૪ વર્ષ લાગતા હતા એવી ગણતરીમાં ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ થવાથી આ પ્રક્રિયાને વેગ મળશે.

એમ.કે.દાસે ઉમેર્યું કે, વસતી ગણતરી-૨૦૨૭ એ માત્ર વૈધાનિક પ્રક્રિયા નથી પરંતુ એવો પાયો છે જેના પર રાષ્ટ્રના ભવિષ્યનું આયોજન, જનહિતલક્ષી યોજનાઓના લક્ષ્યાંક અને વિકાસલક્ષી વ્યૂહરચનાઓ નિર્ભર રહેશે. જેમાં રાજ્યના દરેક જિલ્લા તેમજ શહેરી કક્ષાએ જવાબદારી સાથે ઝીણવટભર્યું આયોજન હોવું આવશ્યક છે. રાજ્ય સરકાર સર્વોચ્ચ વહીવટી સજ્જતા સાથે વસતી ગણતરી-૨૦૨૭ સુપેરે પાર

(અનુ. આઠમા પાને)

# ગિફ્ટ સિટીથી શાહપુર સુધી મેટ્રો રેલ કોરિડોર વિસ્તરણને મંજૂરી

## ૩.૩૩ કિલોમીટર લાંબા વિસ્તરણ સાથે ત્રણ એલિવેટેડ સ્ટેશનો શરૂ થશેઃ ચાર વર્ષમાં આ રૂટ પૂર્ણ કરવાનું આયોજન

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી દિલ્હીમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ગિફ્ટ સિટીની કનેક્ટિવીટી વધુ સુગમ બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરીને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના હાલના નોર્થ-સાઉથ કોરિડોરના વિસ્તરણને મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી સ્થપાયેલા અને વિશ્વભરમાં ફિનટેક હબ તરીકે ખ્યાતિ મેળવી રહેલા ગિફ્ટ સિટીમાં મલ્ટિનેશનલ ફિનટેક કંપનીઓ સહિત ગિફ્ટ સિટીમાં કાર્યરત એકમો, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રો તથા અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચે દૈનિક મુસાફરી કરતા નાગરિકોને આ કનેક્ટિવિટીનો લાભ આપવા માટે વડાપ્રધાન અને કેન્દ્રીય કેબિનેટનો આભાર માન્યો છે.

વર્તમાન સ્થિતિએ ગુજરાત મેટ્રોના ૬૮.૨૮-કિમી અમદાવાદ મેટ્રો ફેઝ- એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ (નોર્થ-સાઉથ કોરિડોર) અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ (ઈસ્ટ-વેસ્ટ કોરિડોર) અને ફેઝ-II (મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને જીએનએલયુથી ગિફ્ટ સિટી), કુલ ૫૩ સ્ટેશનો સાથે સપ્ટેમ્બર-૨૦૨૨ (ફેઝ-I) અને જાન્યુઆરી-૨૦૨૬ (ફેઝ-II) થી સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યા છે. તેનો લાભ દરરોજ

(અનુ. આઠમા પાને)

નકલીની બોલબાલા

# ત્રણ વર્ષમાં ૪૨ નકલી અધિકારીઓ ઝડપાયા

## નકલી મોડલથી ગુજરાતનું વહીવટી તંત્ર બન્યું લકવાગ્રસ્તઃ કોંગ્રેસ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં એક બાદ એક નકલી અધિકારીઓ અને નકલીઓનો કારોબાર ભાજપ શાસનમાં ધમધોકાર ચાલી રહ્યો છે. નકલીઓ દ્વારા નાગરિકોને લુંટવાના બેફામ કારનામાંઓને રોકવામાં નાકામ ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નકલી અધિકારી બની ગઠીયાઓ પ્રજાને સરેઆમ લુંટી રહ્યાં છે. રાજ્યમાં જાણે કાયદો વ્યવસ્થા કે પોલીસતંત્રની જરાય ડર જ ન હોય તેમ સરકારી કામો કરી આપવા, પ્રમોશન આપવા અને અપાવવા, ટેન્ડર આપવવા, આરોપીઓને છોડી મુકવા સહીતની નીતનવી મોડેસ ઓપરેન્ડીઓ થકી ગુજરાતીઓને છેતરતી 'ઠગ કંપની' બેફામ બની છે. જાણે નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ અસરકારક હોય અને 'નકલી મોડેલ'એ તંત્રને લકવાગ્રસ્ત કર્યું હોય એમ બનાવટી અધિકારીઓ છાકટા બની નાગરિકોને લુંટી રહ્યાં. નકલી કસ્ટમ અધિકારી, ડેપ્યુટી કલેક્ટર,આઈપીએસ, સીબીઆઈ અધિકારી,સીઆઈડી અધિકારી, કેન્દ્રીય એજન્સી અધિકારી, ગૃહમંત્રાલયનો અધિકારી, શાળામાં લોકો ભોગ બન્યા છે. ગુજરાતમાં સતત ડિજીટલ અરેસ્ટની ઘટનાઓ વધી રહી છે બીજી બાજુ નકલી ગઠીયાઓ બેફામ બન્યા છે, પ્રજાને તો જાણે 'સુડી વચ્ચે સોપારી' જેવો ઘાટ છે. ગુજરાતમાં કરોડોના કૌભાંડના અસલી ખેલાડી કોણ ? સંડોવાયેલા સાચા ખેલાડીઓ બેનકાબ ક્યારે થશે.

છેલ્લા ત્રણ વર્ષમાં ૪૨થી વધુ નકલી અધિકારીઓ પકડાયા. સુરતના વરાછા પાસેથી નકલી કસ્ટમ અધિકારી હિમાંશુ રાય, અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબાના ઈન્દ્રમમાંથી પ્રકાશ નાઈ નામનો નકલી ડે.કલેકટર, સુરેન્દ્રનગર પાલિકાનો ભાજપનો કોર્પોરેટર નકલી સીબીઆઈ અધિકારી હિતેશ્વરસિંહ મોરી, ભાજપના નેતાઓ સાથેના ફોટા બતાવી લુટ ચલાવતો નકલી કેન્દ્રીય એજન્સી અધિકારી ભરત છાબડા, સુરતના કામરેજથી નકલી આઈપીએસ પ્રદીપ પટેલ, સુરતમાં મહિલાઓને પજવણી કરતો નકલી સીઆઈડી અધિકારી તરુણ ભટ્ટ, યુનીવર્સીટી રોડથી નકલી ગૃહમંત્રાલયનો અધિકારી સૌરીશ ઘોષ, કરાઈમાં ટ્રેનીગ લેતો નકલી પીએસઆઈ મયુર તડવી, ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા બતાવતો નકલી પીએમઓ અધિકારી કિરણ પટેલ, સંજય શેરપુરિયા, નકલી સીએમઓ અધિકારી લવકુશ દ્વિવેદી જેના

(અનુ. આઠમા પાને)

# ભાવનગર-મુંબઈ વચ્ચે ૨૯મી માર્ચથી દૈનિક બે ફ્લાઈટ ઉડશેઃ આજથી બુકીંગ

## કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાના પ્રયાસોને સફળતા સાંપડીઃ સવારે અને સાંજે ફ્લાઈટ ઉડાન ભરશે

**અબતક, રાજકોટ**

ઔદ્યોગિક દ્રષ્ટિએ મહત્વનું એવા ભાવનગર ખાતેથી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ તકનીકી કારણોસર છેલ્લા ઘણા સમયથી બંધ હતી. સ્થાનિક લોકોની માંગણી અને લાગણીને ધ્યાને લઈને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા એ કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીને કરેલી રજૂઆતને સફળતા મળી છે. આગામી તા.૨૯ માર્ચથી ભાવનગરથી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ પુનઃશરૂ થશે. જેનું આજથી બુકીંગ શરૂ થયું છે. જેનો નાગરિકોને લાભ લેવા મંત્રીએ અપીલ કરી છે.

ભાવનગર શહેરમાં ઉડાન યોજનાનો સમયગાળો પૂર્ણ થતાં બંધ થયેલી હવાઈ સેવાઓ ફરી શરૂ થવા જઈ રહી છે, જે અંતર્ગત ભાવનગરને મુંબઈ સાથેની સીધી એર કનેક્ટિવિટી પુનઃપ્રાપ્ત થશે. ભાવનગરને સુચારૂ હવાઈ સુવિધા મળે તે માટે ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ સઘન પ્રયાસો કર્યા હતા. જેના પરિણામે આ સફળતા મળી છે.

મંત્રીએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે.આર. નાયડુને રૂબરૂ રજૂઆત કરી હતી. કેન્દ્રીય રાજ્ય મંત્રી, નાગરિક ઉડ્ડયન મંત્રી મુરલીધર મોહોલ સાથે તથા વિવિધ એર લાઈન્સ સાથે તબક્કાવાર બેઠકો યોજી હતી.

કેન્દ્ર સરકારના સકારાત્મક વલણ અને દિશા-નિર્દેશોને પગલે ઈન્ડિગો એર લાઈન્સ દ્વારા ૨૯ માર્ચથી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ફ્લાઈટ શરૂ કરવાનો

(અનુ. આઠમા પાને)


ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
A State Public University Established by Government of Gujarat

National Common Entrance Test (NCET)
ધોરણ-૧૨ પછી સ્નાતક પ્રવેશ જાહેરાત-૨૦૨૬

NCTE માન્ય ચાર વર્ષીય ITEP પ્રોગ્રામ

| પ્રોગ્રામ | વિષય | તબક્કો | બેઠક |
|---|---|---|---|
| બી.એસસી.-બી.એડ. | મેથેમેટિક્સ, ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બૉટની | મિડલ | 50 |
| | | સેકન્ડરી | 50 |
| બી.એ.-બી.એડ. | અંગ્રેજી, ગુજરાતી સંસ્કૃત | મિડલ | 50 |
| | | સેકન્ડરી | 50 |

ઓનલાઈન પ્રવેશ પરીક્ષા
NTA દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ NCETનું આયોજન
રજીસ્ટ્રેશન તારીખ: 12-02-2026 to 10-03-2026
પરીક્ષા તારીખ: 17-04-2026 (સંભવિત)

ઓનલાઈન અરજી અને માહિતી પુસ્તિકા માટે www.exams.nta.nic.in/ncet/
REGISTER NOW

સરનામું : ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૫, ગાંધીનગર
પૂછપરછ માટે : વેબસાઈટ : www.iite.ac.in ઈ-મેઈલ : admission2026@iite.ac.in મોબાઈલ નં : 99784 00697
iitegandhinagar
માહિતી માટે
માહિતી/૨૦૨૫-૨૬/૧૭૫૫


# દેશના આર્થિક વૃધ્ધી દર કરતા ગુજરાતનો વિકાસ ૧ ટકા જેટલો વધુ!

## છેલ્લા ૧૩ વર્ષમાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાના વાસ્તવિક આર્થિક વૃધ્ધી દર હાંસલ કર્યો છે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે તેની નાણાકીય શિસ્ત, લાંબાગાળાનું આયોજન અને જનહિતલક્ષી અભિગમ દ્વારા દેશના સૌથી વિકસિત રાજ્ય તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. રાજ્યના સર્વાંગી વિકાસ અને કલ્યાણકારી યોજનાઓને વેગ આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

નાણા વિભાગ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ નોંધપાત્ર રીતે વધુ રહ્યો છે. દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ ૬.૫ ટકાથી વધુ છે, જેની સામે ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૪ ટકા નોંધાયો છે. આટલું જ નહીં, વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૪-૨૫ સુધીના ૧૩ વર્ષના લાંબાગાળામાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાનો વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે.

આ ઉપરાંત નાણા મંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં રાજ્ય સરકારે નાણાકીય વ્યવસ્થાપનમાં પણ મજબૂત શિસ્ત જાળવી છે. નાણાકીય જવાબદારી અને અંદાજપત્ર વ્યવસ્થાપન અધિનિયમ મુજબ રાજ્યના કુલ એકંદર ઘરગથ્થું ઉત્પાદનના સાપેક્ષમાં જાહેર દેવાનું પ્રમાણ ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે.

આ મર્યાદાની સામે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં જાહેર દેવાનું પ્રમાણ માત્ર ૧૪.૬૫ ટકા જેટલું નીચું રાખવાનું આયોજન કરીને ઉત્કૃષ્ટ નાણાકીય વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારનું દેવું એ રાજ્યના વિકાસકાર્યો અને મૂડી ખર્ચ માટેનું એક મહત્વપૂર્ણ સંસાધન છે, જેનો ઉપયોગ જનહિતના કામો માટે કરવામાં આવે છે.

ગુજરાત સરકારના બજેટમાં સિંહફાળો વિકાસલક્ષી કાર્યો પાછળ ખર્ચવામાં આવે છે. નાણા મંત્રીશ્રીએ રજૂ કરેલા વર્ષ ૨૦૨૬-૨૭ના કુલ રૂ. ૪ લાખ કરોડથી વધુના બજેટમાંથી રૂ.૨.૬૨ લાખ કરોડથી વધુ એટલે કે, લગભગ ૬૫ ટકાથી વધુ બજેટ વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવવામાં આવ્યું છે, જેથી રાજ્યના નાગરિકોની જનસુખાકારીમાં વધારો કરી શકાય. ગુજરાત સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસલક્ષી ખર્ચનું પ્રમાણ સતત જાળવી રાખીને જનતાના કલ્યાણને પ્રાધાન્ય આપ્યું છે.

રાજ્યમાં કુદરતી આફતોના સમયે નાગરિકોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ ભંડોળ હેઠળ કુલ રૂ.૮,૧૫૧ કરોડથી વધુની સહાય મળી છે. જેમાં, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ.૫,૮૫૨.૮ કરોડ, સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ.૧,૧૪૧.૪૦ કરોડ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ. ૧,૦૭૬.૨૩ કરોડ અને નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ.૮૦.૮૮ કરોડની સહાય રાજ્ય સરકારને મળી છે.

ગુજરાત તેની મર્યાદિત દેવાકીય જવાબદારીઓ, ઊંચા વૃદ્ધિ દર અને મોટા પાયે થતા વિકાસલક્ષી ખર્ચને કારણે આજે રાષ્ટ્રનું ગ્રોથ એન્જિન બન્યું છે.